**એકમ.૧ : પાઠ આયોજન**
**૧.૧ ગદ્ય-પદ્ય અને વ્યાકરણના છૂટા અને એકમ પાઠોના આયોજન તેના સોપાન અને ઉદાહરણો**
**૧.૨ સંસ્કૃતમાં નિદાનાત્મક, ઉપચારાત્મક શિક્ષણ: સંકલ્પના, મહત્ત્વ (એકમ પાઠના સંદર્ભમાં)**

**એકમ.૨ : વર્ગશિક્ષણની પ્રવૃત્તિઓ**
**૨.૧ અનુલેખન, શ્રુતલેખન અને ગાન**
**૨.૨ વર્ગેતર પ્રવૃત્તિઓ**
**(૧) ભીંતપત્રો**
**(૨) બાહ્ય પરીક્ષકો**
**(૩) રમત દ્વારા સંસ્કૃત શિક્ષણ**
**(૪) સંસ્કૃત સંભાષણ**
**(૫) સંસ્કૃત સામયિકોનો પરિચય (વધુમાં વધુ બે)**

**એકમ.૩ : સંસ્કૃતમાં મૂલ્યાંકન**
**૩.૧ મૂલ્યાંકનનું મહત્વ**
**૩.૨ પ્રશ્નપત્ર સંરચના અને આદર્શ પ્રશ્નપત્રના લક્ષણો**
**૩.૩ વસ્તુલક્ષી કસોટી અને તેના ૪ પ્રકારો જેમાં**
**(૧) જોડકા**
**(૨) બહુવિકલ્પ**
**(૩) ખાલી જગ્યા અને**
**(૪) સંબંધ ઘટાયક કસોટીઓ**

**એકમ.૪ : પાઠ્યપુસ્તકના લક્ષણો અને તેની સમીક્ષા**
**૪.૧ ધોરણ-૭, ૮ અને ૯ના પ્રવર્તમાના પાઠ્યપુસ્તક અનુસાર પુસ્તકની સમીક્ષા**
**૪.૨ પુસ્તકના આંતરિક, બાહ્ય લક્ષણો**

1. પ્રસ્તાવના
કોઈપણ કાર્ય કરતાં પહેલાં તેના અંગે પૂર્વીવચારણા કરવામાં આવે તો તે કાર્યનાં અપેક્ષિત પરિણામો પ્રાપ્ત કરી શકાય છે. આ પૂર્વવિચારણા એટલે આવોજન. આયોજન એ સાધનો અને શક્તિનો કરકસરયુક્ત ઉપયોગ કરી ચોક્કસ સમયમાં અપેક્ષિત હેતુઓને સિદ્ધ કરવાની યોજના છે. ગૂતિકના મતાનુસાર, ‘જે કરવાનું છે તેની વિસ્તૃત રૂપમાં રૂપરેખા તૈયાર કરવી અને સાહસ કે કાર્ય માટે નિયત કરેલા ધ્યેયની સિદ્ધિ માટે જે પદ્ધતિનો ઉપયોગ કરવાનો હોય તે નક્કી કરવાં.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

કોઈ કાર્યને સાકાર બનાવવા, તેને મૂર્તિમંત બનાવવા યોજના ઘડવી, તેની પ્રત્યેક નાની નાની હકીકતો અને વિગતોનો વિચાર કરવો તથા એ સૌના અમલ માટે પગથિયાવાર વિવિધ પ્રયુક્તિઓનો ખ્યાલ કરી લેવો અને અંતે તે સઘળું દક્ષતાપૂર્વક પૂર્ણ થયા પછી કયા પરિણામોની નિષ્પત્તિ થશે તે નક્કી કરવું-આ પ્રકારની પ્રક્રિયાને આયોજન તરીકે ઓળખી શકાય.

'કયાં છે ? ક્યાં જવું છે ? લક્ષ્યાંક શી રીતે પ્રાપ્ત કરવો છે ? લક્ષ્યાંકે પહોંચવા કોની કોની સહાય લેવાની છે ? કેટલી સહાય લેવાની છે? લક્ષ્યાંક પ્રાપ્ત કરવામાં ક્યાં અવરોધો આવશે ? એ અવરોધો શી રીતે દૂર કરી શકાશે ?'.... વગેરેનો માનસિક વિચાર કે ચિંતન કરવું એ જ આયોજન. કોઈપણ પ્રવૃત્તિ કે યોજનાને સફળતાપૂર્વક પાર પાડવા માટે તેના વિવિધ પાસાંઓનું ઝીણવટભર્યું ચિંતન, આ ચિંતનની એક તલસ્પર્શી, સુવ્યવસ્થિત નોંધને આયોજન કહી શકાય.

2. પાઠ આયોજનની સંકલ્પના એટલે શું?

પાઠ આયોજન પાઠની પૂર્વતૈયારીની એક રૂપરેખા છે. વિષયાંગ શીખવવાની કાર્ય પદ્ધતિની સંકલિત, શાબ્દિક રૂપરેખા એટલે પાઠ આયોજન પાઠ આયોજન માટે તાસ આયોજન, દૈનિક આયોજન અને વ્યક્તિગત આયોજન જેવા પર્યાય શબ્દો વપરાય છે. પાઠ આયોજન એટલે વર્ગમાં એક તાસ દરમિયાન જે મુદ્દો શીખવવાનો છે તેને શીખવવા માટેની જુદી જુદી તરેહથી કરેલી વિચારણા – વર્ગશિક્ષણ પહેલાંની શિક્ષક દ્વારા થતી આ ક્રિયાત્મક અવસ્થા છે.

- પાઠ આયોજન એટલે શૈક્ષણિક હેતુઓની પ્રાપ્તિ માટે શિક્ષક જે ક્રિયાઓનું આયોજન કરે તેનો આલેખપત્ર. - બોસિંગ
- હેતુઓને વ્યાખ્યાયિત કરવા, પાઠ્યવસ્તુની પસંદગી અને તેની ક્રમબદ્ધ ગોઠવણી કરવી તથા પાઠ્યવસ્તુની રજૂઆત માટેની પદ્ધતિ અને પ્રક્રિયાઓ નક્કી કરવી એટલે પાઠ આયોજન. - વિનિંગ અને વિનિંગ
- પાઠ આયોજન એ શિક્ષક દ્વારા થતું, વર્ગવ્યવહારને અમલમાં મૂકવા માટેના કાર્યક્રમ રૂપ પૂર્વદર્શનની રૂપરેખા હોય છે. -ભાટિયા અને અરોરા

- પાઠ આયોજન એ વર્ગમાં કાર્ય કરવાની માનસિક અને સાંવેગિક રીતે વિદ્યાર્થીઓને અનુભવો પૂરા પાડવાની શિક્ષકની યોજના છે.
  - લેસ્ટર સ્ટેન્ડ

- પાઠ આયોજન એ હકીકતમાં કાર્યયોજના છે, જેથી તેમાં શિક્ષકનું ક્રિયાકૌશલ્યનું, તેનું તાત્ત્વિક જ્ઞાન, તેનું વિદ્યાર્થી સંબંધિત જ્ઞાન, શિક્ષણના લક્ષ્ય સંબંધિત જ્ઞાન, શિક્ષણ સંબંધી સામગ્રીનું જ્ઞાન તથા પ્રભાવશાળી પ્રવિધિ, પદ્ધતિના વિનિયોગની એની યોગ્યતા પણ સમાયેલી છે.
  -લેસ્ટર સેન્કસ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED COLLEGE-RAJKOT

- પાઠ આયોજન એટલે અમલમાં મૂકવાની યોજનાની બધી જ પ્રવૃત્તિઓ. પાસાં, પ્રક્રિયાઓ અને વિગતોનું અગાઉથી કરેલું માનસિક પ્રત્યક્ષીકરણનું વાસ્તવિક લેખિત સ્વરૂપ.
- આમ, પાઠ આયોજન એટલે......
- કોને, ક્યારે, ક્યાં, કેટલા સમયમાં, શું શીખવવાનું છે ?
- શા માટે, શી રીતે, કયાં સાધનો, કઈ પદ્ધતિઓ કે પ્રવૃત્તિઓ, અભિગમોથી શીખવવાનું છે ?
- કયા અને કેવા પ્રશ્નો દ્વારા, કયા ઉદ્દીપકો દ્વારા શીખવવાનું છે ?
- ક્યા પ્રકારની પ્રવૃત્તિઓ કરવાની છે કે અપનાવવાની છે ?
- કયા પ્રકારની મૂલ્યાંકન સ્વાધ્યાય પ્રવિધિ ઉપયોગમાં લેવાની છે?
- ચોકબોર્ડ નોંધનું સ્વરૂપ કેવું રાખવાનું છે ?

.....જેવા પ્રશ્નોનો રામબાણ ઉત્તર કે શિક્ષકે સૂઝપૂર્વકની તાર્કિક વિચારણા કરીને લેખિત સ્વરૂપ આપ્યું હોય.

૩. પાઠ આયોજનની પૂર્ત શરતો :-

પાઠ આયોજનની સંકલ્પનાત્મક સમજ પરથી ખ્યાલ આવે છે કે, પાઠ આયોજન માટે જ્ઞાન, ક્ષમતાઓ, સમજ, અનુભવ અને કૌશલ અનિવાર્ય ગણાય. જેથી કોઈ ભિનતાલીમી અને બિનઅનુભવી વ્યક્તિ શિક્ષણપાઠનું આયોજન કરે અને કોઈ આ તાલીમી અને અનુભવી શિક્ષક શિક્ષણ પાઠનું આયોજન કરે તો તફાવત જોવા મળે જ મળે. કારણ કે શિક્ષણ એ આજીવન ચાલતી પ્રક્રિયા હોવા છતાં શિક્ષણકાર્ય - ઔપચારિક શિક્ષણકાર્ય એ 'કોમન મેન બિઝનેસ' નથી, તજ્જ્ઞ કાર્ય છે. આથી જ પાઠ-આયોજન અંગે કેટલીક પૂર્વ શરતો છે, જે આયોજનકર્તાએ પૂરી કરવી જ રહી.

∆ પૂર્વશરતો :

વિષયનું જ્ઞાન, માહિતી, સ્વરૂપ અને વિષયવસ્તુ સંબંધી કૌશલ્યો પર પ્રભુત્વ હોવું જોઈએ. વિષયવસ્તુની સ્પષ્ટ સમજ માટેનાં ઉદાહરણો શિક્ષક પાસે હોવાં જોઈએ.

બાળકોની અધ્યયન ક્ષમતાઓ, વૈયક્તિક તફાવતો, માનસિક વિકાસ, વયકક્ષા અને અધ્યયનના સિદ્ધાંતોનું જ્ઞાન હોવું જોઈએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

અધ્યાપનના સિદ્ધાંતો, પ્રવૃત્તિઓ કે પદ્ધતિઓનું જ્ઞાન અને ઉપયોગનું કૌશલ અનિવાર્ય ગણાય.

શિક્ષણનાં ધ્યેયો, સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓ અંગેની વિશદ્- સ્પષ્ટ સમજ અને તેઓ વચ્ચેના તફાવતની સમજ હોવી જોઈએ.

વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનની સ્પષ્ટતા હોય તો જે જ્ઞાન આપવાનું છે તેના આયોજનના આધારની વિચારણા થઇ શકે.

અધ્યાપનનાં સાધનો અને તેના ઉપયોગનું જ્ઞાન હોવું જોઈએ.

વિષયની સાથે સંકળાયેલા અનુબંધિત વિષયોનું જ્ઞાન હોવું જોઈએ.

ઉપરોક્ત પૂર્વ શરતોને આધારે અધ્યાપનકાર્યને વધુ રસપ્રદ બનાવનારી બાબતોના સમાવેશ સાથે પરિસ્થિતિ અનુસાર પરિવર્તન થઇ શકે તે રીતે આયોજન થાય તો શિક્ષકની કાર્યક્ષમતા વધશે.

4. પાઠ આયોજનનું મહત્વ

પાઠ આયોજન એ અધ્યયનલક્ષી વર્ગવ્યવહારની રૂપરેખા છે. આ રૂપરેખા શિક્ષક દ્વારા તૈયાર થાય છે અને અમલીકરણ પણ તે જ કરે છે. આયોજન એ નિશ્ચિત સમયમાં ચોક્કસ હેતુઓની સિદ્ધિ માટે અમલમાં મુકાય છે ત્યારે તેના આયોજનમાં જેટલી સૂઝબૂઝ રખાઇ હોય તેટલી તેની ઉપયોગિતા વધે. પાઠ આયોજન નીચે જેવી બાબતો માટે મહત્ત્વનું છે.

શિક્ષકને પૂર્વતૈયારીની તક મળતાં તેનો આત્મવિશ્વાસ વધે છે.

સમયમર્યાદાને ધ્યાનમાં રાખી, નિશ્ચિત સમયમાં, નિશ્ચિત ધ્યેયોની સિદ્ધિ માટે શિક્ષક વિષયવસ્તુના મુદ્દાની ગોઠવણ અને કાર્યપદ્ધતિ ગોઠવી શકે છે.

વર્ગશિક્ષણ દરમ્યાન ઉદ્‌ભવનારા પ્રશ્નો, મૂંઝવણો, સમસ્યા કે અવરોધોનું પૂર્વદર્શન કરી, તેના ઉપાયો યોજી શકે છે.

વિષયવસ્તુના પ્રારંભ માટેની પ્રયુક્તિઓ અને અમલીકરણ અંગે વિચારી શકાય છે.

વર્ગકાર્ય દરમ્યાન કઇ પ્રવૃત્તિઓ આપવી, વિદ્યાર્થીઓનો ભૌતિક સહયોગ કયાં અને કેવી રીતે મેળવવો, કયા શૈક્ષણિક અનુભવો પૂરા પાડવા, મૂલ્યાંકન સ્વાધ્યાયમાં કયા પ્રશ્નો પૂછવા, કઇ વર્ગવ્યવહારની તરાહો પ્રયોજવી વગેરેનો શિક્ષકને ખ્યાલ આવે છે. ઉપરાંત આ બધાંનો ક્રમિક અને સુભગ સમન્વય તે સાધી શકે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

અધ્યાપનકાર્ય માટે ઉપયોગી નીવડે તેવી સાધનસામગ્રી મેળવવામાં અને તેના વિવિધલક્ષી ઉપયોગ માટે વિચારી શકાય છે.

પાઠ આયોજન પૂર્વજ્ઞાન અને વિષયવસ્તુ સાથે અનુબંધ કેળવવામાં મદદરૂપ થાય છે. અન્ય વિષયો સાથે પણ અનુબંધ કેળવી શકાય છે.

શિક્ષકમાં લેખન, વાચન અને સર્જનની સુટેવો કેળવાય છે તથા તે ઉત્સાહી અને પરિશ્રમી બને છે.

પાઠ આયોજન શિક્ષક- વિદ્યાર્થી ઉભયનાં શક્તિ, સમય અને નાણાંનો બચાવ કરવામાં સહાયભૂત થઇ શકે છે.

યોગ્ય પદ્ધતિઓ, અભિગમો અને પ્રવૃત્તિઓનો ક્રમ ગોઠવી શિક્ષણને વધારે ફળદાયી બનાવી શકાય છે.

વિષય-વિષયાંગને અનુરૂપ મૂલ્યાંકન તરાહ પસંદ કરી હેતુઓના સંદર્ભમાં વિષયવસ્તુ તથા શિક્ષણ પદ્ધતિનું મૂલ્યાંકન થઇ શકે છે.

ચોક બોર્ડ નોંધનું વ્યવસ્થિત, આકર્ષક વિગતપૂર્ણ સ્વરૂપ નિશ્ચિત થઇ શકે તથા તેનો સંક્ષેપ કરવાનું વિચારી શકાય છે.

અધ્યયન-અધ્યાપન વ્યવહારને સરળ બનાવી શકાય છે.

વર્ગના તમામ વિદ્યાર્થીઓને સાથે રાખી સક્રિય શિક્ષણકાર્ય થઇ શકે છે.

સમયપત્રકના બંધનમાં રહેવા છતાં શિક્ષણનું સાતત્ય જાળવી શકાય છે.

વિદ્યાર્થીઓની અપેક્ષાઓને સંતોષવામાં આયોજન મદદરૂપ બને છે.

આયોજન શિક્ષણ પ્રક્રિયાને નાવીન્યપૂર્ણ બનાવે છે.

આયોજનથી વર્ગ વાતાવરણ જીવંત અને તાજગીપૂર્ણ બનતાં વિદ્યાર્થીઓને શીખવામાં - અધ્યયનમાં રસ વધે છે.

અન્ય શિક્ષકો, અધ્યાપકો તથા સહાયકોનો યોગ્ય સહકાર મેળવી પાઠની ગુણવત્તામાં વધારો કરી શકાય છે.

ટૂંકમાં, શૈક્ષણિક પ્રક્રિયાની નિષ્પત્તિ માટે પાઠ આયોજનનું સ્થાન માનવશરીરમાં રહેતા હૃદયના સ્થાન જેટલું મૂલ્યવાન છે. ખરેખર તે શિક્ષણનો અરીસો છે. આથી જ એક કેળવણીકારે કહ્યું છે કે, જીવનનાં બીજાં કાર્યોની જેમ પાઠનું પણ શિક્ષકે આયોજન કરવું પડે. કારણ કે પૂર્વ વિચારણા અને તૈયારી વિના વર્ગમાં અપાતો પાઠ ધ્યેયબિંદુએ પહોંચવા કરતાં આડો—અવળો વિશેષ જાય છે અને સમય, શક્તિ અને માનસિક સ્થિતિનો બગાડ થાય છે. ડો. ટી.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

રેમન્ટ પાઠ આયોજનનું મહત્ત્વ દર્શાવતાં નોંધે છે કે, શિક્ષકના આયોજનમાં આયોજનનાં પગથિયાંનો ભલે લેખિત સ્પષ્ટ નિર્દેશ ન રહે, પરંતુ તેના સુઅધ્યાપનમાં ગર્ભિત રીતે તે રહેવાનાં જ અને જો શિક્ષક ડાહ્યો હશે તો પોતે હવે પગથિયાંની સીધી સહાય વગર શીખવી શકે છે, તેનું મિથ્યાભિમાન ધરી, તેનો તિરસ્કાર નહિ કરે.'

5. ગદ્ય શિક્ષણ

[A] ગદ્યશિક્ષણના મહત્ત્વના ઉદેશો : ગદ્યશિક્ષણના હેતુઓ નીચે મુજબ છે.

- વિદ્યાર્થી સંસ્કૃતગદ્યનું શુદ્ધ, સ્પષ્ટ અને ભાવવાહી વાચન કરતાં શીખે.
- સંસ્કૃત ગદ્યનું વાચન યોગ્ય ઝડપથી કરતાં શીખે
- સંસ્કૃત ગદ્યમાં વિદ્યાર્થીની અર્થગ્રહણ શક્તિ વિકસે.
- વિદ્યાર્થી સરળ સંસ્કૃત વાકયરચના સમજે.
- વિદ્યાર્થીનું સંસ્કૃત શબ્દભંડોળ વધે.
- વિદ્યાર્થી સંસ્કૃત ગદ્યની સુંદરતા, અર્થસભરતા સમજે.
- વિદ્યાર્થીની વિચારશક્તિ વિકસે.
- વિદ્યાર્થી તુલનાત્મક દષ્ટિબિંદુ કેળવે.
- વિદ્યાર્થી શુદ્ધ સંસ્કૃત ઉચ્ચાર કરતાં શીખે.
- વિદ્યાર્થી સંસ્કૃત ગદ્યનું માતૃભાષામાં અનુવાદ કરી શકે.
- વિદ્યાર્થી સંસ્કૃત ગદ્ય સાહિત્યથી પરિચિત થાય
- વિદ્યાર્થી સંસ્કૃત ગદ્ય સાહિત્ય પ્રત્યે અભિરુચિ કેળવે.

[B] ગદ્યપાઠનું આયોજન કરતાં ધ્યાનમાં રાખવાની બાબતો : શિક્ષકે નીચેની બાબતો ગદ્યશિક્ષણના આયોજનમાં ધ્યાનમાં રાખવી જોઈએ.

- ગદ્યખંડનો ઊંડાણપૂર્વક અને સંપૂર્ણ અભ્યાસ કરવો.
- ગદ્યમાં આવતા પૌરાણિક ઉલ્લેખ કે પ્રસંગ અંગે માહિતી મેળવવી.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- ગદ્યમાં આવતા વ્યાકરણના મુદ્દાઓનો ઝીણવટથી અભ્યાસ કરવો.
- વિશિષ્ટ પ્રયોગોથી પરિચિત થવું.
- ગદ્યમાં વિશેષ ધ્યાન માંગી લે તેવી બાબતો અંગે વિચાર કરવો.
- ગદ્ય શિક્ષણને ઉચિત ન્યાય આપવા કે સમૃદ્ધ બનાવવા પૂરક માહિતી આપવી પડે તો સંદર્ભો દ્વારા પ્રાપ્ત કરવી.
- ગદ્યશિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં વિકસાવવાનાં વલણો, મૂલ્યો નક્કી કરવાં.
- શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન વિચારવું.
- શૈક્ષણિક સાધનોની આવશ્યકતા વિચારવી.
- શૈક્ષણિક કાર્યને રસપ્રદ અને અસરકારક બનાવવા આયોજન વિચારવું.

આ રીતે શિક્ષકે પૂર્વ સજ્જતા પ્રાપ્ત કરી ગદ્યપાઠનું આયોજન કરવું, પાઠ આયોજન માટે મનોવૈજ્ઞાનિક અને વ્યવહારુ ક્રમ હોય તે જરૂરી છે.

[C] ગદ્યપાઠના આયોજનનાં સોપાનો: સંસ્કૃત ગદ્યપાઠનું શિક્ષણકાર્ય કરતાં પહેલાં તેનું આયોજન કરવું ખૂબ જ મહત્ત્વનું છે. પાઠ આયોજનમાં પૂર્વ તૈયારી, એકમની વિસ્તૃત છણાવટ, મૂલ્યાંકન, સ્વાધ્યાય વગેરે અંગોને ધ્યાનમાં લેવાં જોઇએ. ગદ્યમાં શીખવવાના ભાષાવસ્તુ અને વિષયવસ્તુને ધ્યાનમાં લઈ શિક્ષકે પાઠ આયોજન તૈયાર કરવું જોઈએ. શિક્ષણકાર્ય કરતાં પહેલાં શિક્ષક માટે પાઠ આયોજન ખૂબ જ મહત્ત્વનું છે.

- પ્રસ્તાવના : નવો ગદ્યપાઠ શરૂ કરતાં પહેલાં પ્રસ્તાવના કે વિષયાભિમુખ થાય તે જરૂરી છે. આ માટે પૂર્વજ્ઞાન પર આધારિત ટૂંકી રસપ્રદ, જીવંત અને સચોટ પ્રસ્તાવના થવી જોઈએ. તે પૂર્વજ્ઞાન અને નવા જ્ઞાનને જોડતી હોવી જોઈએ. તે માટે પ્રશ્નો, પ્રસંગ, વાર્તા, શ્લોક, સુભાષિત, નાટયીકરણ જેવી યોગ્ય પ્રયુક્તિ શિક્ષકે પોતાની સૂઝબૂઝથી ઉપયોગમાં લેવી જોઈએ, જેથી પ્રસ્તાવના સ્વાભાવિક બને.

પૂર્વભૂમિકા બાદ હેતુકથન દ્વારા પૂર્વજ્ઞાન અને નવા જ્ઞાનને જોડી શીખવવાના વિષયની રજૂઆત કરવામાં આવે છે.

∆ વિષય નિરૂપણ : વિષય નિરૂપણ કરવા નીચેનાં જેવાં સોપાનોને અનુસરવું પડે છે.

[1] આદર્શ પઠન : શિક્ષક શુદ્ધોચ્ચારસહ સુશ્રાવ્ય પઠન કરે છે. સસ્વર અને યોગ્ય ગતિથી પઠન કરે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

[2] મૂકવાચન : વિદ્યાર્થીઓ મૌન રહી ગદ્યનું વાચન કરે છે અને એમનો અર્થ સમજવા પ્રયત્ન કરે છે. જરૂર જણાય તો શિક્ષક આદર્શ પઠન બાદ મૌન પઠન કરાવે છે, જેથી વિદ્યાર્થીઓ ગદ્યના એકમને સમજી ચર્ચામાં ભાગ લેવા તૈયાર થઇ શકે છે.

[3] મુખવાચન : કેટલીકવાર મૂકવાચનને બદલે મુખવાચન કરાવવામાં આવે છે, જેમાં વિદ્યાર્થી શુદ્ધોચ્ચાર, યોગ્ય આરોહ-અવરોહ સહ ભાવવાહી વાચન કરે તે જરૂરી છે. આવું વાચન કેટલીકવાર ગદ્યની ચર્ચાને અંતે પણ આપવામાં આવે છે.

∆ વિષયવસ્તુની ચર્ચા : વાચન બાદ ગદ્યની ચર્ચા કરવા પ્રશ્નોત્તરી, કથન,

- પૂરકચર્ચા, વિવરણ અને સમજૂતી જેવી પ્રયુક્તિઓના ઉચિત ઉપયોગ દ્વારા ગદ્યના વિષયવસ્તુની સમજ આપી શકાય. ચર્ચા દરમ્યાન શિક્ષકે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી આવશ્યક છે, જેથી ચર્ચા અસરકારક બને.
- પ્રશ્નોત્તરી સરળ, સ્પષ્ટ, નાના વાક્યોમાં અપેક્ષિત ઉત્તરવાળી હોવી જોઇએ.
- વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃતમાં પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર આપે.
- નાનાં નાનાં વાક્યોમાં સંવાદ રજૂ કરે.
- આસપાસના સંદર્ભોનો ઉપયોગ કરી વાક્ય પ્રયોગ કરાવી શકાય.
- ઉદાહરણ, શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી વિચાર-વિષયાંગ સ્પષ્ટ કરી શકાય.
- પાઠમાં આવતા અપરિચિત શબ્દોના અર્થ ચર્ચા દરમ્યાન વિવિધ પ્રયુક્તિઓ દ્વારા રજૂ કરી શકાય.
- પાઠમાં આવતા વ્યાકરણના ખ્યાલો તથા વિશિષ્ટ પ્રયોગો વિવિધ ઉદાહરણ દ્વારા ચર્ચા દરમ્યાન સ્પષ્ટ કરી શકાય.
- ચર્ચાિને આધારે તારવેલ મુદ્દા ચર્ચાની સાથે કૃષ્ણફલક પર નોંધવા.
- વિષય નિરૂપણના અંતે સારરૂપ પ્રશ્નો પૂછી શીખવેલ મુદ્દાઓનું દઢીકરણ થઇ શકે.
- જરૂર જણાય ત્યાં અને ત્યારે ગદ્યનો અનુવાદ કરાવી શકાય.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- શિક્ષણકાર્ય દરમ્યાન જરૂરી શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓની સક્રિય સામેલગીરી રહે તે જોવું.

મૂલ્યાંકન : શિક્ષણકાર્યના અંતે વિવિધ પ્રકારની કસોટીઓ દ્વારા શીખવેલ વિષયવસ્તુનું મૂલ્યાંકન કરવામાં આવે છે. એકમ શીખવવાના જે વિશિષ્ટ હેતુઓ નક્કી કરેલ હોય તેની ચકાસણી-મૂલ્યાંકન થઇ શકે તેવા વિવિધ પ્રકારના કસોટી પ્રશ્નો દ્વારા મૂલ્યાંકન થઇ શકે.

સ્વાધ્યાય : એકમ પર આધારિત વિદ્યાર્થીના પ્રાપ્ત જ્ઞાનનું દઢીકરણ પુનરાવર્તન થઇ શકે તેવું, વિદ્યાર્થી જાતે અધ્યયન કરી તૈયાર કરી શકે તેવું, વિવિધ પ્રકારનું સ્વાધ્યાય ગૃહકાર્ય માટે આપવું જોઈએ.

[ D ] **ગદ્ય પાઠની આયોજન નોંધ: [ 1 ] અને [ 2 ]**

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## ગદ્ય પાઠની આયોજન નોંધ - (1)

તાલીમાર્થીનું નામ : ______________________

શાળાનું નામ : ______________________

તારીખ : ________ ધોરણ : 8

તાસ : ________ સમય : ________

વિષય : સંસ્કૃત વિષયાંગ : मनुष्यसिंह्योः मैत्री

પદ્ધતિ : 1 પદ્ધતિ : 2

- **સામાન્ય હેતુઓ :**
  - વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃત વાંચતાં શીખે.
  - વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃત સમજી શકે.
  - વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃતનો માતૃભાષામાં અનુવાદ કરી શકે.
  - વિદ્યાર્થીઓ સંસ્કૃતના પ્રાથમિક જ્ઞાનનો ઉપયોગ કરે.
  - વિદ્યાર્થીઓમાં અપેક્ષિત ગુણો તથા મૂલ્યોનો વિકાસ થાય.
- **શૈક્ષણિક પદ્ધતિઓ :**
  - પ્રશ્નોત્તર પદ્ધતિ
  - કથનચર્ચા પદ્ધતિ
  - નૂતન (મનોવૈજ્ઞાનિક) પદ્ધતિ
- **શૈક્ષણિક પ્રયુક્તિઓ :**
  - કથન પ્રયુક્તિ
  - પ્રશ્નોત્તર પ્રયુક્તિ
  - અનુવાદ પ્રયુક્તિ
  - સંદર્ભ પ્રયુક્તિ
  - તુલનાત્મક પ્રયુક્તિ
  - વાક્યપ્રયોગ પ્રયુક્તિ
- **સંદર્ભસાહિત્ય :**

| ક્રમ | પુસ્તકનું નામ | પ્રકાશક | લેખક | પાન નંબર |
|---|---|---|---|---|
| 1. | સંસ્કૃત શિક્ષણની હેન્ડબુક | નીરવ પ્રકાશન અમદાવાદ | પી. કે. આકુવાલા | |



RAJKOT

| વિશિષ્ટ હેતુઓ | શૈક્ષણિક મુદ્દા | શૈક્ષણિક સાધનો |
|---|---|---|
| – વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનની ચકાસણી કરવી.<br>– વિદ્યાર્થીઓને નવું જ્ઞાન મેળવવા ઉત્પ્રેરિત કરવા.<br>– વિદ્યાર્થીઓ એકમથી પરિચિત થાય. | માણસ અને પશુની મૈત્રી.<br>પશુની વફાદારી<br>પશુ માણસનો વફાદાર સેવક<br>**હેતુ કથન :**<br>मनुष्यसिंहयोः मैत्री<br>ગદ્યપાઠ પઠન | – જંગલનું પ્રાકૃતિક દૃશ્ય<br>– ગુજરાતનો નકશો<br>પહાડ અને નદીનું ચિત્ર |
| – વિદ્યાર્થીઓ ગદ્ય પાઠનું શુદ્ધોચ્ચારપૂર્વક પઠન કરી શકે.<br>– વિદ્યાર્થીઓ ગદ્ય પાઠના વિષયવસ્તુથી પરિચિત થાય. | **ગદ્ય ચર્ચા :**<br>– सौराष्ट्र प्रदेशे मोटी मौणपरी नामकः ग्रामः<br>– तत्र मात्रावालः नामकः कृषीवल आसीत्<br>– एकदा नद्याःतटे जलपानार्थसिंह आगतः<br>– जलेस्थित मकरः सिंहस्य भार्यायाः वधम् अकरोत् ।<br>– मकरः सिंह मध्ये घोर युद्धम् अभवत्<br>– सिंह क्षतिग्रस्त अभवत्<br>– मात्रवालः क्षतिग्रस्त सिंहस्य शूश्रूषाम अकरोत् | મહારાણા પ્રતાપ અને ચેતકનું ચિત્ર<br>સિંહ અને ગુલામનું ચિત્ર |
| – વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃત બોલી શકે.<br>– વિદ્યાર્થીઓ ગદ્યનો માતૃભાષામાં અનુવાદ કરી શકે. | – एवं तयोः मध्ये मैत्री अभवत् ।<br>– પ્રાચીન કાળથી માનવ અને પશુની મૈત્રી<br>– ખેતી જેવા વ્યવસાયમાં પશુઓની સહાયતા | ઘાયલ સિંહ અને માત્રાવાળા ખેડૂતનું ચિત્ર |
| – વિદ્યાર્થીઓમાં પશુઓ પ્રત્યે સહાનુભૂતિ અને મૈત્રીભાવ વિકસે.<br>– વિદ્યાર્થીઓ અપરિચિત શબ્દોના અર્થ જાણે. | – ગાયની માતા તરીકે પૂજા<br>– ઘોડાનો સવારીમાં ઉપયોગ<br>– ઊંટ માલવાહક પશુ, રણનું જહાજ<br>**અપરિચિત શબ્દો :**<br>कृषिवाटिका (વાક્ય પ્રયોગ દ્વારા)<br>नदी (પર્યાય શબ્દ દ્વારા) | |
| વિદ્યાર્થીઓ સંધિ વિગ્રહ કરી શકે. | भार्या (પર્યાય શબ્દ દ્વારા)<br>क्षेत्रम् (વાક્ય પ્રયોગ દ્વારા)<br>निधनम् (શબ્દના ઉપયોગ દ્વારા)<br>जलपानार्थम्<br>[illegible]<br>तत्रैव | |

| શિક્ષકની પ્રવૃત્તિઓ | વિદ્યાર્થીની પ્રવૃત્તિઓ | મૂલ્યાંકન |
|---|---|---|
| શિક્ષક નીચેના જેવા પ્રશ્નો દ્વારા વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનની ચકાસણી કરશે.<br>– સૌરાષ્ટ્ર પ્રદેશ ક્યાં આવેલો છે ? (ગુજરાતનો નકશો રજૂ કરીને)<br>– ગુજરાતમાં સિંહોનું અભયારણ્ય ક્યાં આવેલું છે ?<br>– કયા પ્રાણીને વનનો રાજા કહેવામાં આવે છે.<br>– સરકસમાં પહેલાં કયા પ્રાણીઓને મનોરંજન માટે પ્રસ્તુત કરવામાં આવતાં હતાં ?<br>– આપણા દેશ માનવ અને પશુઓના સંબંધ કેવો રહ્યો છે ? | | વિદ્યાર્થીઓના ઉત્તરો પરથી મૂલ્યાંકન થશે. |
| શિક્ષક હેતુકથન કરી એકમની રજૂઆત કરશે.<br>શિક્ષક ગદ્યપાઠનું આદર્શ પઠન કરશે.<br>શિક્ષક નીચે જેવા પ્રશ્નો દ્વારા શૈક્ષણિક સાધનોની મદદથી ગદ્યપાઠની ચર્ચા કરે.<br>ચર્ચા દરમિયાન અપરિચિત શબ્દોના અર્થ, સંધિ વિગ્રહ વગેરેનો પરિચય કરાવી કા.પા. પર નોંધ કરશે.<br>જરૂર જણાય ત્યાં વાક્યોનો માતૃભાષામાં અનુવાદ કરાવશે.<br>જરૂરી કથન દ્વારા પ્રાણીઓની સેવા દ્વારા માનવજાતને થતા લાભોની જાણકારી આપી વિદ્યાર્થીઓમાં પશુ-પ્રેમની ભાવના જાગૃત કરશે.<br>– मोटी मौणपरी नामकः ग्रामः कुत्र वर्तते ?<br>– नद्यातटे किम् आसीत् ?<br>– जले स्थितः मकरः कस्य वधम् अकरोत ?<br>– ઘાયલ સિંહની સેવા કોણે કરી ?<br>– સિંહ માત્રાવલનો મિત્ર કેવી રીતે બન્યો ?<br>– સિંહ માત્રાવલને કેવી રીતે મદદરૂપ થતો ?<br>– कस्य निधनकाले सिंहः दखितः अभवत् ?<br>– માત્રાવલના મૃત્યુ બાદ સિંહ ક્યાં | – વિદ્યાર્થીઓ શ્રવણ કરશે.<br>– વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર આપશે.<br>– વિદ્યાર્થીઓ અપરિચિત શબ્દના અર્થ આપશે.<br>– વિદ્યાર્થીઓ સંધિવિગ્રહ કરશે.<br>– વિદ્યાર્થીઓ ગદ્યનો માતૃ-ભાષામાં અનુવાદ કરશે. | – વિદ્યાર્થીઓની શ્રવણ તલ્લીનતા પરથી મૂલ્યાંકન થશે.<br>– વિદ્યાર્થીઓના ઉત્તરો પરથી મૂલ્યાંકન થશે.<br>– વિદ્યાર્થીઓ અપરિચિત શબ્દોના અર્થ આપશે તે પરથી મૂલ્યાંકન થશે.<br>– વિદ્યાર્થીઓ સંધિવિગ્રહ કરશે, તે પરથી મૂલ્યાંકન થશે.<br>– વિદ્યાર્થીઓ અનુવાદ કરશે,તે પરથી મૂલ્યાંકન થશે.<br>– વિદ્યાર્થીઓ ચર્ચામાં ભાગ લેશે, તે પરથી મૂલ્યાંકન થશે. |

| વિશિષ્ટ હેતુઓ | શૈક્ષણિક મુદ્દા | શૈક્ષણિક સાધનો |
|---|---|---|
| વિદ્યાર્થીઓ શુદ્ધ ઉચ્ચારથી મુદ્દાનું વાચન કરે. | વાચન | |
| વિદ્યાર્થીઓના પ્રાપ્ત જ્ઞાનનું મૂલ્યાંકન કરવું. | મૂલ્યાંકન કસોટી | રોલ અપ બૉર્ડ |

| શિક્ષકની પ્રવૃત્તિઓ | વિદ્યાર્થીની પ્રવૃત્તિઓ | મૂલ્યાંકન |
|---|---|---|
| सत्ताधार ग्रामस्य समीपे किं वर्तते ?<br>સત્તાધાર ગામની પાસે શું હતું ?<br>मात्राकालः प्रतिदिनं वाटिकायां<br>वृक्ष तलं स्थित्वा किं अपश्यत् ?<br>સિંહ અને સિંહણ નદી કિનારે શા માટે આવ્યાં ? | વિદ્યાર્થીઓ કા.પા. નોંધ નોટબુકમાં લખશે. | |
| ચર્ચા દ્વારા વિવિધ પ્રયુક્તિ દ્વારા અપરિચિત શબ્દોના અર્થ વિદ્યાર્થીઓ પાસેથી કઢાવશે. | વિદ્યાર્થીઓ અપરિચિત શબ્દોનો અર્થ આપશે. | |
| ચર્ચા દરમિયાન સંધિયુક્ત શબ્દોની સંધિ વિગ્રહ વિદ્યાર્થીઓ દ્વારા કરાવશે. | વિદ્યાર્થીઓ સંધિવિગ્રહ કરશે. | |
| શિક્ષક વિદ્યાર્થીઓ પાસે પઠન કરાવશે.<br>શિક્ષક વિદ્યાર્થીઓને મૂલ્યાંકન કસોટી આપી ઉત્તર આપવા જણાવશે. | વિદ્યાર્થીઓ શુદ્ધોચ્ચારપૂર્વક પઠન કરશે.<br>વિદ્યાર્થીઓ મૂલ્યાંકન કસોટીનું પઠન કરી ઉત્તરો આપશે. | વિદ્યાર્થીઓના વાચન પરથી મૂલ્યાંકન થશે.<br>મૂલ્યાંકન કસોટી :<br>**એક વાક્યમાં જવાબ આપો.**<br>(અ) માત્રાવાળા ખેડૂત ક્યાં રહેતો હતો ?<br>(બ) સિંહ ઘાયલ કેવી રીતે થયો<br>(ક) श्मशानतः सिंहः कुत्र अगच्छत् ?<br>**યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**<br>(૧) नद्याः तटे ...... आसीत्। (मंदिरम्, कृषिवाटिका)<br>(२) तयोः मध्ये ..... अभवत्। (मैत्री, घोरयुद्धम्)<br>(३) सिंह मात्रावालस्य गृहं ..... च अरक्षत् । (भार्या, क्षेत्रम्)<br>(४) दुखितः सिंहः ....... अपि अगच्छत् । (श्मशानयात्रायाम्, गुहायाम्)<br>(५) अद्यापि जनाः एतस्य .... [illegible] न शक्नुवन्ति । |

18

## કૃષ્ણફલક નોંધ

તારીખ :

વિષય : संस्कृत

ધોરણ : 8

વિષયાંગ : मनुष्यसिंहयोः मैत्री

◆ અપરિચિત શબ્દો :

कृषीवलः

कृषीवाटिका

भार्या

मकरः

अनन्तरम्

घोर

क्षतिग्रस्त

औषधानि

**संधि :**

तत्रैव = तत्र + एव

कोऽपि = कः + अपि

अद्यापि = अद्य + अपि

**पर्यायशब्द :**

दिनम् – वासरम्

कृषीवलः – कर्षकः

जलम् – नीरम्

वनम् – अरण्यम्

**હ્યસ્તન ભૂતકાળ ત્રીજો પુરુષ એકવચનનાં રૂપ**

अपश्यत्

अकरोत्

अपतत्

अभवत्

व्यवसत्

अरक्षत

**સ્વાધ્યાય :**

માનવ અને પશુની મૈત્રી ધરાવતા પ્રસંગનું આલેખન કરો.

### : પાઠ નિરીક્ષણ નોંધ :

| મૂલ્યાંકનના મુદ્દાઓ : | વિશિષ્ટતાઓ દર્શક સૂચનો : |
|---|---|
| આયોજન નોંધ | |
| પ્રસ્તાવના | |
| વિષય સજ્જતા | |
| શૈક્ષણિક સાધન-સામગ્રી | |
| કૃષ્ણ ફલક નોંધ | |
| મૂલ્યાંકન | |
| વર્ગવ્યવસ્થાપન | |
| વ્યક્તિત્વ | |
| સમગ્ર છાપ | |

તારીખ :

6. પદ્ય શિક્ષણ

[ A ] પદ્યશિક્ષણનું મહત્ત્વ : પદ્ય આદિ-સાહિત્ય સ્વરૂપ છે. ત્મઃ મ્ વ્યઃ કવિ હૃદયની સંવેદના શબ્દસ્થ બને ત્યારે કાવ્યની રચના થાય છે. કાવ્ય એ કવિ હૃદયની અભિવ્યક્તિ છે. કાવ્ય દ્વારા માનવ અને કુદરતના અદ્દ્ભુત સૌંદર્યની પ્રતીતિ થાય છે. જે શબ્દ રમણીય અર્થનું પ્રદાન કરે તે કાવ્ય છે. કાવ્ય માટે કહેવાય છે કે, Poetry is interpretation of life through imagination and emotions. પદ્ય સાહિત્ય ઘણું વિશાળ છે. પદ્યમાં થોડામાં ઘણું સમાઈ જાય છે. પદ્ય દ્વારા ભાવાત્મક વિકાસ અને ભાવાભિવ્યક્તિ સાધવાનો પ્રયત્ન થાય છે. સૌંદર્યાનુભૂતિનું ઉચ્ચ પ્રકારનું માધ્યમ પદ્ય છે, જે સૌથી વધુ હૃદયસ્પર્શી છે. પદ્યની પરિભાષા શબ્દો દ્વારા શક્ય નથી કારણ કે તે ભાવાનુભૂતિ છે. તેનું આસ્વાદન થાય તે શીખવાનો પદાર્થ નથી. કેળવણીની પ્રક્રિયામાં પદ્યનું સ્થાન મહત્ત્વનું છે. પદ્યશિક્ષણથી નીચેના લાભ થાય છે.

મહત્વ:

- પદ્યશિક્ષણ વગર ભાષાશિક્ષણ શુષ્ક લાગે છે. ભાષાશિક્ષણમાં ગદ્ય અને વ્યાકરણની શરૂઆત પણ ઘણીવાર પદ્યથી થાય છે. ગદ્યશિક્ષણને ઓપ આપવા પદ્યનો ઉપયોગ કરવામાં આવે છે.
- પદ્યસાહિત્ય વિપુલ છે. તે જ્ઞાનનો ભંડાર છે, જે આપણો અમર વારસો છે. તેનાથી પરિચિત થવા પદ્ય શિક્ષણ જરૂરી છે.
- અસરકારક વાતાવરણ ઊભું કરવા, આબેહૂબ ચિત્ર ખડું કરવા, રજૂઆતને આકર્ષક બનાવવા, વિગતોને સ્પષ્ટ કરવા ઠસાવવા પદ્યનો ઉપયોગ અસરકારક રહે છે.
- ટૂંકમાં ઘણું કહેવા પદ્ય વધુ અનુકૂળ છે.
- પદ્ય સરળતાથી કંઠસ્થ કરી શકાય છે.
- પદ્યથી આનંદની અનુભૂતિ દ્વારા ચિત્તની સ્થિરતા આવે છે.
- સૌંદર્ય ભાવનાનો વિકાસ તથા તેને પોષણ આપવાનું કાર્ય પદ્ય કરે છે.
- પદ્ય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વતંત્ર બુદ્ધિ, કલ્પનાશક્તિ વિકસે છે અને વિચારોની પરિપક્વતા આવે છે.
- પદ્ય શિક્ષણ દ્વારા મનમાં સુસંસ્કાર પેદા થાય છે. પરિણામે જીવન સુંદર અને આનંદસભર બને છે.
- જીવન પ્રત્યે તંદુરસ્ત દૃષ્ટિકોણ પેદા થાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

- સમસંવેદનાની જાગૃતિ થાય છે.
- વ્યક્તિત્વમાં પરિવર્તન આવે છે. જીવન અભિમુખતા કેળવાય છે. ઋજુતા, માર્દવ, કલાત્મક તથા સાત્ત્વિક્તાનો ભાવ વિક્સે છે, તે દ્વારા માનવતાવાદી અભિગમની ખીલવણી થાય છે.

આમ પદ્યશિક્ષણ વિના વ્યક્તિ અપૂર્ણ છે. આથી ભાષા શિક્ષણમાં પદ્યનું શિક્ષણ અનિવાર્ય છે.

[B] પદ્યશિક્ષણના ઉદ્દેશો : પદ્ય શિક્ષણના હેતુઓ નીચે મુજબ છે.

- ઉચિત લય, તાલ, આરોહ-અવરોહ સાથે પઠન-ગાન કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે.
- પદ્યની શૈલી, શબ્દ-ચિત્ર, ધ્વનિચિત્રનો આસ્વાદ માણી શકે.
- સમૂહગાન દ્વારા રસાનંદની પ્રાપ્તિ થાય.
- પદ્યના ભાવ, વિચાર તથા વાસ્તવિક્તા વચ્ચે સુસંવાદ સ્થાપવાની ક્ષમતા પ્રાપ્ત કરે.
- કાવ્યનો રસાસ્વાદ માણે.
- વાચ્યાર્થ અને ભાવાર્થ ગ્રહણ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે.
- રસવૃત્તિ પોષાય, સૌદર્યદષ્ટિ ખીલે .
- કલ્પના કરતાં શીખે.
- સંસ્કાર વારસાથી પરિચિત થાય.
- ચારિત્ર્ય સંવર્ધન થાય.
- પ્રકૃતિપ્રેમ સૌંદયનુિભૂતિની ખીલવણી થાય.
- પદ્ય સાહિત્ય પ્રત્યે અનુરાગ પેદા થાય.
- વિદ્યાર્થીની લાગણી વિકસે, હૃદય ભાવનાસભર બને.
- વિદ્યાર્થીનું ચારિત્ર્ય ઘડતર થાય.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- સંસ્કૃત પદ્યનો માતૃભાષા/રાષ્ટ્રભાષા સાથે અનુબંધ સાધી તેનો માતૃભાષા/રાષ્ટ્રભાષામાં ઉપયોગ કરે.
- ઈતર વાચનમાં રસ કેળવાય.

[ C ] પદ્યશિક્ષણના મહત્ત્વપૂર્ણ સોપાનો :

- પ્રસ્તાવના : વિષયને અનુરૂપ કાવ્યપંક્તિ, ચિત્ર, સૂક્તિ દ્વારા પ્રસ્તાવના થઇ શકે. તે દ્વારા વિદ્યાર્થીના પૂર્વજ્ઞાનની ચકાસણી થવી, તેનામાં જિજ્ઞાસા, આતુરતા, જાગૃત થવી જોઈએ. પ્રસ્તાવના સ્વાભાવિક હોવી જોઈએ. તેના દ્વારા પદ્ય શિક્ષણનું વાતાવરણ સર્જાવું જોઈએ. પ્રસ્તાવના અને વિષય રજૂઆતને સ્વાભાવિકતાથી જોડી શકવાની કુશળતા શિક્ષણમાં હોવી જરૂરી છે. જો તે કુશળતાપૂર્વક થાય તો પદ્ય શિક્ષણ માટે આત્મવિશ્વાસ જન્મે અને well begun is half done જેવું થાય.

- વિષયનિરૂપણ : વિષય રજૂઆત બાદ પદ્યશિક્ષણની શરૂઆત થાય. તેમાં સૌપ્રથમ પદ્યગાન કરવામાં આવે છે. જેમાં શિક્ષક લયબદ્ધ સસ્વર, છંદને અનુરૂપ ભાવપૂર્ણ પદ્યગાન કરે છે. પદ્યગાન આરોહ-અવરોહ યુક્ત અને અભિનયપૂર્ણ હોય તો પદ્ય શિક્ષણ માટેનું વાતાવરણ સર્જાશે. તેનાથી ભાવ સમજવામાં તથા રસગ્રહણ કરવામાં સરળતા પડશે. ત્યારબાદ વિદ્યાર્થીઓ પાસે સમૂહગાન તથા વ્યક્તિગતગાન કરાવી શકાય.

- પદ્યગાન બાદ બોધકાર્યનો આરંભ થાય છે. પદ્ય શિક્ષણમાં બોધકાર્યનું વિશિષ્ટ સ્વરૂપ હોય છે. પદ્ય શિક્ષણમાં પાંચ તત્ત્વોનું વિશ્લેષણ થવું જરૂરી છે.

- [1] ધ્વનિ સૌંદર્ય : પદ્યગાન દ્વારા પદ્યમાં રહેલા વિશિષ્ટ ધ્વનિ કે નાદ દ્વારા લાલિત્ય ભાવનો આવિર્ભાવ થાય છે. આ લાલિત્યનો અનુભવ વિદ્યાર્થીઓને કરાવવો જોઈએ.

- [2] વિચારસૌંદર્ય : કવિનો પદ્ય દ્વારા સંદેશ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનું કાર્ય તે વિચાર સૌંદર્ય છે. પદ્યમાં રહેલ સૂક્ષ્મગહન વિચારો વિદ્યાર્થી સુધી પહોંચે તે રીતે અધ્યાપન કાર્ય થવું જોઈએ.

- [3]કલ્પનાસૌંદર્ય : કવિની પદ્ય દ્વારા રજૂ થયેલ કલ્પનાનો અનુભવ વિદ્યાર્થીઓને કરાવવાનું કાર્ય કલ્પના સૌંદર્ય બોધ કહેવાય. આ અનુભવ થતાં જ વિદ્યાર્થીઓ ભાવાભિભૂત બની રસાનુભૂતિ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે.

- [4] શૈલીસૌદર્ય : પથમાં શબ્દ સૌદર્ય, પ્રાસાદિક્તા, અલંકાર, છંદ વગેરેનું સ્પષ્ટીકરણ કરવું તેને શૈલી સૌદર્ય બોધ કહે છે. શૈલી પરિચયથી પદ્ય આનંદનો અનુભવ વિદ્યાર્થી કરે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

- [5] ભાવસૌંદર્ય : કોઈ પ્રધાનભાવની અભિવ્યંજના એ પદ્યનો પ્રાણ છે. શ્રી. તેનું પ્રગટીકરણ, સ્પષ્ટીકરણ, અનુભૂતિ તે ભાવ સૌદર્ય બોધ છે. આમ, પદ્યશિક્ષણ કેવળ શાબ્દિક અનુવાદ કે સારગ્રહણ નથી પણ પદ્યની અનુભૂતિ અને રસાસ્વાદ છે. પદ્યશિક્ષણમાં બોધકાર્યમાં વ્યક્ત તત્ત્વોના સ્પષ્ટીકરણ માટે અનેક ભાષાકીય પ્રવૃત્તિઓ આદરવી પડે છે. પદ્ય શિક્ષણમાં શબ્દદેહનો પરિચય પામ્યા સિવાય ભાવરૂપી પ્રાણનો પરિચય અશક્ય છે. આથી પદાન્વય, અપરિચિત શબ્દોના અર્થ, જરૂરી વ્યાકરણ પરિચય પણ વિચાર માંગી લે છે. તે પ્રવૃત્તિ પદ્યના વાતાવરણને ખંડિત કર્યા સિવાય શિક્ષકે કુશળતાપૂર્વક યોજવી જોઈએ. ત્યારબાદ ભાવ કે વિચારને સમજે તેવી પ્રવૃત્તિઓ યોજવી જોઇએ./પદ્યશિક્ષણમાં પ્રશ્નોત્તરી, ચર્ચા, શ્યામ પટ કાર્ય વગેરેને યોગ્ય સ્થાન અપાવું જોઈએ. પદ્યના વિચાર કે ભાવને સ્પષ્ટ કરવા, તેમાં રજૂ થયેલ પ્રસંગને રજૂ કરવા પ્રશ્નોત્તરી યોજવી જરૂરી છે. વિષયનિરૂપણમાં ચર્ચાને પણ યોગ્ય સ્થાન આપવું જોઈએ. પદ્યના વિચારને વધુ સારી રીતે સ્પષ્ટ કરવા સ્પષ્ટીકરણ સાથે સંદર્ભોની રજૂઆત પણ ચર્ચામાં થવી જોઈએ. સાથે સાથે જરૂરી શ્યામ પટ કાર્ય પણ કરવું. શિક્ષકની પર્યાપ્ત તૈયારી અને યોગ્ય આયોજન હશે તો વિષયવસ્તુની રજૂઆત સુલભ બનશે, શિક્ષણકાર્ય સરળ અને અસરકારક થશે.

- મૂલ્યાંકન: વિદ્યાર્થીમાં અપેક્ષિત વર્તન પરિવર્તન થયેલ છે કે નહિ તે જાણવા શિક્ષકે મૂલ્યાંકન કસોટી યોજવી જોઈએ. તે માટે પદ્યગાન, પદ્યના વિચારોને લગતી પ્રશ્નોત્તરી કે અનાત્મલક્ષી કસોટી યોજી મૂલ્યાંકન થઈ શકે.

- સ્વાધ્યાય : પ્રાપ્ત જ્ઞાનનો વ્યાવહારિક ઉપયોગ કરી શકે. ભાષાકીય સુટેવો કેળવાય અને વિદ્યાર્થીને આનંદ પ્રાપ્ત થાય તેવો સ્વાધ્યાય આપવો જોઈએ.

- આ માટે નીચેના જેવી પ્રવૃત્તિઓ સ્વઅધ્યયન માટે આપી શકાય.

- – શ્લોક કંઠસ્થ કરવા – શ્લોકનું લેખનકાર્ય કરવું શ્લોકોનો વિચાર-વિસ્તાર કરવો.

- ટૂંકમાં, સ્વાધ્યાયમાં વૈવિધ્ય અને નાવીન્ય હશે તો વિદ્યાર્થીને સહાયરૂપ બનશે અને તે કરવામાં વિદ્યાર્થીને રસ પડશે.

- જેને અધ્યાપનમાં રસ છે, સંસ્કૃત પદ્ય પ્રત્યે પ્રીતિ છે, સમજ અને ઉત્સાહ છે, એવા શિક્ષક માટે શાળામાં સંસ્કૃત શિક્ષણ પ્રત્યે એક સ્વસ્થ અભિગમ ઊભો કરવો મુશ્કેલ નથી. જરૂર છે, હકારાત્મક દૃષ્ટિકોણની.

- [D] પદ્ય આયોજન નોંધ : [1] અને [2]

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

# પદ્ય આયોજન નોંધ : [1]

તાલીમાર્થીનું નામ : ____________________

શાળાનું નામ : ____________________

તારીખ : ________ ધોરણ : 9 તાસ : ________ સમય : ________

વિષય : સંસ્કૃત વિષયાંગ : भाति मे भारतम् (पद्य)

આ પાઠ સહિત આપેલા પાઠોની પદ્ધતિ અનુસાર સંખ્યા

પદ્ધતિ (1) : ____________ [ ] પદ્ધતિ (2) : ____________ [ ]

| | |
|---|---|
| સામાન્ય હેતુઓ : | • વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃત વાંચતાં શીખે.<br>• વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃત સમજે.<br>• વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાના મૂળતત્ત્વોનું પ્રાથમિક જ્ઞાન મેળવે.<br>• વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાને માતૃભાષામાં અભિવ્યક્ત કરી શકે.<br>• વિદ્યાર્થીઓ સંસ્કૃતના અભ્યાસ પ્રત્યે અભિરુચિ કેળવે.<br>• સંસ્કૃત શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓનું ચારિત્ર્યઘડતર થાય. |
| શૈક્ષણિક પદ્ધતિ : | • કથન–ચર્ચા પધ્ધતિ<br>• અનુવાદ પધ્ધતિ<br>• નિદર્શન પધ્ધતિ<br>• નૂતન પધ્ધતિ |
| પ્રયુક્તિઓ : | • નિદર્શન પ્રયુક્તિ<br>• પ્રશ્નોત્તરી પ્રયુક્તિ<br>• કથન–વર્ણન પ્રયુક્તિ<br>• સ્પષ્ટીકરણ પ્રયુક્તિ<br>• ગાન પ્રયુક્તિ |

| સંદર્ભ સાહિત્ય | ક્રમ | પુસ્તકનું નામ | પ્રકાશક | લેખક | પાન નંબર ...થી... |
|---|---|---|---|---|---|
| | 1 | સંસ્કૃત શિક્ષણની હેન્ડબુક | નીરવ પ્રકાશન | સી.કે. આકુવાલા | – |

| વિશિષ્ટ હેતુઓ | શૈક્ષણિક મુદ્દા | શૈક્ષણિક સાધનો |
|---|---|---|
| – વિદ્યાર્થીઓને નવું જ્ઞાન મેળવવા પ્રેરિત કરવા. | वन्दे मातरम् सुजलां . . . . . . . . . . . . . . . . . | વિંટાળફલક |
| – વિદ્યાર્થીઓ એકમથી પરિચિત થાય. | હેતુકથન | – |
| – વિદ્યાર્થીઓ લય, તાલ સાથે ભાવવાહી પદ્યગાન કરી શકે. | પદ્યગાન | પાઠ્યપુસ્તક |
| – વિદ્યાર્થીઓ પદ્યગાનનો આનંદ લે. | | |
| – વિદ્યાર્થીઓ પદ્યના વિષયવસ્તુને સમજે. | **વિષયવસ્તુની ચર્ચા** | – ભારતનો નકશો |
| – વિદ્યાર્થીઓ ભારતની સિદ્ધિઓ અને શ્રેષ્ઠતાથી પરિચિત થાય. | – પૃથ્વી પર ભારતની વૈજ્ઞાનિક સિદ્ધિઓ. | |
| | – ભારતનાં સંશોધન કાર્યો. | – વિદ્યુત ઉત્પાદન, તેલ સંશોધન, લોખંડના કારખાનાનાં ચિત્રો. |
| | – ભારતનું પ્રાકૃતિક મહત્ત્વ. | |
| – વિદ્યાર્થીઓ શ્લોકોનો ભાવવાહી સરળ અનુવાદ કરતાં શીખે. | – ભારતની હર્ષઘેલી સંસ્કૃત ભાષા | – લાલ કિલ્લો, સંસદ ભવન પર લહેરાતા રાષ્ટ્રધ્વજનું ચિત્ર. |
| | – ઉન્નત મસ્તકે લહેરાતો ભારતનો ત્રિરંગો રાષ્ટ્ર ધ્વજ. | |
| – વિદ્યાર્થીઓમાં દેશપ્રેમની ભાવના કેળવાય. | | – ઉપગ્રહ છોડવાનું ચિત્ર. |
| | – આપણો ભારત મહાન. | |
| – વિદ્યાર્થીઓ પદ્ય સાહિત્યનો રસાસ્વાદ માણે. | | |

| શિક્ષકની પ્રવૃત્તિઓ | વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ | મૂલ્યાંકન |
|---|---|---|
| શિક્ષક વિંટાળફલક પર રાષ્ટ્રગીત રજૂ કરી નીચેના જેવા પ્રશ્નો પૂછશે. | – વિદ્યાર્થીઓ પઠન કરશે. | |
| – અહીં કોને વંદન કરવામાં આવે છે ?<br>– આપણી માતૃભૂમિ કઈ છે ?<br>– ભારતની વિશિષ્ટતાઓ કઈ કઈ છે ? | – વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર આપશે. | વિદ્યાર્થીઓના ઉત્તરો પરથી મૂલ્યાંકન થશે. |
| – શિક્ષક પૂર્વજ્ઞાનને નવા જ્ઞાન સાથે સાંકળી એકમની રજૂઆત કરશે.<br>भाति मे भारतम् | – વિદ્યાર્થીઓ શ્રવણ કરશે | – |
| – શિક્ષક भाति मे भारतम् પદ્યનું આદર્શગાન કરશે. | – કાવ્યગાનનું શ્રવણ કરશે. | – વિદ્યાર્થીઓના ભાવ પરથી |
| વિદ્યાર્થીઓ પાસે સમૂહગાન કરાવશે. | – સમૂહગાન કરશે. | – કાવ્યગાન પરથી |
| – શિક્ષક નીચેના જેવા પ્રશ્નો દ્વારા એકમની ચર્ચા કરશે. ચર્ચા દરમિયાન | – વિ.ઓ પ્રશ્નોના ઉત્તર આપશે. | – ઉત્તરો પરથી |
| અપરિચિત શબ્દો તથા સંધિવિગ્રહની ચર્ચા વિવિધ પ્રયુક્તિઓ દ્વારા કરશે. | – શ્રવણ કરશે<br>– ચર્ચામાં ભાગ લેશે. | – ચર્ચા પરથી |
| ભારતની સિદ્ધિઓની વિસ્તૃત માહિતી આપશે. જરૂરી વાક્યોનો અનુવાદ કરાવશે કા.પા. તથા નોંધ કરશે. | – સંસ્કૃત વાક્યોનો માતૃભાષામાં અનુવાદ કરશે. | – અનુવાદ પરથી |
| – भूतले मे अनारतम् किम् भाति ?<br>– ભારત કઈ કઈ બાબતોના નિર્માણ અને સંશોધનકાર્યમાં સમર્થ છે ? | | |
| – भारतम् कम् उपग्रहं वियन्मण्डले अस्थापयत् ?<br>– ભારતે ક્યાં અણુવિસ્ફોટ કર્યો હતો ?<br>– ભારત અણુશક્તિને ક્યા કાર્યમાં પ્રેરે છે. | કા.પા. નોંધ નોટબુકમાં લખશે. | |
| – भारते का नदी पापसंहारिणी ?<br>– का नदी चारुसञ्चारिणी ?<br>– भारते का भाषा मोदाकुला ?<br>– त्रिरंगध्वज कुत्र उल्लसति ?<br>– उल्लसन् राष्ट्रध्वजः किं वदति ?<br>– પૃથ્વી પર આપણું શું ચમકી રહ્યું છે ?<br>– આ પદ્ય આપણને શું શીખવે છે ? | ચિત્ર, નકશા, દર્શન કરશે. | |

| વિશિષ્ટ હેતુઓ | શૈક્ષણિક મુદ્દા | શૈક્ષણિક સાધનો |
|---|---|---|
| – વિદ્યાર્થીઓ અપરિચિત શબ્દોનો અર્થ જાણે. | અપરિચિત શબ્દો<br>इन्धनान्वेषण (સંધિવિગ્રહ તથા વાક્યપ્રયોગ)<br>– लौह निष्पादन (ચિત્ર દ્વારા)<br>– अनारतम् (હાવભાવથી)<br>– भूतलं (વસ્તુ દર્શાવી)<br>– वियन्मण्डलं (ચિત્ર દ્વારા)<br>– कियत् (વાક્યપ્રયોગ)<br>– मंदाकिनी (નકશા દ્વારા)<br>– चारुसञ्चारिणी (વાક્યપ્રયોગ)<br>– मोदाकुला (વાક્યપ્રયોગ)<br>– देववाणी (વાક્યપ્રયોગ)<br>– रक्तदुर्ग (ચિત્ર)<br>– उल्लसन् (ચિત્ર)<br>– मामकम् (હાવભાવ) | આગળ દર્શાવેલ ચિત્રો |
| – વિદ્યાર્થીઓ સંધિવિગ્રહ કરી શકે. | સંધિ :<br>मेडनारतम्<br>यत्रास्ति<br>संसदश्चोत्तमाङ्गे<br>शान्तिकार्येष्वणु<br>वदत्युल्लसन् | |
| – વિદ્યાર્થીઓના પ્રાપ્ત જ્ઞાનની ચકાસણી કરવી. | મૂલ્યાંકન કસોટી | વિટાળ ફલક |

| શિક્ષકની પ્રવૃત્તિઓ | વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ | મૂલ્યાંકન |
|---|---|---|
| એકમની ચર્ચા દરમિયાન વિવિધ પ્રયુક્તિઓ દ્વારા અપરિચિત શબ્દોના અર્થ વિદ્યાર્થીઓ પાસે મેળવી કા.પા. પર નોંધશે. | – અપરિચિત શબ્દોના અર્થ આપશે.<br>– કા.પા. નોંધ નોટબુકમાં લખશે. | અપરિચિત શબ્દોના અર્થ આપશે, તે પરથી |
| – ચર્ચા દરમિયાન સંધિયુક્ત શબ્દોનો સંધિવિગ્રહ વિદ્યાર્થીઓની મદદથી કરાવશે. | – સંધિવિગ્રહ કરશે. | – સંધિવિગ્રહ પરથી |
| – શિક્ષક વિંટાળફલક પર તૈયાર કરેલ મૂલ્યાંકન કસોટી વર્ગ સમક્ષ રજૂ કરી પ્રશ્નોના ઉત્તર આપવા જણાવશે. | – વિદ્યાર્થીઓ મૂલ્યાંકન કસોટીના પ્રશ્નોના ઉત્તર આપશે. | **મૂલ્યાંકન કસોટી**<br>વિભાગ अ માં આપેલ સંસ્કૃત શબ્દોના વિભાગ ब માંથી ગુજરાતી અર્થ શોધી જોડો.<br>**अ** **ब**<br>– मोदाकुला – લાલકિલ્લો<br>– वियन्मण्डल – હર્ષઘેલી<br>– लौहनिष्पादने – સુંદર રીતે વહેતી<br>– चारु सञ्चारिणी – પેટ્રોલિયમ પેદાશોમાં<br>– रक्त दुर्गः – લોખંડ સામગ્રી બનાવવામાં<br>– આકાશમંડળ<br>– પૃથ્વીનું પેટાળ<br>**2. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો.**<br>– .... पापसंहारिणी नदी ।<br>– .... उपग्रहम् वियन्मण्डले अस्थापयत् ।<br>– .... भाषा देववाणी अस्ति ।<br>– .... मध्ये रक्तदुर्गः अस्ति । |

# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )
( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge ,Rajkot )

## કૃષ્ણફલકની નોંધ

ધોરણ : 8      તારીખ : ____________

વિષય : સંસ્કૃત      વિષયાંગ : भाति मे भारतम्

| અપરિચિત શબ્દો | સંધિ વિગ્રહ |
|---|---|
| – इन्धनान्वेषण | मे + अनारतम् = मेऽनारतम् |
| – लौहनिष्पादन | यत्र + अस्ति = यत्रास्ति |
| – अनारतम् | संसदः + च + उत्तमाङ्गे = संसदश्चोत्तमाङ्गे |
| – भूतल | शांतिकार्येषु + अणु = शान्तिकार्येष्वणु |
| – वियन्मण्डल | वदति + उल्लसन् = वदत्युल्लसन् |
| – किरत् | |
| – मन्दाकिनी | |
| – चारुसञ्चारिणी | |
| – मोदाकुला | |
| – देववाणी | |
| – रक्तदुर्ग | |
| – उल्लसन् | |
| – मामकम् | |

## સ્વાધ્યાય

- દેશપ્રેમને લગતા શ્લોકોનો સંગ્રહ કરવો.
- मे भारतम् – સંસ્કૃતમાં પાંચ વાક્યો લખવા.

## : પાઠનિરીક્ષણ નોંધ :

| મૂલ્યાંકનના મુદ્દાઓ | વિશિષ્ટતાઓ | સૂચનો |
|---|---|---|
| આયોજનનોંધ | | |
| પ્રસ્તાવના | | |
| વિષયસજ્જતા | | |
| રજૂઆત | | |
| શૈ.સાધનસામગ્રી | | |
| કૃષ્ણફલકનોંધ | | |
| મૂલ્યાંકન | | |
| વર્ગવ્યવસ્થાપન | | |
| વ્યક્તિત્વ | | |
| સમગ્ર છાપ | | |

તારીખ :      માર્ગદર્શકની સહી :

7. વ્યાકરણ શિક્ષણ

(A) વ્યાકરણ શિક્ષણનું મહત્ત્વ : વ્યાકરણ શબ્દ + 3 + F ધાતુ પરથી આવ્યો છે. તેથી વ્યાકરણ એટલે સ્પષ્ટીકરણ. ભાષાના વિવિધ પ્રયોગોનું શાસ્ત્રીય પૃથક્કરણ કરી નિયમો આપવાનું કાર્ય વ્યાકરણનું છે માટે જ વ્યાકરણને શાસ્ત્ર કહીએ છીએ. સંસ્કૃત વ્યાકરણની પ્રલંબ અને ભવ્ય પરંપરા છે. સંસ્કૃત ભાષાના અધ્યાપન માટે વ્યાકરણનું જ્ઞાન અનિવાર્યપણે આવશ્યક છે. વ્યાકરણના શિક્ષણ વિના ભાષાનું શુદ્ધજ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. વ્યાકરણ દ્વારા જ ભાષાની રચનાનું જ્ઞાન થાય છે.

△ સંસ્કૃત વ્યાકરણ શિક્ષણનું મહત્ત્વ નીચે મુજબ છે.

- સંસ્કૃત વ્યાકરણ એટલે બધું સંપૂર્ણ અને શાસ્ત્રીય પદ્ધતિએ રચાયેલ છે કે તેને કોઈ પડકાર ફેંકી શકે તેમ નથી.
- ભાષામાં ચોક્સાઈ લાવવા વ્યાકરણનું જ્ઞાન જરૂરી છે.
- શુદ્ધ ભાષા સમજવા, વાંચવા કે લખવા માટે વ્યાકરણનું જ્ઞાન જરૂરી છે. ભાષાશુદ્ધિ સિદ્ધ કરવા વ્યાકરણનો ઉપયોગ જરૂરી છે.
- ભાષાની વ્યવસ્થા અને સુરક્ષા વ્યાકરણ પર આધારિત છે. તેના વગર ભાષા અવ્યવસ્થિત અને અનેક સ્વરૂપોને પ્રાપ્ત કરી લે, તેથી ભાષાના જ્ઞાન માટે સર્વ પ્રથમ વ્યાકરણનું જ્ઞાન જરૂરી મનાય છે.
- વ્યાકરણ શબ્દના મૂળને દર્શાવી તેની મહત્તા પ્રગટ કરે છે.
- નવા શબ્દ પ્રયોગને ભાષામાં માન્યતા વ્યાકરણ દ્વારા જ મળે છે.
- સંસ્કૃત વ્યાકરણ ખૂબ જ સ્પષ્ટ અને વૈજ્ઞાનિક છે, જેથી આજે પણ તેનું સ્વરૂપ યથાવત જળવાઈ રહ્યું છે.
- સંસ્કૃત ભાષાનું વ્યાકરણ સુદઢ, વ્યાપક, સર્વાંગ, સંપૂર્ણ અને નિયમબદ્ધ છે.
- સંસ્કૃત વ્યાકરણમાં સૂત્ર પ્રથાને કારણે થોડામાં ઘણું કહેવાનું સામથ્ર્ય રહેલું છે.
- વ્યાકરણ દ્વારા જ શબ્દશુદ્ધિનું યોગ્ય જ્ઞાન થાય છે.
- તેના દ્વારા ધાતુ, પ્રત્યય વગેરેનું યોગ્ય જ્ઞાન થાય છે.
- ભાષાના કોઈપણ કાર્યક્રમમાં વ્યાકરણ સર્વત્ર અને સર્વવ્યાપી છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- ભાષા પર પ્રભુત્વ મેળવવા વ્યાકરણનું જ્ઞાન જરૂરી છે.
- ભાષાંતર કરવા માટે વ્યાકરણ ઉપયોગી બને છે.
- ભાષાનાં બધાં જ અંગો મજબૂત બને છે.
- વ્યાકરણ જ્ઞાનથી સાહિત્યમાં અભિરુચિ વધે છે.
- રજૂઆતમાં આત્મવિશ્વાસ આવે છે.
- જોડણીશુદ્ધિ અને ઉચ્ચારશુદ્ધિ આવે છે.

સંસ્કૃત વ્યાકરણની વિશિષ્ટતા વિદ્યાર્થી સમજે તો સંસ્કૃત વ્યાકરણનો જે ડર વિદ્યાર્થીઓમાં ઘર કરી ગયો છે તે દૂર થાય. ભાષા શિક્ષણમાં રસ રુચિ વધે છે. માતૃભાષાનું વ્યાકરણ પણ વધુ સ્પષ્ટ બને છે.

[B] સંસ્કૃત વ્યાકરણ શિક્ષણના હેતુઓ : સંસ્કૃત વ્યાકરણ શિક્ષણના હેતુઓ નીચે મુજબ છે.

- વિદ્યાર્થી સંસ્કૃત વ્યાકરણના વિભિન્ન અંગોનું જ્ઞાન પ્રાપ્ત કરે.
- વિદ્યાર્થી સંસ્કૃત વ્યાકરણના વિભિન્ન ઘટકોના પ્રાપ્ત જ્ઞાનનો ઉપયોગ ૭૨.
- વિદ્યાર્થી સંસ્કૃતમાં શિષ્ટ માન્ય ઉચ્ચારણ અને લેખન કરી શકે.
- વિદ્યાર્થી સંસ્કૃત સાહિત્યકૃતિના અર્થગ્રહણ અને રસાસ્વાદમાં વ્યાકરણના જ્ઞાનનો ઉપયોગ કરે.
- વિદ્યાર્થી માતૃભાષા તથા રાષ્ટ્રભાષાના અધ્યયનમાં સંસ્કૃત વ્યાકરણના જ્ઞાનનો ઉપયોગ કરે.
- વિદ્યાર્થીના ભાષા જ્ઞાનને વધુ ચોક્સાઈ મળે તથા ભાષાના વિવિધ અંગો મજબૂત બને.
- વિદ્યાર્થી સંસ્કૃત ભાષામાં વિવિધ વિશિષ્ટ પ્રયોગનો પ્રયોગ કરી શકે.
- વિદ્યાર્થી કૂટશ્લોકો સમજવામાં વ્યાકરણના જ્ઞાનનો ઉપયોગ કરે.
- વિદ્યાર્થી વ્યાકરણના જ્ઞાનથી ભાષાની વિશિષ્ટતા સમજે.
- વિદ્યાર્થી વ્યાકરણના જ્ઞાનથી સાહિત્યમાં અભિરુચિ કેળવે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED.COLLEGE-RAJKOT

- વ્યાકરણ શિક્ષણથી વિદ્યાર્થીઓમાં તર્ક કરવાની તેમજ યાદ રાખવાની શક્તિ કેળવાય.

- વ્યાકરણના જ્ઞાનથી વિદ્યાર્થીમાં ભાષાના ગુણ અને દોષ પરખવાની ક્ષમતા પેદા થાય તથા ભાષાને સુવ્યવસ્થિત કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય.

[C] વ્યાકરણ શિક્ષણના આયોજનનાં સોપાનો : વ્યાકરણ પાઠનું આયોજન અને શિક્ષણકાર્ય સામાન્ય રીતે કઠિન મનાય છે પણ શિક્ષક પાસે વિષયવસ્તુ, ભાષા અને નિયમોનું સંપૂર્ણ જ્ઞાન, ઉદાહરણોની વિપુલતા હોય તો વ્યાકરણ શિક્ષણ ક્યારે અઘરું નથી. શિક્ષક પાસે પૂર્વ તૈયારી હોય, વિષયની સમજ હોય, રસવૃત્તિ હોય, ઉદાહરણો આપવાની તથા મેળવવાની ક્ષમતા હોય તો સંસ્કૃત પાઠઆયોજન કે શિક્ષણ સરળ છે.

→ વ્યાકરણ પાઠ-આયોજનનાં સોપાન નીચે મુજબ છે.

(1) પ્રારંભ : પ્રારંભ કરવા માટે શિક્ષક સ્વતંત્ર રહે પણ કેટલીક અગત્યની બાબતો છૂટી ન જાય તે જરૂરી છે. શિક્ષક સરળ શ્લોક, ઉદાહરણ, મૌલિક કાર્ય કે વાક્યો અથવા પૂર્વજ્ઞાન પર આધારિત વ્યાકરણની ચર્ચા દ્વારા મનોવૈજ્ઞાનિક રીતે બાળકોને રસપ્રદ અભિગમથી નવો વિષય શીખવવા તરફ દોરી જવા જોઈએ.

(2) વિષય રજૂઆત : ઉદાહરણો પરથી નિયમો તારવવાની પદ્ધતિ વધુ સરળ છે તેથી શરૂઆતમાં નાનો પરિચ્છેદ કે સરળ વાક્યો રજૂ કરવા. વાક્યો એવાં હોવાં જોઈએ કે જેના દ્વારા વિદ્યાર્થી સીધો અર્થ તારવી શકે. શિક્ષક વાક્યોનું વાચન કરાવી પ્રશ્નો પૂછી શકે જેના દ્વારા વ્યાકરણના મુદ્દાની સ્પષ્ટતા થાય. જરૂરી શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો તથા ફલકનોંધ તારવવી પણ જરૂરી બને છે.

(3) સંકલન અને મૂલ્યાંકન :

- શીખવેલ એકમને અનુરૂપ પરિચ્છેદ આપવો.

- શીખવેલ મુદ્દા આધારિત વાક્ય રચના કરાવવી.

- વસ્તુલક્ષી કસોટીઓ આપવી.

- રમત પદ્ધતિ દ્વારા.

(4) સ્વાધ્યાય : જે મુદ્દો શીખવવો હોય તે લાંબા ગાળા સુધી યાદ રહે અને વિદ્યાર્થી મુદ્દાઓનાં સંદર્ભમાં સ્વતંત્ર રીતે જવાબ આપી શકે એ પ્રકારનું ગૃહકાર્ય/સ્વાધ્યાયકાર્ય આપવું.

[D] વ્યાકરણ પાઠ આયોજન : [1] અને [2] :

SHREE H.N.SHUKLA GROUP OF B.ED COLLEGE-RAJKOT

તાલીમાર્થીનું નામ : ______________________

શાળાનું નામ : ______________________

તારીખ : ________ ધોરણ : 9 તાસ : ____ સમય : ______

વિષય : સંસ્કૃત વિષયાંગ : ક્રિયાપદનો પરિચય – વર્તમાનકાળ

આ પાઠસહિત આપેલા પાઠોની પદ્ધતિ અનુસાર સંખ્યા

પદ્ધતિ (1) : ____________ [ ] પદ્ધતિ (2): ____________ [ ]

| | |
|---|---|
| સામાન્ય હેતુઓ : | • વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાનું પ્રાથમિક જ્ઞાન મેળવે.<br>• વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃત વાંચી શકે.<br>• વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃત સમજી શકે.<br>• વિદ્યાર્થીઓ સંસ્કૃતમાં સુલેખન કરી શકે.<br>• વિદ્યાર્થીઓ સંસ્કૃતના જ્ઞાનનો ઉપયોગ કરી શકે.<br>• વિદ્યાર્થીઓ સંસ્કૃત શિક્ષણમાં રસ કેળવે. |
| શૈક્ષણિક પદ્ધતિ : | • પ્રશ્નોત્તર પદ્ધતિ<br>• કથન-ચર્ચા પદ્ધતિ<br>• પ્રાયોગિક પદ્ધતિ (Functional Method)<br>• નૂતન પદ્ધતિ |
| પ્રયુક્તિઓ : | • કથન પ્રયુક્તિ<br>• સ્પષ્ટીકરણ પ્રયુક્તિ<br>• વાંચન પ્રયુક્તિ<br>• ઉદાહરણ પ્રયુક્તિ<br>• પ્રશ્નોત્તર પ્રયુક્તિ |

સંદર્ભ સાહિત્ય

| ક્રમ | પુસ્તકનું નામ | પ્રકાશક | લેખક | પાન નં ... થી ... |
|---|---|---|---|---|
| 1. | સંસ્કૃત શિક્ષણની હેન્ડબુક | નીરવ પ્રકાશન | સી.કે. આકુવાલા | 44 to 47 |
| 2. | સંસ્કૃત અધ્યાપન પદ્ધતિ | ઉ. ગુ. યુનિ. | ડૉ. ત્રિવેદી પ્રા. જહા | 93 to 95 |

| વિશિષ્ટ હેતુઓ | શૈક્ષણિક મુદ્દા | શૈક્ષણિક સાધનો |
|---|---|---|
| – વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનની ચકાસણી કરવી. | ગુજરાતી ભાષામાં વર્તમાનકાળનાં વાક્યો | વિંટાળફલક |
| – વિદ્યાર્થીઓ વિષય પ્રત્યે અભિમુખ થશે. | – હેતુકથન | |
| – વિદ્યાર્થીઓ ધાતુ, ગણ, પદ, વિકરણ પ્રત્ય, પુરુષ વચન વગેરે ક્રિયાપદ સાથે સંલગ્ન બાબતોથી પરિચિત થાય. | – ધાતુ, ગણ, પદ વિકરણ પ્રત્યયો<br>– ત્રણ વચન અને પુરુષ | |
| – વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃત વાક્યોનું પઠન કરી અર્થગ્રહણ કરી શકે | **સંસ્કૃત વાક્યો :**<br>शुकः पठति ।<br>अहं गृहे वसामि । | વિંટાળ ફલક |
| – વિદ્યાર્થીઓ સંસ્કૃતમાં ક્રિયાપદનાં વર્તમાનકાળનાં રૂપો જાણે. | त्वं संस्कृतं वदसि ।<br>आवाम् चित्रं पश्यावः ।<br>युवाम् हसथः ।<br>बालौ धावतः । | |
| – વિદ્યાર્થીઓ ક્રિયાપદનાં વર્તમાન કાળનાં રૂપો ઓળખાવી શકે. | मृगाः चरन्ति ।<br>वयम् चलामः ।<br>यूयम् देवं नमथ । | |
| – વિદ્યાર્થીઓ વર્તમાનકાળ પરસ્મૈ પદના પ્રત્યયો જાણે.<br>– વિદ્યાર્થીઓ શુદ્ધોચ્ચારપૂર્વક સંસ્કૃત બોલી શકે. | **વર્તમાનકાળ પરસ્મૈપદના પ્રત્યયો :**<br>એ.વ. દ્વિ.વ. બ.વ.<br>प्र.पु. मि वः मः<br>द्वि.पु. सि थः थ<br>तृ.पु. ति तः अन्ति | |
| – વિદ્યાર્થીઓ વર્તમાનકાળનાં પ્રથમ ગણનો ધાતુઓનાં પરસ્મૈ પદનાં રૂપો બનાવી શકે. | पठ् ધાતુ (1 પરસ્મૈ)<br>વર્તમાનકાળનાં રૂપો<br>એ.વ. દ્વિ.વ. બ.વ.<br>પ્ર.પુ. पठामि पठावः पठामः<br>દ્વિ.પુ. पठसि पठथः पठथ<br>તૃ.પુ. पठति पठतः पठन्ति | |
| – વિદ્યાર્થીઓ ધાતુરૂપો સુવાચ્ય અક્ષરે નોટબુકમાં નોંધે. | | |
| – વિદ્યાર્થીઓ પ્રથમગણની ધાતુના પરસ્મૈપદનાં વર્તમાનકાળનાં રૂપો બનાવી શકે તથા શુદ્ધોચ્ચારપૂર્વક બોલી શકે. | પ્રથમ ગણના ધાતુઓ પરસ્મૈપદ<br>[illegible] वद्, चर्<br>हस्, नम् चल | |

| શિક્ષકની પ્રવૃત્તિઓ | વિદ્યાર્થીની પ્રવૃત્તિઓ | મૂલ્યાંકન |
|---|---|---|
| – શિક્ષક વર્ત.કાળનાં ગુજરાતી વાક્યો રજૂ કરી તેમાંથી ક્રિયાપદ શોધી તેનો કાળ દર્શાવવા જણાવશે. | વિદ્યાર્થીઓ વાક્યો વાંચી તેમાંથી ક્રિયાપદ શોધશે તથા તેમનો કાળ દર્શાવશે. | વિદ્યાર્થીઓના ઉત્તરો પરથી |
| – શિક્ષક પૂર્વજ્ઞાનને નવા જ્ઞાન સાથે સાંકળી હેતુકથન કરશે. | વિદ્યાર્થીઓ એકમથી પરિચિત થશે. | |
| – શિક્ષક સંસ્કૃત ભાષામાં ધાતુ, ગણ, ગણની નિશાની વચન, પુરુષ વગેરેની ઉદાહરણ સહ માહિતી આપી કા.પા. નોંધ કરશે. | – વિદ્યાર્થીઓ શ્રવણ કરશે.<br>– સંસ્કૃત ક્રિયાપદનાં ધાતુ, ગણ, વિકરણ પુરુષ વચનથી પરિચિત થશે. | ચર્ચામાં ભાગ લે તે પરથી |
| – શિક્ષક મુદ્દામાં આપેલાં વાક્યો વિંટાળ ફલક પર રજૂ કરશે. | – વિંટાળફલક પરનાં વાક્યો વાંચશે. | – સંસ્કૃત પઠન પરથી |
| – વિદ્યાર્થીઓ પાસે વાક્યોનું પઠન કરાવશે. | – વાક્યોમાંથી ક્રિયાપદ શોધી તથા વચન તથા પુરુષ જણાવશે. | – ક્રિયાપદ શોધી દર્શાવશે તે પરથી |
| – પ્રશ્નોત્તરી દ્વારા વાક્યમાંથી ક્રિયાપદ નાં રૂપો શોધાવી કા.પા. પર નોંધશે. | – વર્ત.કાળનાં રૂપોનાં પ્રત્યયો શોધી જણાવશે. | – ક્રિયાપદનાં પુરુષ અને વચન શોધી બતાવશે તે પરથી |
| – ક્રિયાપદના રૂપનાં પુરુષ તથા વચન શોધવાનું જણાવશે. | – પદ્ ધાતુના વર્ત.કાળના રૂપો બનાવશે. | – વર્ત–કાળ પરસ્મૈપદના પ્રત્યય શોધી બતાવશે તે પરથી |
| – તે પરથી વર્ત.કાળના પ્રત્યયો કઢાવી કા.પા. પર નોંધશે. | – રૂપો નોટબુકમાં નોંધશે. | |
| – પદ્ ધાતુનાં વર્ત.કાળના રૂપો વિદ્યાર્થીઓ પાસે બનાવડાવી કા.પા. પર નોંધશે. | – રૂપોનું વ્યક્તિગત તથા સમૂહમાં પઠન કરશે. | – વર્ત–કાળનાં પદ્ ધાતુના રૂપો બનાવશે તે પરથી |
| – ધાતુ રૂપોનું વ્યક્તિગત તેમજ સમૂહ પઠન કરાવશે. | – ધાવ્, વદ્ ધાતુનાં વર્તમાનકાળનાં રૂપો બનાવી નોટબુકમાં નોંધશે. | – ધાતુરૂપનાં પઠન પરથી<br>– ધાવ્, વદ્ ધાતુના રૂપો બનાવશે તે પરથી |
| – અન્ય ધાતુનાં રૂપો બનાવવા જણાવશે. ધાવ્, વદ્ | | |
| – શિક્ષક મૂલ્યાંકન કસોટી રજૂ કરી ઉત્તર આપવા જણાવશે. | વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર આપશે. | મૂલ્યાંકન કસોટી<br>1. ખાલી જગ્યામાં કૌંસમાં આપેલ ધાતુનું વર્તમાન કાળનું યોગ્ય રૂપ મૂકો.<br>– बालाः ..... (खेल्)<br>– अहम् ..... (वद्)<br>– यूयम् ..... (धाव्)<br>– सः पत्रं ..... (लिख्)<br>– आवाम् मन्त्रं ..... (पद्)<br>2. નીચેના રૂપોમાંથી વર્ત–કાળ ત્રી પુ. બ.વ.નાં રૂપો જુદાં પાડો.<br>लिखामि, भ्रमन्ति, नमामः, |

# કૃષ્ણફલકની નોંધ

ધોરણ : 8 તારીખ : ____________

વિષય : સંસ્કૃત વિષયાંગ : ક્રિયાપદાનો પરિચય -વર્તમાન કાળ

વર્તમાનકાળ (પરસ્મૈપદ) ના પ્રત્યયો

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| પ્ર.પુ. | मि | वः | मः |
| દ્વિ.પુ. | सि | थः | थ |
| તૃ.પુ. | ति | तः | अन्ति |

ધાતુઓ : પ્રથમગણ – પરસ્મૈપદ

पठ्
धाव्
चर्
वद्
हस्
नम्
चल्
वस्

વિકરણ
अ

पठ् (1. પરસ્મૈ)
વર્તમાનકાળના રૂપો

| | એ.વ. | દ્વિ.વ. | તૃ.પુ |
|---|---|---|---|
| પ્ર.પુ. | पठामि | पठावः | पठामः |
| દ્વિ.પુ. | पठसि | पठथः | पठथ |
| તૃ.પુ. | पठति | पठतः | पठन्ति |

રૂપો :
ધાતુ + વિકરણ + કાળ વાચક પ્રત્યય
पठ् + अ + ति = पठति

## સ્વાધ્યાય

– चल्, वस् ધાતુનાં વર્તમાનકાળનાં રૂપો બનાવવાં.
– વર્તમાનકાળના ક્રિયાપદનો ઉપયોગ કરી પાંચ સરળ વાક્યોની રચના કરવી.

## પાઠનિરીક્ષણ નોંધ

| મૂલ્યાંકનના મુદ્દાઓ | વિશિષ્ટતાઓ | સૂચનો |
|---|---|---|
| આયોજનનોંધ | | |
| પ્રસ્તાવના | | |
| વિષય સજ્જતા | | |
| રજૂઆત | | |
| શૈ.સાધનસામગ્રી | | |
| કૃષ્ણફલકનોંધ | | |
| મૂલ્યાંકન | | |
| વર્ગવ્યવસ્થાપન | | |
| વ્યક્તિત્વ | | |
| સમગ્ર છાપ | | |

તારીખ :

માર્ગદર્શકની સહી :

RAJKOT

**એકમ આયોજન**

**∆ સંકલ્પના :**

એકમ આયોજન માટે વિષયવસ્તુ ઉપવિભાગ આયોજન તથા પ્રકરવું આયોજન પર્યાય વાપરી શકાય. એકમ આયોજનનો મૂળભૂત વિચાર હર્બોર્ટે આપેલો, પરંતુ તેનો ઉપયોગ 1920 પછી થયો.

એકમની વ્યાખ્યા અંગે શિક્ષણશાસ્ત્રીઓ એકમત પર આવ્યા નથી, છતાં તેની જાણીતી સંકલ્પના આ પ્રમાણે છે.

A unit is an unified learning experience.

એકમ એટલે સમાન કક્ષાવાળા અધ્યયન અનુભવોનું સંકલન.

The unit is a plan of instruction based on a significant art of learning.

એક જ પાઠના જુદા-જુદા પાસાંના શિક્ષણનું આયોજન એટલે એકમ આયોજન.

પાઠ્યપુસ્તકના કોઈ એક પાઠની વસ્તુના જુદાં-જુદાં પાસાં પર તૈયાર કરેલા જુદાં જુદાં પાઠો યોજીને પણ એકમ પાઠની રચના થઈ શકે છે. માતૃભાષાના એકમ પાઠમાં ભાવ. આકલન, વાચન, ભાષા- શિક્ષણ અને લેખિત અભિવ્યક્તિ એમ ઓછામાં ઓછા ચાર પાઠનો સમાવેશ થઇ શકે છે.

પાઠ્યપુસ્તકમાંથી સમાન ભાવવાળી કૃતિઓ એકઠી કરી તેનો એક એકમ બનાવી ત્રણ-ચાર તાસના શિક્ષણકાર્યનું આયોજન બનાવી શકાય.

કોઈ પણ એક મુખ્ય મુદ્દા કે સમસ્યાની આસપાસના સંબંધિત અધ્યયન અનુભવોની હારમાળા એટલે એકમ.

સિધ્ધાંતો : / સોપાન

એકમ આયોજન પરિવર્તનલક્ષી હોય છે.

અનેક સંદર્ભોથી તૈયાર કરાય છે, જેમાં શૈક્ષણિક વિગતો અને પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવે છે.

વિષયાંગ શિક્ષણ માટે તે દિશાદર્શન કરી સાતત્ય અને પૂર્ણતા પ્રદાન કરે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

એકમ આયોજન દૈનિક આયોજન કે પાઠ આયોજન સ્વરૂપે વર્ગના શિક્ષક વડે અમલમાં મુકાય છે. પાઠ આયોજનના સઘળા લાભો એકમ આયોજનમાં રહેલા છે.

એકમ આયોજન અનુભવોનું સાતત્ય પૂરું પાડે છે અને સતત સર્વાંગી મૂલ્યાંકન થઈ શકે છે.

મહત્ત્વ અને લાભઃ

એકમ આયોજન અનુભવોનું સાતત્ય પૂરું પાડે છે. વિદ્યાર્થીઓને વિવિધ અનુભવો મળે છે.

શિક્ષણની પ્રક્રિયામાં સળંગસૂત્રતા આવે છે.

શિક્ષણ અખંડિત, સળંગ અને ચિરંજીવ બને છે.

શિક્ષણના હેતુ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે, અને તેની સિદ્ધિ માટેની શક્યતાઓ વધે છે.

વિષયવસ્તુને સંપૂર્ણ ન્યાય આપી શકાય છે. કાવ્ય શિક્ષણના એકમ પાઠમાં ભાષાવસ્તુ, શબ્દચિત્રો, વિષયવસ્તુ અર્થગ્રહણ સાહિત્ય અને ભાવ-આકલન વગેરે પાસાને ન્યાય આપી શકાય છે.

વિદ્યાર્થીઓને સ્વ અધ્યયન અને જૂથ અધ્યયનની તક મળે છે. તેમની શિક્ષણની પ્રક્રિયામાં સહભાગિતા વધે છે.

વિદ્યાર્થીઓને પૂર્વ આયોજિત અધ્યયન અનુભવો પૂરા પાડી શકાય છે.

વિદ્યાર્થીઓમાં વિવિધ ભાષા કૌશલ્યોના વિકાસ માટેની તકો પૂરી પાડે છે.

શિક્ષણની જુદી જુદી પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ ઉપયોગમાં લઈ શકાય છે તે માટે પૂરતો અવકાશ રહે છે.

વિવિધ દૃશ્ય-શ્રાવ્ય સાધનોના ઉપયોગ માટે અવકાશ રહે છે.

વિવિધ પદ્ધતિઓ અને દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ, વિવિધ પ્રવૃત્તિઓના આયોજનની અનુકૂળતા અને વિદ્યાર્થીઓને મળતી સ્વ– અભિવ્યક્તિની તકો, સ્વતંત્રતા વગેરેને કારણે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા જીવંત, રસપ્રદ અને અસરકારક બને છે. તે અધ્યયનકેન્દ્રી અને અધ્યેતાકેન્દ્રી તેમજ અનુભવકેન્દ્રી પ્રક્રિયા બનતી હોવાથી તેની ચિરંજીવી અસર રહે છે, અને શિક્ષણની ગુણાત્મક સુધારણામાં પ્રદાન કરે છે.

∆ એકમ આયોજનનાં સોપાનો :

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

અભ્યાસક્રમમાં ઘણી વિગતો એકબીજા સાથે સંબંધ ધરાવે છે. આવી બાબતોને યોગ્ય ક્રમમાં સંકલિત કરવાથી એકમ રચાય છે. દરેક એકમ શિક્ષણનો એક સ્વયંપૂર્ણ ઘટક છે. આવો ઘટક પર્યાપ્ત શિક્ષણાનુભવો પૂરા પાડવાથી અને વિદ્યાર્થીઓમાં કાયમી ગણી શકાય એવાં ઇચ્છિત પરિવર્તનો લાવવાથી તાકાત ધરાવે છે.

ધોરણ :

વિષય :

વિષયાંગ :

1. મુખ્ય એકમ : અહીં મુખ્ય એકમ જણાવવાનો હોય છે જેમ કે લખાણ, સુભાષિતાનિ.

2. પેટા એકમ : મુખ્ય એકમના જેટલા પેટા એકમ પાડી શકાતા હોય તેટલા પાડવા. ઓછામાં ઓછા ત્રણ ભાગથી શરૂ કરી આઠ સુધી ભાગ પાડી શકાય. જેમ કે, દ્વન્દ્વ સમાસ, તત્પુરુષ સમાસ, બહુવ્રીહિ સમાસ, અવ્યયીભાવ સમાસ..

સુભાષિતાનિમાં જુદા-જુદા વિચારો વ્યક્ત કરતાં સુભાષિતાનિ પ્રમાણે ભાગ પાડી પેટા એકમ નક્કી કરવા.

1. ઉદ્યમનું મહત્ત્વ

2. વિદ્યાનું મહત્ત્વ

3. વ્યક્તિનું આભૂષણ

3. તાસવાર આયોજન : ઉપરના પેટા એકમોને જેટલા ભાગમાં વિભાજિત કર્યા હોય તેટલા તાસ અને સામે એકમ જણાવવા, છેલ્લો તાસ મૂલ્યાંકનનો રાખવો.

4. વિષયવસ્તુના મુદ્દાઓ : પેટા એકમને વિવિધ મુદ્દાઓમાં વહેંચી તેના મુદ્દાઓ બને તેટલા વિગતે જણાવવા.

5. શૈક્ષણિક હેતુઓ : એકમ શીખવવાના સામાન્ય હેતુ અને દરેક સામાન્ય હેતુના વિશિષ્ટ હેતુઓ રચવા, જેમ કે અર્થગ્રહણ, અભિવ્યક્તિ, વિનિયોગ કૌશલ્ય અને રસાસ્વાદ જેવા સામાન્ય હેતુના વિશિષ્ટ હેતુઓ આપવા.

6. સંકલ્પના : અહીં વિશિષ્ટ શબ્દ વ્યંજનાઓ, શબ્દ સંકલ્પનાઓ, ખ્યાલો જે એકમમાં આવતા હોય તે સ્પષ્ટ કરવા. જેમ કે, શબ્દ પર્યાય, વ્યાકરણના મુદ્દાઓ, વિશિષ્ટ પ્રયોગો, સંદર્ભો વગેરેનો ઉલ્લેખ કરવો.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

7. અધ્યયન અનુભવો : વિદ્યાર્થીઓને એકમ દરમ્યાન મળી શકે તેવા અધ્યયન અનુભવો રજૂ કરવા જેવા કે ગાન, પઠન, લેખન સંદર્ભ ફકરાનું અર્થગ્રહણ, મુક્ત વાચન, પ્રશ્નોના ઉત્તમ વગેરે જૂથ પ્રવૃત્તિ, નાટ્યીકરણ, એકોક્તિ, શૈક્ષણિક સાધનો વગેરે દ્વારા એકમને અનુરૂપ અનુભવો પૂરા પાડી શકાય.

8. પદ્ધતિ અને પ્રયુક્તિઓ : સમગ્ર એકમ શીખવવા જે પદ્ધતિઓનો ઉપયોગ કરવાના હોય તે જેમ કે કથન પદ્ધતિ, પ્રશ્નોત્તર પદ્ધતિ, ચર્ચા પદ્ધતિ, જૂથ ચર્ચા નાટ્યીકરણ વગેરે.

9. મૂલ્યાંકન : સમગ્ર એકમનું મૂલ્યાંકન કરવા કસોટી તૈયાર કરવી. તે માટે બ્લ્યૂપ્રિન્ટ તૈયાર કરી તે મુજબ મૂલ્યાંકન કસોટી રચવી, જે 35 મિનિટની 25 ગુણની હોઈ શકે.

10. સ્વાધ્યાય : દરેક તાસમાં જે-તે પેટા એકમને ધ્યાનમાં લઈ વિવિધતાસભર સ્વાધ્યાય નિશ્ચિત કરવામાં આવે છે.

11. લેખન ફલક નોંધ : પ્રત્યેક પેટા એકમના વિષયવસ્તુને આધારે, તેના ભાષાવસ્તુ અને વિષયવસ્તુ આધારિત કા.પા. નોંધ કરવામાં આવે છે.

△ એકમ આયોજનનો નમૂનો :

1. એકમ : 15- जयः पराजयो वा ( ગદ્ય)

ધોરણ: 10 संस्कृत

2. પેટા એકમ :

તાસ-1 સ્વર્ગમાં રહેલા અર્જુનને પૃથ્વીને જોવાની ઈચ્છા

તાસ-2 તરસ લાગતાં પાણી પીવાની ઈચ્છા.

તાસ-3 પાણી પ્રદૂષણથી ચિંતિત પાણી પીધા સિવાય સ્વર્ગમાં પાછા ફરવું.

તાસ-4 મૂલ્યાંકન.

3. સામાન્ય અને વિશિષ્ટ હેતુઓ :

(1) સામાન્ય હેતુ :

વિદ્યાર્થી શ્રવણ દ્વારા અર્થગ્રહણ કરે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

વિશિષ્ટ હેતુ :

વિદ્યાર્થી સાહિત્ય કૃતિના સાહિત્ય સ્વરૂપને ઓળખે.

વિદ્યાર્થી પાઠના આદર્શ વાચનનું શ્રવણ કરી, અર્થગ્રહણ કરે.

વિદ્યાર્થીઓ યુધ્દ્ને અંતે થનાર વિનાશના ટૂંકમાં પરિચય મેળવે.

(2) સામાન્ય હેતુ :

વિદ્યાર્થી કથન દ્વારા અભિવ્યક્તિ કરે.

વિશિષ્ટ હેતુ :

વિદ્યાર્થીઓ શુધ્દ્ અને સ્પષ્ટ ઉચ્ચારણ કરે.

વિદ્યાર્થીઓ પાઠના પ્રસંગોને પોતાના શબ્દોમાં વ્યક્ત કરે.

વિદ્યાર્થીઓ પૃથ્વી પર અર્જુનના આગમન માટેની મહેચ્છાનું કારણ સમજે.

વિદ્યાર્થીઓ પ્રાચીન યુધ્દ્ધો અને વર્તમાન સમયના યુધ્દ્ધોનો તફાવત સમજી તેનું વર્ણન કરે.

(3) સામાન્ય હેતુ :

વિદ્યાર્થીઓ વાંચન દ્વારા અર્થગ્રહણ કરે.

વિશિષ્ટ હેતુ :

વિદ્યાર્થીઓ પાઠનું ભાવવાહી વાંચન કરે.

વિદ્યાર્થીઓ પાઠના સંવાદો સંવાદાત્મક શૈલીમાં રજૂ કરે.

વિદ્યાર્થીઓ વિરામચિહ્નોના ઉપયોગ અને તેના વાચનનો અનુભવ ક કરે.

યોગ્ય ગતિ, અવાજમાં વાંચે અને આનંદ પ્રાપ્ત કરે.

(4) સામાન્ય હેતુ :

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

વિદ્યાર્થીઓ લેખન દ્વારા અભિવ્યક્તિ કરે.

વિશિષ્ટ હેતુ :

વિદ્યાર્થી અર્જુન અને વૃદ્ધ અજાણ્યા પુરુષના સંવાદ પ્રસંગનું પોતાના શબ્દોમાં લેખન કરે.

પ્રસંગના વિશિષ્ટ શબ્દપ્રયોગથી વાકેફ થાય.

પોતાના લેખનમાં આવતા શબ્દપ્રયોગો પ્રયોજે.

માન્ય જોડણી, પરિચ્છેદ અને વિરામચિહ્નોનો ઉપયોગ કરી લેખન ૭૨.

(5) સામાન્ય હેતુ :

વિદ્યાર્થીઓ વ્યાકરણના જ્ઞાનનું ઉપયોજન કરે.

વિશિષ્ટ હેતુ :

વિદ્યાર્થી અપરિચિત શબ્દોના અર્થ જાણે.

વિદ્યાર્થીઓ સમાસ, સંધિથી પરિચિત થાય.

વિદ્યાર્થીઓ ક્રિયાપદનાં રૂપોથી પરિચિત થઈ તેનો ઉપયોગ કરતાં શીખે.

વિદ્યાર્થીઓ કૃદન્તોના વ્યાવહારિક ઉપયોગથી પરિચિત થાય.

4. વિષયવસ્તુના મુદ્દા :

તાસ-1

યુદ્ધનું પરિણામ સદૈવ અત્યંત ભયંકર હોય છે.

મનુષ્ય સતત યુદ્ધ કરતો જ રહે છે.

આધુનિક યુગમાં વિવિધ પ્રકારનાં રાસાયણિક અસ્ત્ર-શસ્ત્રો

યુદ્ધોમાં મોટો નરસંહાર, પરંતુ કુદરતી તત્ત્વોની રક્ષા.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

એક દિવસ સ્વર્ગમાંથી અર્જુનનું પૃથ્વી પર આગમન

પૃથ્વીના લોકો દ્વારા વિશ્વયુદ્ધના વિજયોત્સવની ઉજવણી

તાસ-2

તરસ લાગતાં અર્જુનનું સરોવર નીચે આગમન.

સરોવરમાં પાણી પીતાં કોઈક અજાણ્યા પુરુષનો અવાજ સાંભળવો.

મહાશય, આ પાણી ઝેરી છે.

અર્જુનનો પ્રશ્ન કઈ રીતે આ પાણી ઝેરી છે ?

અજાણ્યો પુરુષ - દેશનો સિપાહી.

શસ્ત્રો અને અસ્ત્રોમાંથી નીકળેલા પ્રદૂષણોથી સરોવરનું પાણી ઝેરી.

તાસ-3

સિપાહીની વાત સાંભળી અર્જુનને મહાભારતના યુદ્ધની યાદ આવવી.

મહાભારતના યુદ્ધથી અનેક લોકોનો સંહાર

અનેક પરિવારો ઉપર આફત

જળ, ભૂમિ, વાયુ, આકાશ વગેરે મહાભૂતો શુદ્ધ

વર્તમાન હાલત અત્યંત શોચનીય

પાણી પીધા વિના જ ફરીથી સ્વર્ગે પાછા ફરવું

તાસ-4 : સમગ્ર એકમલક્ષી મૂલ્યાંકન

5. વિષયપ્રવેશ

તાસ-1 : પ્રાચીન સમયનાં યુદ્ધો અને આધુનિક યુદ્ધોનો ભેદ વિદ્યાર્થીઓ જૂથ કાર્ય દ્વારા તારવે. – તેમના અભિપ્રાયો વ્યક્ત કરે - તફાવત સ્પષ્ટ કરે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

તાસ-2 : પૂર્વજ્ઞાનના પ્રશ્નોના ઉત્તર

તાસ-3 : પૂર્વજ્ઞાનના પ્રશ્નોના ઉત્તર

તાસ-4 : મૂલ્યાંકન કસોટી

6. અધ્યાપન પધ્ધતિ :

(1) કથનચર્ચા પધ્ધતિ

(2) સંવાદ પધ્ધતિ

(3) પ્રશ્નોત્તર પધ્ધતિ

(4) જૂથચર્ચા પધ્ધતિ

7. શૈક્ષણિક સાધનો :

મહાભારતના યુધ્ધનું ચિત્ર

બીજા વિશ્વના સંહારનું ચિત્ર

વાતાવરણમાં પ્રદૂષણની અસર દર્શાવતું ચિત્ર

* અર્જુનનું ચિત્ર

8. અધ્યયન પ્રવૃત્તિઓ :

શ્રવણ

કથન

વાચન

લેખન

સંવાદ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

9. મૂલ્યાંકન : કસોટી પ્રતનો નમૂનો આપેલો છે.

10. સ્વાધ્યાય :

તાસ-1 : અર્જુન સરોવરનું પાણી પીવા ગયો ત્યારે અજાણ્યા પુરુષે તેને શું કહ્યું ?

તાસ-2 : અજાણ્યા પુરુષને જોઈને અર્જુનને કેમ આશ્ચર્ય થયું ?

તાસ-3 : અર્જુન પાણી પીધા સિવાય સ્વર્ગમાં કેમ પાછો ગયો ?

તાસ-4 : મૂલ્યાંકન કસોટી

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## એકમ આયોજન - [1]

તાલીમાર્થીનું નામ : ______

શાળાનું નામ : ______

તારીખ : ______ ધોરણ : 10

તાસ : 01 સમય : ______

વિષય : સંસ્કૃત વિષયાંગ : जय पराजयो वा

પદ્ધતિ : 1 પદ્ધતિ : 2

- **સામાન્ય હેતુઓ :**
  - વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃત વાંચતાં શીખે.
  - વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃત સમજી શકે.
  - વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃતનો માતૃભાષામાં અનુવાદ કરી શકે.
  - વિદ્યાર્થીઓ સંસ્કૃતના પ્રાથમિક જ્ઞાનનો ઉપયોગ કરે.
  - વિદ્યાર્થીઓમાં અપેક્ષિત ગુણો તથા મૂલ્યોનો વિકાસ થાય.
- **શૈક્ષણિક પદ્ધતિઓ :**
  - પ્રશ્નોત્તર પદ્ધતિ
  - કથનચર્ચા પદ્ધતિ
  - નૂતન (મનોવૈજ્ઞાનિક) પદ્ધતિ
- **શૈક્ષણિક પ્રયુક્તિઓ :**
  - કથન પ્રયુક્તિ
  - પ્રશ્નોત્તર પ્રયુક્તિ
  - અનુવાદ પ્રયુક્તિ
  - સંદર્ભ પ્રયુક્તિ
  - તુલનાત્મક પ્રયુક્તિ
  - વાક્ય પ્રયોગ પ્રયુક્તિ
- **સંદર્ભસાહિત્ય :**

| ક્રમ | પુસ્તકનું નામ | પ્રકાશક | લેખક | પાન નં ... થી ... |
|---|---|---|---|---|
| 1. | શ્રીમદ્ ભગવદ્ગીતા | ગીતા પ્રેસ, ગોરખપુર | | |

| વિશિષ્ટ હેતુઓ | શૈક્ષણિક મુદ્દા | શૈક્ષણિક સાધનો |
|---|---|---|
| વિદ્યાર્થીના પૂર્વજ્ઞાનની ચકાસણી કરવી. | યુદ્ધો દ્વારા થતો વિનાશ. | મહાભારતના યુદ્ધનું ચિત્ર |
| – વિદ્યાર્થીઓને નવું જ્ઞાન મેળવવા પ્રોત્સાહિત કરવા | | |
| – વિદ્યાર્થીઓ એકમથી પરિચિત થાય. | जयः पराजयो वा | |
| – વિદ્યાર્થીઓ ગદ્યપાઠનું શુદ્ધોચ્ચારપૂર્વક પઠન કરી શકે. | એકમનું આદર્શ પઠન | કુરુક્ષેત્રની રણભૂમિમાં અર્જુન |
| – વિદ્યાર્થીઓ ગદ્યપાઠના વિષયવસ્તુથી પરિચિત થાય. | પ્રાચીન સમયમાં યુદ્ધો<br>અર્વાચીન સમયનાં યુદ્ધો.<br>યુદ્ધોની સમાજ જીવન પર અસર | |
| – વિદ્યાર્થીઓ જીવનમાં અહિંસાનું મહત્ત્વ સમજે. | – યુદ્ધોમાં હિંસાનું સામ્રાજ્ય<br>– વિનાશનું તાંડવ<br>– અહિંસા શાંતિનો માર્ગ | |
| – વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃત બોલી શકે. | | |
| – વિદ્યાર્થીઓ ગદ્યનો માતૃભાષામાં અનુવાદ કરી શકે. | | |
| – વિદ્યાર્થીઓ અપરિચિત શબ્દોના અર્થ જાણે. | અપરિચિત શબ્દો :<br>द्रष्टुकाम (વાક્યપ્રયોગ દ્વારા)<br>अनुभूतम् (વાક્યપ્રયોગ દ્વારા)<br>विजयोत्सवम् (પર્યાય શબ્દ દ્વારા)<br>अभ्यागतः (પર્યાય દ્વારા)<br>कायेन वृद्धः(શબ્દના ઉપયોગ દ્વારા) | |
| – વિદ્યાર્થીઓ સંધિ વિગ્રહ કરી શકે. | श्रुतपूर्वोऽयम्<br>ध्वनिरिति<br>अनुनाउप | |

| શિક્ષકની પ્રવૃત્તિઓ | વિદ્યાર્થીની પ્રવૃત્તિઓ | મૂલ્યાંકન |
|---|---|---|
| શિક્ષક નીચેના જેવા પ્રશ્નો દ્વારા વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનની ચકાસણી કરશે.<br>(મહાભારતના યુદ્ધનું ચિત્ર બતાવી)<br>– આ કયા યુદ્ધનું ચિત્ર છે ?<br>– મહાભારતનું યુદ્ધ કોની-કોની વચ્ચે થયું હતું ?<br>– મહાભારતનું યુદ્ધ શા માટે થયું ?<br>– મહાભારતના યુદ્ધમાં કોનો વિનાશ થયો ?<br>– યુદ્ધ શા માટે નિંદનીય છે ? | વિદ્યાર્થીઓ શિક્ષકે પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપશે. | વિદ્યાર્થીઓના ઉત્તરો પરથી મૂલ્યાંકન થશે. |
| શિક્ષક હેતુ કથન કરી એકમની રજૂઆત કરશે. | | |
| શિક્ષક ગદ્યપાઠનું આદર્શ પઠન કરશે. | વિદ્યાર્થીઓ શ્રવણ કરશે. | – વિદ્યાર્થીઓની શ્રવણ તલ્લીનતા પરથી મૂલ્યાંકન કરશે. |
| શિક્ષક નીચેના જેવા શૈક્ષણિક સાધનોની મદદથી ગદ્યપાઠની ચર્ચા કરશે.<br>ચર્ચા દરમિયાન અપરિચિત શબ્દોના અર્થ, સંધિવિગ્રહ વગેરેનો પરિચય કરાવી કા.પા. પર નોંધ કરશે. જરૂર જણાય ત્યાં વાક્યોનો માતૃભાષામાં અનુવાદ કરાવશે, તથા જરૂરી કથન દ્વારા યુદ્ધો દ્વારા થતા સંહારની તથા સમાજ જીવન પર થતી તેની અસરોની સમજ આપી વિદ્યાર્થીઓને અહિંસાનું મહત્ત્વ સમજાવશે.<br>– अर्जुनः कस्य समीपं गच्छति ?<br>–. અર્જુન શું જોવાની ઇચ્છાથી પૃથ્વી પર આવ્યો ?<br>– भूलोकः इति शब्दस्य कः अर्थ ?<br>– तृषातुरः अर्जुनः कुत्र गतवान् ?<br>– વિજય પ્રાપ્ત કરેલ લોકો શું કરતા હતા ? | વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો આપશે.<br>વિદ્યાર્થીઓ અપરિચિત શબ્દોના અર્થ આપશે.<br>વિદ્યાર્થીઓ સંધિ વિગ્રહ કરશે.<br>વિદ્યાર્થીઓ ગદ્યનો માતૃભાષામાં અનુવાદ કરશે.<br>વિદ્યાર્થીઓ કથનનું શ્રવણ કરશે. જરૂર જણાયે ચર્ચામાં ભાગ લેશે. | – વિદ્યાર્થીઓના ઉત્તરો પરથી મૂલ્યાંકન થશે.<br>– વિદ્યાર્થીઓ અપરિચિત શબ્દોના અર્થ આપશે, તે પરથી મૂલ્યાંકન થશે.<br>– વિદ્યાર્થીઓ સંધિ વિગ્રહ કરશે, તે પરથી મૂલ્યાંકન થશે.<br>– વિદ્યાર્થીઓ અનુવાદ કરશે, તે પરથી મૂલ્યાંકન થશે.<br>– વિદ્યાર્થીઓ ચર્ચામાં ભાગ લેશે, તે પરથી મૂલ્યાંકન થશે. |

...GE-RAJKOT

8

| વિશિષ્ટ હેતુઓ | શૈક્ષણિક મુદ્દા | શૈક્ષણિક સાધનો |
|---|---|---|
| વિદ્યાર્થીઓ શુદ્ધ ઉચ્ચારથી ગદ્યનું વાચન કરે. | વાચન | |
| વિદ્યાર્થીઓના પ્રાપ્ત જ્ઞાનનું મૂલ્યાંકન કરવું. | મૂલ્યાંકન કસોટી | રોલ અપ બૉર્ડ |

| શિક્ષકની પ્રવૃત્તિઓ | વિદ્યાર્થીની પ્રવૃત્તિઓ | મૂલ્યાંકન |
|---|---|---|
| – एकदा स्वर्गस्थितः अर्जुनः कुत्र अगच्छत् ? | વિદ્યાર્થીઓ કા.પા. નોંધ નોટબુકમાં લખશે. | |
| – પૃથ્વી પર આવતાં અર્જુને શું સાંભળ્યું ? | | |
| – હર્ષ પામેલ અર્જુને શું કર્યું ? | | |
| અપરિચિત શબ્દોના અર્થ<br>सदण्डः –<br>प्रदूषितम –<br>भुवतभाग | વિદ્યાર્થીઓ અપરિચિત શબ્દોના અર્થ આપશે. | |
| ચર્ચા દરમિયાન સંધિયુક્ત શબ્દોની સંધિવિગ્રહ વિદ્યાર્થીઓ દ્વારા કરાવશે. | વિદ્યાર્થીઓ સંધિવિગ્રહ કરશે. | |
| શિક્ષક વિદ્યાર્થીઓ પાસે પઠન કરાવશે. | વિદ્યાર્થીઓ શુદ્ધોચ્ચારપૂર્વક પઠન કરશે. | વિદ્યાર્થીઓના વાચન પરથી મૂલ્યાંકન થશે. |

## કૃષ્ણફલક નોંધ

તારીખ : ______

વિષય : સંસ્કૃત

ધોરણ : 10

વિષયાંગ : जयः पराजयो वा

◆ **અપરિચિત શબ્દો :**

द्रष्टुकामः
जयघोषम्
स्वकीय
तृषाम्
अभ्यागतः
याचित्
आरुण्य
पातुम्
उद्यतः

**વિષયવસ્તુના મુદ્દા :**

– યુદ્ધનું પરિણામ સદૈવ અત્યન્ત ભયંકર
– મનુષ્ય સતત યુદ્ધ કરતો જ રહે છે.
– એક દિવસ સ્વર્ગમાંથી અર્જુનનું પૃથ્વી પર આગમન
– પૃથ્વી લોકો દ્વારા વિશ્વયુદ્ધના વિજયોત્સવની ઉજવણી.

**संधि :**

भूलोकमागच्छत् = भूलोकम् + आगच्छत्
अर्जुनोऽपि = अर्जुनः + अपि
तृषामनुभूतवान = तृषाम् + अनुभूतवान
याचिताश्वोऽसौ = याचित + अश्वः + असौ

**पर्याय शब्दान् :**

| | | |
|---|---|---|
| (१) | पुत्रः | सूतः |
| (२) | भार्याः | पत्नी |
| (३) | आपदा | विपद् |
| (४) | उद्यतः | तत्परः |

**સ્વાધ્યાય :**

અર્જુન સરોવરનું પાણી પીવા ગયો ત્યારે તેને અજાણ્યા પુરુષે શું કહ્યું ?

### : પાઠ નિરીક્ષણ નોંધ :

| મૂલ્યાંકનના મુદ્દાઓ : | વિશિષ્ટતાઓ | સૂચનો : |
|---|---|---|
| – આયોજન નોંધ<br>– પ્રસ્તાવના<br>– વિષયસજ્જતા<br>– રજૂઆત<br>– શૈક્ષણિક સાધનસામગ્રી<br>– કૃષ્ણફલક નોંધ<br>– મૂલ્યાંકન<br>– વર્ગવ્યવસ્થાપન<br>– વ્યક્તિત્વ<br>– સમગ્ર છાપ | | |

**1.2 સંસ્કૃતમાં નિદાનાત્મક્ , ઉપચારાત્મક શિક્ષણ :**
**સંકલ્પના, મહત્વ**

**: મુદ્દા :**

1. સંસ્કૃતમાં નિદાનકાર્ય

(1) પ્રસ્તાવના

(2) નિદાન કસોટીની સંકલ્પના

(3) નિદાન કસોટીની રચનાનાં સોપાનો

(4) નિદાન કસોટીનો ઉપયોગ કરવાની રીત

(5) નિદાન કસોટીના ઉપયોગો

2. સંસ્કૃતમાં ઉપચારાત્મક કાર્ય

(1) ઉપચારની સંકલ્પના

(2) ઉપચાર કાર્યનું મહત્ત્વ

(3) ઉપચાર કાર્યનાં હેતુઓ

(4) સંસ્કૃતમાં ઉપચારાત્મક કાર્યનો નમૂનો

• સ્વાધ્યાય

1. સંસ્કૃતમાં નિદાનકાર્ય

(1) પ્રસ્તાવના

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

પ્રવર્તમાન પરિસ્થિતિમાં આપણે જોઈ શકીએ છીએ કે, સંસ્કૃતના અધ્યયન- અધ્યાપનમાં શિથિલતા જણાય છે. સંસ્કૃત વિદ્યાર્થીઓને નીરસ ભાષા લાગે છે. તેઓ તે ભાષાનું અધ્યયન કરવા સ્વયં તૈયાર થતા નથી. સંસ્કૃત ભાષાનો એક પ્રાચીન ભાષા તરીકે માત્ર અભ્યાસ કરાવવામાં આવે છે, તેથી સંસ્કૃત એ વ્યાકરણ-પ્રધાન અને પ્રમાણમાં અન્ય પ્રાદેશિક ભાષાઓ કરતા અઘરી ભાષા છે. આથી વિદ્યાર્થીઓને તેના અભ્યાસમાં મુશ્કેલીઓ કે સમસ્યાઓ ઊભી થાય તે પણ સ્વાભાવિક છે. તેથી તેમની સમસ્યાઓ કે મુશ્કેલીઓનું નિદાન કરી ઉપચારાત્મક કાર્ય કરવું જોઈએ.

(2) નિદાન કસોટી ની સંકલ્પના :

સિદ્ધિ કસોટી વ્યક્તિગત વિદ્યાર્થીનું કે કે સમગ્ર વર્ગનું જ્ઞાન માપવા માટે વપરાય (m છે. તે વિષયનું જ્ઞાન માપે છે પણ વિદ્યાર્થીની કચાશ કે નબળાઈ (weakness) નો ખ્યાલ તેના દ્વારા આવતો નથી. વિદ્યાર્થીઓની કચાશ કે નબળાઈ ઓળખવા માટે નિદાન કસોટી (Diagnostic test) જરૂરી છે.

'નિદાન' (Diagnosis) શબ્દ તબીબી વિજ્ઞાનનો છે. તબીબ સૌપ્રથમ દર્દીના રોગનું નિદાન કરે છે. તે માટે તે જુદાં જુદાં સાધનો થર્મોમીટર, સ્ટેથોસ્કોપ, એક્સ રે જેવાં અનેક સાધનોનો ઉપયોગ કરી રોગનું નિદાન કરી દવાઓ, ઈંજેકશન દ્વારા ઉપચાર કરે છે. શિક્ષણમાં પણ નિદાનનું ક્ષેત્ર ખૂબ જ વિશાળ છે. કેટલીક શારીરિક ખામીઓ જેવી કે આંખ કે કાનની ખામીઓ અથવા કોઈ ગ્રંથિની ખરાબીને કારણે કેટલીકવાર શૈક્ષણિક મુશ્કેલી હોઇ શકે, પણ શૈક્ષણિક નિદાન શારીરિક કરતાં શૈક્ષણિક બાબતોને વધુ સ્પર્શે છે. પ્રત્યેક શિક્ષકને અનુભવ થાય છે કે તે વર્ગના બધા જ વિદ્યાર્થીઓને એકસરખા શિક્ષણના અનુભવો પૂરા પાડે છે, છતાં દરેકની સિધિ એકસરખી હોતી નથી. આ માટે શિક્ષકે હંમેશા જાગ્રત રહી તપાસ કરવી જોઈએ. માત્ર વૈયક્તિક ભિન્નતા (Individual differences) કે વાતાવરણની ભિન્નતા જ આ માટે જવાબદાર નથી. આ ઉપરાંત પણ અનેક પરિબળો કચાશ માટે જવાબદાર છે. અમુક વિદ્યાર્થીઓ વર્ગ શિક્ષણ સાથે તાલ મિલાવવામાં નિષ્ફળ જાય છે. આ જ કારણે શ્રેણીબધ્ધ અધ્યયનના પ્રશ્નો ખડા થાય છે. આથી વિદ્યાર્થી શૈક્ષણિક સિદ્ધિમાં પાછો પડે છે. કચાશ માટે અનેક જવાબદાર પરિબળો હોઈ શકે. આ સૌ પરિબળોથી શિક્ષક જ્ઞાત હોય તે જરૂરી છે. વૈયક્તિક તફાવતો, વિદ્યાર્થીની વર્ગમાં ગેરહાજરી, અગાઉના પાયાનાં શૈક્ષણિક મુદ્દામાં રહી ગયેલી કચાશ, અરસિક શિક્ષણ કાર્ય જેવાં અનેક પરિબળો વિદ્યાર્થીને તેની સિદ્ધિમાં પાછો પાડે છે. ઘણીવાર વિદ્યાર્થીઓને સાંવેગિક મૂંઝવણો (Emotional disturbances) થતાં તે અભ્યાસમાં પાછો પડે છે. નાપાસ થવાની બીક, શિક્ષકનો ડર, વર્ગમાં સ્થાનની ચિંતા, સહાધ્યાયીઓ સાથે સંઘર્ષ જેવા અનેક પ્રશ્નોને કારણે વિદ્યાર્થી સાંવેગિક મૂંઝવણો અનુભવે છે અને તે અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરી શકતો નથી અને અંતે પાછો પડે છે. શિક્ષણમાં જુદી જુદી બાબતો શીખવા માટે ઉચિત બુદ્ધિસ્તર ન હોય તો પણ અભ્યાસમાં મુશ્કેલી પેદા થાય છે. ગોખણપટ્ટી, વાચનશક્તિનો અભાવ, અનુકૂળ રુચિનો અભાવ, પ્રતિકૂળ વાતાવરણ જેવાં અનેક પરિબળોને કારણે વિદ્યાર્થી અભ્યાસમાં કાચો (Weak) રહી જાય છે. આ કચાશનું જો તે જ ક્ષણે નિદાન કરી ઉપચાર કરવામાં ન આવે તો વધુ મુશ્કેલી સર્જાય છે, આથી વિદ્યાર્થીઓની મુશ્કેલીનું નિદાન કરવું જરૂરી છે. બટલર (1968) મુશ્કેલીની વ્યાખ્યા આપતાં જણાવે છે કે......

"A difficulty is a point in learning at which no further attainment of aim can go forward effectively." કોઈ ચોક્કસ અધ્યયન બિંદુએથી આગળના શૈક્ષણિક હેતુઓની સિદ્ધિ મુશ્કેલ બને, તેને મુશ્કેલી કહેવાય.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED COLLEGE RAJKOT

શિક્ષણમાં વિકાસને અવરોધનારી આવી વિશિષ્ટ મુશ્કેલીઓ કયાં છે, તે તકલીફો કેવી છે, તેને પેદા કરનારાં કારણો કયાં છે, તે જાણવાની ક્રિયાને શૈક્ષણિક નિદાન (Educational Diagnosis) કહે છે. આ શૈક્ષણિક નિદાન માટે ચોક્કસ કસોટીઓની જરૂર પડે છે. શૈક્ષણિક નિદાન માટે ઉપયોગી કસોટીઓને નિદાન કસોટી કહેવાય.

નિદાન કસોટીઓ નિદાન કરવાનું એક ઉપયોગી સાધન છે. તેના દ્વારા બાળકને કયાં મુશ્કેલી નડે છે અને તે મુશ્કેલી કેવા પ્રકારની છે તે શોધી શકાય છે. નિદાન કસોટીઓ પ્રમાણિત પણ હોઈ શકે તેમ જ શિક્ષક રચિત પણ હોઈ શકે. જુદાજુદા સ્થળે જુદાજુદા વિષયોમાં વિદ્યાર્થીના નબળાઈનાં કારણો ભિન્ન ભિન્ન હોઈ શકે આથી શિક્ષક પોતાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પોતાના વિદ્યાર્થીઓને અનુકૂળ કસોટી રચે તે વધુ હિતાવહ છે.

શિક્ષણશાસ્ત્રી Ross અને Stanley (1963)(2) જણાવે છે કે, નિદાન કસોટી અથવા શૈક્ષણિક નિદાન પ્રવિધિ પાંચ સોપાનોની બનેલી છે. આ પાંચ સોપાનો નીચે મુજબ છે.

Five Levels of Educational Diagnosis

| | | |
|---|---|---|
| 1. | Who are the pupils having trouble ? | ક્યાં વિદ્યાર્થીઓને મુશ્કેલી છે ? |
| 2. | Where are the errors located ? | ભૂલો ક્યાં થાય છે ? |
| 3. | Why do errors occur ? | ભૂલો શા માટે થાય છે ? |
| 4. | What remedies are suggested ? | ક્યા ઉપચાર સૂચવી શકાય ? |
| 5. | How can errors be prevented ? | ભૂલો કેવી રીતે અટકાવી શકાય ? |

ટૂંકમાં, નિદાન કસોટીઓનો સંબંધ વિદ્યાર્થીઓ કયાં અને કયા પ્રકારની ભૂલો કરે છે તે શોધી કાઢવાનો છે. આ કસોટીઓ સિદ્ધિ કસોટીઓ કરતાં અનેક રીતે જુદી પડે છે.

નિદાન કસોટીઓ વિદ્યાર્થીઓની મુશ્કેલી શોધવાનું સાધન છે. તેથી તે સિધ્ધિ કસોટીની માફક અભ્યાસક્રમને સાર્વત્રિક રીતે આવરી લેતી નથી. નિદાન કસોટી અભ્યાસક્રમને આંશિક રીતે આવરી શકે છે. જે મુદ્દાઓમાં વિદ્યાર્થીઓ સામાન્ય રીતે ભૂલો કરતા હોય તેવા મુદ્દાઓનો નિદાન કસોટીમાં સમાવેશ થાય છે.

નિદાન કસોટીઓમાં સિદ્ધિ કસોટીની માફક પ્રાપ્તાંકોનું વિશેષ મહત્ત્વ હોતું નથી. નિદાન કસોટીઓમાં પ્રાપ્તાંકો કરતાં ઉત્તરોનું વિશ્લેષણ વધુ ઉપયોગી છે. વિદ્યાર્થી કયા ઉત્તરો ખોટા આપે છે આ ખોટા ઉત્તરોમાં ભૂલો કયા પ્રકારની છે તે જાણવું જરૂરી છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

નિદાન કસોટીમાં સમયમર્યાદા એટલી અગત્યની નથી. સિધિ કસોટીમાં ચોક્કસ સમયમાં ચોક્કસ પ્રશ્નોના ઉત્તર આપે તે જરૂરી છે. નિદાન કસોટીમાં વિદ્યાર્થી દરેક પ્રશ્નનો ઉત્તર આપે તે જરૂરી છે. આમ થાય તો જ વિદ્યાર્થીની બધી મુશ્કેલીઓ છતી થાય. આથી નિદાન કસોટીમાં સમયમર્યાદા જરૂરી નથી.

નિદાન કસોટીનાં પ્રશ્નો સાવ સીધે સીધા હોતા નથી. નિદાન કસોટીના પ્રશ્નો વધુ ઊંડાણવાળા હોય છે. આથી જે તે એકમમાં સમાવિષ્ટ દરેક ખ્યાલો સારી રીતે આવરી શકે, અહીં પ્રશ્નો એવા હોય છે. કે વિદ્યાર્થી સંતોષકારકને બદલે અસંતોષકારક પ્રત્યાઘાત આપે, -

નિદાન કસોટીઓ મુશ્કેલી ક્યાં છે તે શોધી શકે. તેનો પ્રકાર નક્કી કરી શકે પણ મુશ્કેલીનાં કારણો શોધી શકતી નથી. તે શોધવા માટે અન્ય પ્રવિધિઓ કરવો પડે. અવલોકન, વ્યક્તિ અભ્યાસનો ઉપયોગ

આટલી ચર્ચાને અંતે તમને નિદાન કસોટીની સંકલ્પના, તેનાં લક્ષણો કે ઉશિષ્ટતા અંગે ખ્યાલ આવી ગયો હશે. હવે આપણે તેની રચના વિશે વિચારીશું.

3 નિદાન કસોટીની રચનાનાં સોપાનો :

- સૌપ્રથમ જે બાબતને સ્પર્શતી નિદાન કસોટી રચવી હોય તે એકમના હેતુઓનું સ્પષ્ટીકરણ કરવું જોઇએ. અહીં કયા કયા મુદ્દાઓનો કસોટીમાં સમાવેશ કરવો છે તે પણ સ્પષ્ટ કરી લેવું જોઇએ. અહીં સમગ્ર અભ્યાસક્રમને આવરી લેવો જરૂરી નથી. કેટલાક મુદ્દા એવા હશે કે તેમાં વિદ્યાર્થી વારંવાર ભૂલ કરે જયારે કેટલાક મુદ્દામાં વિદ્યાર્થી ઓછી ભૂલ કરે. આથી એવા ચોક્કસ મુદ્દાઓ પકડવા કે જેમાં વિદ્યાર્થી-વિશેષતઃ મોટા ભાગના વિદ્યાર્થીઓ ભૂલો કરતા હોય. આ રીતે દરેક એકમના કઠિન મુદ્દાઓની યાદી તૈયાર કરવી જરૂરી છે. આ માટે પાઠ્યપુસ્તકનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરવો જરૂરી છે.

ટૂંકમાં, આ સોપાનમાં પાઠ્યક્રમની એકમવાર વહેંચણી કરી, અઘરા કે કઠિન મુદ્દાઓની યાદી તૈયાર કરી હેતુઓનું સ્પષ્ટીકરણ કરવું જોઇએ.

પાઠયક્રમનાં નક્કી કરેલા મુદ્દાઓમાં વિદ્યાર્થીઓ કયા પેટા એકમોમાં વારંવાર ભૂલો કરે છે તે શોધી કાઢવું જોઇએ. અહીં ભૂલોની યાદી તૈયાર થશે. ટૂંકમાં, આ સોપાન Error Analysisનું છે.

∆ ભૂલોની યાદી જુદીજુદી રીતે તૈયાર થઇ શકે.

✓ શિક્ષક પોતાના દૈનિક વર્ગશિક્ષણ કાર્ય દરમ્યાન વિદ્યાર્થીઓ વડે થતી સામાન્ય ભૂલોની માહિતી મેળવી શકે.

✓ ઘણીવાર પુનરાવર્તન કસોટીઓ લેવામાં આવે છે. આ કસોટીને આધારે ભૂલો કયાં થાય છે તે શોધી શકાય.

✓ શિક્ષકો અને જે તે ક્ષેત્રના નિષ્ણાતોનો અભિપ્રાય મેળવીને ભૂલોની યાદી તૈયાર થઇ શકે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

✓ નોંધપોથી જોઈને એ તેઓ કયાં ભૂલો કરે છે, તે શોધી શકાય.

✓ ત્રિમાસિક,છમાસિક કે વાર્ષિક પરીક્ષાની જવાબવહીઓનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરી ભૂલો શોધી શકાય. જે પ્રશ્નોમાં વિધાર્થી પૂરા ગુણ મેળવી શકતો નથી તેવા પ્રશ્નોમાં વિધાર્થી કયા પ્રકારની ભૂલો કરે છે, તે શોધી શકાય.

વિધાર્થી ક્યાં અને કયા પ્રકારની ભૂલો કરે છે તે જાણ્યા પછી દરેક મુદ્દાને લગતા પ્રશ્નોની રચના કરી શકાય. અહીં વસ્તુલક્ષી ટૂંકા ઉત્તરવાળા કે નિબંધ પ્રકારના પ્રશ્નો પણ પૂછી શકાય. પ્રશ્નોની રચનામાં ખૂબ જ કાળજી રાખવી જરૂરી છે.

પ્રશ્નોની રચના કર્યા પછી આ પ્રકારની ભૂલો વિધાર્થી વારંવાર કરે છે જ કે કેમ તે જાણવા માટે અજમાયશ કરી લેવી જોઇએ. એક નાનકડા નબળા કહી શકાય એવા જૂથને કસોટી પ્રશ્નો આપી અજમાયશ કરવાથી ખબર પડશે કે ખરેખર આ પ્રશ્નોમાં વિધાર્થીઓ વારંવાર ભૂલો કરે છે. આ રીતની અજમાયશ કરવાથી અતિ સરળ પ્રશ્નોને પણ તમે બાદ કરી શકશો. આ અજમાયશ પહેલાં નિષ્ણાત કે અનુભવી શિક્ષકો પાસે પણ પ્રશ્નોની સમીક્ષા કરાવી શકાય. નાના જૂથ પર થયેલ અજમાયશથી આપણને ખબર પડશે કે ભૂલોનું નિદાનાત્મક મૂલ્ય છે.

આ રીતે અંતિમ કસોટી તૈયાર થશે. તેમાં જરૂરી સૂચના આપવી જોઈએ.

**(૪)નિદાન કસોટી નો ઉપયોગ કરવાની રીત :**

-નિદાન કસોટી બાળકોની નબળાઇ શોધવા માટે ઉપયોગી છે તેવો તે વર્ગનાં બધાં બાળકોને આપવાની હોતી નથી. સિધ્ધિ કસોટીને આધારે કયા વિધાર્થીઓ નબળાં છે તે શોધી શકાય અને આવા વિધાર્થીને જ કસોટી આપી શકાય.

- નિદાન કસોટી આપતાં પહેલાં બાળકોને એવી જાણ ન થવી જોઇએ કે તેઓ નબળાં છે માટે તેમને કસોટી આપવામાં આવે છે. આમ થાય તો તેમને લઘુતાગ્રંથિ આવી જવાનો સંભવ છે.

- નિદાન કસોટીમાં વિધાર્થી બધા જ પ્રશ્નોનો ઉત્તર આપે તે જરૂરી છે. આથી અહીં ચોક્કસ સમય મર્યાદા જરૂરી નથી. વિધાર્થીને બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા માટે પૂરતો સમય હોવો જરૂરી છે.

- વિધાર્થીઓને જરૂરી સૂચના આપવી જોઈએ. તેઓ કોઈપણ પ્રકારની ગણતરી કરે તે પણ જવાબવહીમાં જે તે ઉત્તરની સામે કરે તેમ કહેવું જરૂરી છે. આમ કરવાથી સાચા અર્થમાં ભૂલ કયાં થાય છે તે જાણી શકાય છે.

નિદાન કસોટીનાં ઉત્તરોનું વિશ્લેષણ ખૂબ જ ઝીણવટપૂર્વક કરવું જોઈએ. લાંબા ઉત્તરમાં કયાં, કયા પ્રકારની ભૂલ થાય છે તે કાળજીપૂર્વક જોવું જોઈએ. વિધાર્થીઓના ખોટા ઉત્તરોનું પૃથક્કરણ કરવાથી તેમનાં ખોટા ખ્યાલો, ખોટી માહિતી, કેટલાંક વિશિષ્ટ કૌશલ્યોની ભૂલોનો તાગ મેળવી શકાય છે આવી માહિતી જેટલી વિશિષ્ટ હોય

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

તેટલે અંશે નિદાન અસર કારક કહેવાય. વિદ્યાર્થીને સમીકરણનો ઉકેલ આવડતો નથી એ બાબત કરતાં વિદ્યાર્થીને વિરોધી અને વ્યસ્ત સંખ્યા વિશે માહિતી નથી, એ માહિતી વિશેષ ઉપયોગી નીવડે.

- નિદાન કસોટી દરમ્યાન વિદ્યાર્થીઓનાં હાવભાવ પણ શક્ય હોય તો નોંધવા જોઈએ. કસોટી લાવતાં તેમના નકારાત્મક ભાવો હોય તો તે જાણીને ચર્ચા કરવી જોઈએ.

(5) નિદાન કસોટીના ઉપયોગો :

- વિદ્યાર્થી કયા કયા પ્રકારની ભુલો કરે છે તે શોધવા માટે નિદાન કસોટી ખૂબ જ ઉપયોગી છે. વિદ્યાર્થી પાયાના ખ્યાલો (Basic Concepts)માં કાચો હોય તો તે આગળના ખ્યાલો સમજવામાં મુશ્કેલી અનુભવે છે. આને કારણે તે નિર્ધારિત ગુણ મેળવી શકતો નથી. રસ્તોગી (1991)(3) એ સંશોધન દ્વારા સાબિત કર્યું છે કે ગણિત જેવા વિષયોમાં નીચી સિદ્ધિ ધરાવનારાં (Low achievers) તેમનાં પાયાના ખ્યાલો (Basics) માં ખૂબ જ નબળા હતા. લાંબા ગાળે આવા વિદ્યાર્થીઓનું જે-તે વિષય તરફ વલણ પણ નકારાત્મક બની જાય છે. આવી પરિસ્થિતિમાં શિક્ષક પાયાના ખ્યાલો આધારિત (Prediagnosis test) નિદાન કસોટી તૈયાર કરી વર્ષને પ્રારંભે આપીને વિદ્યાર્થીઓની નબળાઇ શોધી કાઢે તો તેને અધ્યયન યોજનાના આયોજનમાં મદદરૂપ થાય.

-નિદાન કસોટીનાં પરિણામોનો ઉપયોગ ઉપચાર શિક્ષણમાં થઈ શકે. નિદાન કસોટીને આધારે ક્યાં અને ક્યા પ્રકારની ભૂલ થાય છે તે શોધી જરૂરી ઉપચાર કરવાથી શિક્ષણની ગુણવત્તા સુધરે છે. ધોરણ- 8 માં આવનાર બાળકો માટે ગણિતના પાયાના ખ્યાલો આધારિત આવી જ એક કસોટી કોઠારી અને જયોર્જ (1998)(4) દ્વારા રચવામાં આવેલ છે. આ કસોટીને આધારે વિદ્યાર્થીના પ્રાપ્તાંકો મેળવી, વિદ્યાર્થીઓ કયાં ભૂલો કરે છે તે શોધીને ઉપચાર શિક્ષણ ગોઠવી શકાય. આ કસોટીનો ઉપયોગ કચ્છ, વડોદરા, સુરત જેવા જિલ્લાઓમાં થયો છે.

- શિક્ષણ સુધાર કાર્યક્રમમાં નિદાન કસોટીઓ ખૂબ જ ઉપયોગી છે. વિદ્યાર્થીના પાયાના ખ્યાલો અંગેની ભૂલો શોધી શકાય. તે પ્રમાણે ઉપચાર કાર્યક્રમ ગોઠવીને ભૂલોનું નિરાકરણ કરી શકાય. આમ પાયાના ખ્યાલોની સ્પષ્ટતા થઈ જતાં વિદ્યાર્થીની સિદ્ધિમાં ક્રમશઃ વધારો થાય છે અને લાંબા ગાળે વિદ્યાર્થીનું જે-તે વિષય પ્રત્યે હકારાત્મક વલણ થાય છે. આમ શિક્ષણની ગુણવત્તામાં સુધારો જોવા મળે છે.

ટૂંકમાં, શિક્ષકે પોતાના અનુભવોનો ઉપયોગ કરીને આવી કસોટીઓ જુદાજુદા Pજયોમાં રચવી જોઈએ. સાચા અર્થમાં વિદ્યાર્થીઓની મુશ્કેલીઓનું નિદાન કરવામાં મા કસોટીઓ ઉપયોગી છે. સાચા અર્થમાં ઉપચાર કરવા માટે નિદાન કસોટીનાં દૂણામો ખૂબ જ ઉપયોગી છે.

(2)સંસ્કૃતમાં ઉપચારાત્મક કાર્ય

(1) ઉપચારની સંકલ્પના :

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

*ઉપચાર એ નિદાન બાદ ઉપચાર થઇ શકે છે. નિદાન કાર્ય કર્યા બાદ જે-તે વિદ્યાર્થીઓની વ્યક્તિગત મુશ્કેલીઓ દૂર કરવા માટેના પ્રયત્નોને ઉપચાર કહેવામાં આવે છે. ઉપચાર નિદાન પછી થાય છે. નિદાનાત્મક કાર્ય કર્યા બાદ જો ઉપચારાત્મક કાર્ય કરવામાં ન આવે તો નિદાનનો કોઈ અર્થ રહેતો નથી.

(2) ઉપચાર કાર્યનુ મહત્વ :

નિદાન કાર્યથી વિદ્યાર્થીઓની કચાશ-ક્ષતિઓ યા નબળાઈઓ જાણી શકાય છે. વિદ્યાર્થી ની વ્યક્તિગત મુશ્કેલીઓ દૂર કરવા માટેના વિવિધ પ્રયત્નોને ઉપચાર કહેવામાં આવે છે. નિદાન કર્યા પછી જો ઉપચાર કરવામાં ન આવે તો નિદાનનો કોઇ અર્થ રહેતો નથી.

ઉપચારથી વિદ્યાર્થીઓની કચાશ દૂર થઇ જાય છે.

વિદ્યાર્થીઓની ભૂલોનું નિવારણ થઇ શકે છે.

શિક્ષણ અસરકારક બને છે.

શિક્ષણની અને વિદ્યાર્થીઓની ગુણવત્તા સુધરે છે.

વિદ્યાર્થીઓની સિદ્ધિઆંકનું પ્રમાણ સુધરે છે.

(3) ઉપચાર કાર્યના હેતુઓ :

ઉપચારકાર્યના નીચેના જેવા હેતુઓ હોઇ શકે છે.

વિદ્યાર્થીઓની જે-તે બાબતની કચાશ-ત્રુટિઓ દૂર કરવી

અસરકારક શિક્ષણપદ્ધતિનો ઉપયોગ કરવો.

વિદ્યાર્થીઓને નડતી મુશ્કેલીઓ દૂર કરવી.

વિદ્યાર્થીઓની શક્તિનો ઉચિત દિશામાં વિકાસ કરવો.

વિદ્યાર્થીઓમાં ઉચિત અભ્યાસટેવોનું ઘડતર કરવું.

ઉપરના હેતુઓને ધ્યાનમાં રાખીને જો ઉપચારકાર્ય કરવામાં આવે તો નિદાનકાર્ય બાદ વિદ્યાર્થીઓની શૈક્ષણિક કચાશો – નિર્બળતાઓ દૂર કરી શકાય.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

જો કે ઉપચારાત્મક કાર્ય માટે વિવિધ સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. ખાસ કરીને સંસ્કૃત ભાષામાં વાચનદોષ, જોડણીદોષ, ઉચ્ચારદોષ તેમજ લેખનદોષ-સુધારવા તેમનું નિદાન કરીને ઉપચારાત્મક કાર્ય કરી શકાય.

(4) સંસ્કૃતમાં ઉપચારાત્મક કાર્યનો નમૂનો :

સાચી અને શુધ્ધ જોડણી એ ભાષા શિક્ષણનું અનિવાર્ય અંગ છે. જોડણી પ્રત્યે વિધાર્થીઓ અને શિક્ષકોમાં જોઈએ તેટલી સભાનતા જોવા મળતી નથી. આ અંગે ઉપચારાત્મક કાર્યમાં નીચેનાં સોપાનો અનુસરવાં જોઈએ.

જોડણીના દોષો માટે નિદાનાત્મક કસોટી આપવી.

લેખનકાર્ય તપાસી જોડણીની ભૂલો શોધવી.

લેખનકાર્ય કરાવવું.

કસોટીની ઉત્તરવહીઓ તપાસવી.

આમ જોડણીદોષ શોધ્યા પછી તેમને દૂર કરવાના ઉપાયો કરવા જોઈએ.

ઉપચાર - ઉપાયો :

* માતૃભાષાનો પ્રભાવ દૂર કરવો

જોડણી સુધારો, અંત્યાક્ષરી, સમાનાર્થી, વિરુધ્ધાર્થી શબ્દો લખવવા.

દરરોજ વર્ગમાં જોડણીશુધ્ધિ માટે સમય ફાળવવો.

અઘરી જોડણીનો ચાર્ટ બનાવીને જે – તે વર્ગમાં મૂકવો.

કા.પા. પર જોડણીના નમૂના પૂરા પાડવા.

જોડણી સપ્તાહ ઊજવવું.

ઉચ્ચારણશુધ્ધિ માટે પ્રયાસો કરવા.

સામાન્ય ભૂલો થાય તેવા શબ્દો પાઠ્યપુસ્તકમાંથી શોધીને તેના ચાર્ટ બનાવવા.

વિધાર્થીઓને વ્યાકરણનું જ્ઞાન આપવું.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

જોડણીકોશનો ઉપયોગ કરતાં શીખવવું.

નોટબુકો તપાસીને ભૂલો સુધારવાનું અનુકાર્ય આપવું.

શાળામાં જોડણી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજવી.

આ રીતે અન્ય બાબતોનું પણ ઉપચારાત્મક કાર્ય થઇ શકે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## એકમ-2
## વર્ગ શિક્ષણની પ્રવૃત્તિઓ

2.1 અનુલેખન, શ્રુતલેખન અને ગાન

2.2 વર્ગેતર પ્રવૃત્તિઓ

(1) ભીંતપત્રો

(2) બાહ્ય પરીક્ષાઓ

(3) રમત દ્વારા સંસ્કૃત – શિક્ષણ

(4) સંસ્કૃત – સંભાષણ

(5) સંસ્કૃત સામયિકોનો પરિચય

### 2.1 અનુલેખન શ્રુતલેખન અને ગાન

**: મુદ્દા :**

**1. પ્રાસ્તાવિક**

**2. વર્ગશિક્ષણ ની પ્રવૃત્તિઓ**

**( 1 ) અનુલેખન**
**( 2 ) શ્રુત લેખન**
**( 3 ) ગાન**

**1.પ્રાસ્તાવિક**

**બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ ગમે છે. પ્રવૃત્તિ એ અનુભવની જનેતા છે, અને અનુભવ એ જ્ઞાનનો જનક છે. પ્રવૃત્તિહીનતામાંથી હીન પ્રવૃત્તિઓ જન્મે છે. પ્રવૃત્તિહીન શિક્ષણ એ આત્મા વિનાના શરીર જેવુ છે. પ્રવૃત્તિઓ દ્વારા બાળકની અંતર્ગત સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય છે. તેનામાં રહેલી જન્મજાત શક્તિઓને વિકસવાની તક આ પ્રવૃત્તિઓ પૂરી પાડે છે. બાળકોને જો યોગ્ય પ્રવૃત્તિઓ આપવામાં ન આવે તો તેમની શક્તિઓ કુંઠિત થઈ જાય છે. તે નિષ્ક્રિય અને નીરસ બને છે.**

**આથી બાળકોને સક્રિય રાખવા માટે કેટલીક પ્રવૃત્તિઓનું આયોજન ઝડપી બને છે. સંસ્કૃત શિક્ષણ માટે બે પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાયઃ**

**(1) વર્ગશિક્ષણ દરમિયાનની પ્રવૃત્તિઓ અને હવે આ પ્રવૃત્તિઓ વિશે જોઈશું.**

**કેટલીક વર્ગેતર પ્રવૃત્તિઓ.**

2. વર્ગ શિક્ષણ દરમિયાનની પ્રવૃત્તિઓ

વર્ગ શિક્ષણ દરમિયાનની પ્રવૃત્તિઓ એટલે સંસ્કૃત શિક્ષક જે-તે શિક્ષણ આપતી વખતે સંસ્કૃત વિષયને પોષક અને પ્રેરક જે પ્રવૃત્તિઓ વર્ગખંડમાં કરે છે, તેમનો અહીં સમાવેશ કરવામાં આવ્યો છે.

( 1 )અનુલેખન

સંસ્કૃત શિક્ષણમાં અનુલેખનની પણ ઉપેક્ષા થાય છે. વિર્ઘાર્થીઓને શરૂઆતના તાસમાં અનુલેખનનો મહાવરો આપવો જરૂરી છે. વિધાર્થીઓ પુસ્તકમાં જોઈને સંસ્કૃત વાક્યો સારા અક્ષરે પોતાની નોટબુકમાં લખે તેને અનુલેખન કહે છે.

લેખનનો અભ્યાસ કરવા માટે અનુલેખન એક સારું સાધન છે. પ્રારંભના વર્ષોમાં વિદ્યાર્થીઓ કોપીબુકનો આશ્રય લઈ તેનો ઉપયોગ કરે તે ઇચ્છનીય છે. કોપીબુકમાં પ્રારંભમાં મોટા કદના અક્ષરો છાપેલા હોય છે. નીચે ખાલી જગ્યા હોય છે. બાળકો અક્ષરોનું અનુકરણ કરી મુદ્રિત અક્ષરો પ્રમાણે સુંદર અને મરોડદાર અક્ષરો લખવા પ્રયત્ન કરે છે. પ્રારંભિક વર્ષોમાં ભાષા શીખવા કોપી બુક કે સુલેખન બુકનો ઉપયોગ કરવામાં આવતો હતો, પરંતુ હવે તેના તરફ દુર્લક્ષ સેવાઈ રહ્યું છે. પ્રારંભિક વર્ષોમાં વિદ્યાર્થી સારી રીતે અનુલેખન કરીને જો અક્ષરો લખતાં શીખે તો વધુ ઇચ્છનીય છે. હવે જ્યારે ધોરણ 6 થી સંસ્કૃત ભાષા શીખવવાનો પ્રારંભ થયો છે ત્યારે સંસ્કૃત ભાષા શિક્ષણમાં અનુલેખન માટે કોપીબુક પ્રારંભમાં દાખલ કરવી -કોઈએ, જેથી વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાની દેવનાગરી લિપિમાં લખવામાં સુધારણા ાય.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

દેવનાગરી લિપિમાં શિરોરેખા આવશ્યક છે. દરેક અક્ષર પર અલગ અલગ શિરોરેખા કરતાં શીખવવું જોઈએ, જે અનુલેખન દ્વારા અસરકારક રીતે શીખવી શકાય.

વિદ્યાર્થીને ગદ્ય કે પદ્યાંશનું અનુલેખન કરવા પુસ્તકમાંથી નિર્દેશ કરી શકાય. શરૂઆતમાં આ પ્રકારનું અનુલેખન નિયમિત કરાવવાથી વિદ્યાર્થીના લખાણમાં અક્ષરોનું અંતર, અક્ષરોનો મરોડ, બે શબ્દો વચ્ચેનું અંતર, શુદ્ધ જોડણી અને વિરામચિહ્નોને ધ્યાનમાં રાખી લખતાં શીખે છે. આ માટે શિક્ષકે અનુલેખન ચકાસી યોગ્ય માર્ગદર્શન પૂરું પાડતાં રહેવું જોઈએ.

અનુલેખન કરતાં પાનાની ડાબી બાજુએ હાંસિયો રાખવો, તથા પાનાની ઉપર નીચે થોડી ખાલી જગ્યા રાખવી. બે લીટીઓ વચ્ચે ઉચિત અંતર રાખવું વગેરે લેખનકાર્યની જરૂરી બાબતો શીખે છે. આમ અનુલેખન કાર્ય દ્વારા વિદ્યાર્થીઓના હસ્તાક્ષરમાં સુધારણા થાય છે

આમ અનુલેખન કાર્ય દ્વારા વિદ્યાર્થીઓના હસ્તાક્ષરમાં સુધારણા થાય છે તથા લેખનકાર્ય સુવ્યવસ્થિત રીતે કરતા શીખે છે.

(2) શ્રુતલેખન :

સંસ્કૃત શિક્ષણમાં લેખનનો હેતુ મર્યાદિત છે વિદ્યાર્થીઓ સુલેખન કરતા શીખે એ હેતુ આપણે સ્વીકાર્યો છે. અભ્યાસક્રમમાં શ્રુતલેખનને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. પરંતુ આપણે ત્યાં સુલેખન માટે શ્રુતલેખનનો ઉપયોગ ભાગ્યે જ થતો જવામાં આવે છે. શ્રુતલેખન પ્રત્યે પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. શિક્ષકોનું માનવું છે કે વિદ્યાર્થીઓને પુસ્તકમાં જોઈને શુદ્ધ વાચન કે લેખન કરતાં આવડતું નથી ત્યાં શ્રુતલેખન કઈ રીતે કરી શકે ? પરંતુ આ માન્યતા ભૂલભરેલી છે. શિક્ષક વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી કોઈ કોઈવાર શ્રુતલેખન કરાવે તો વિદ્યાર્થીઓ શ્રુતલેખન કરતાં શીખી શકે અને તેનાથી સંસ્કૃત શિક્ષણમાં તેમને ઘણો લાભ થાય છે.

અર્થ : શ્રુતલેખન એટલે સાંભળીને લખવું તે. શિક્ષક ધીમે-ધીમે શુદ્ધ ઉચ્ચારથી બોલતા જાય અને તેમનું બોલેલું સાંભળી વિદ્યાર્થીઓ લેખન કાર્ય કરે તેને શ્રુતલેખન કહેવામાં આવે છે.

મહત્વ :

લેખનના ઉચિત અભ્યાસ માટે શ્રુતલેખન મહત્ત્વનું છે. તેનાથી.....

વિદ્યાર્થીઓનું શ્રવણ કૌશલ્ય કેળવાય છે. બોલેલું બરાબર સાંભળવાની ટેવ પડે છે, સાંભળીને લખવાની ટેવ પડે છે.

વિદ્યાર્થીઓને શીઘ્રતાથી ઉચિત ઝડપે લેખનકાર્ય કરવાનો મહાવરો મળે છે.

શુદ્ધ જોડણીથી – શુદ્ધ લેખન કરતાં શીખવાની તક મળે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

શીખેલ વસ્તુ સાથે લખાણ દરમ્યાન અનુબંધ સધાય છે.

વિદ્યાર્થીઓના લેખન કાર્યનું મૂલ્યાંકન થઇ શકે છે.

શ્રુતલેખનમાં ઝડપ, સુંદર અક્ષરો, જોડણી શુદ્ધિ અનિવાર્ય હોઇ વિદ્યાર્થીઓમાં આ ટેવો વિકસે છે.

વિદ્યાર્થીઓની શ્રુતલેખનથી એકાગ્રતા કેળવાય છે, એકાચતાપુર્વક શ્રવણ કરે છે, અને લેખનકાર્ય કરે છે.

સંસ્કૃતમાં હલન્ત અક્ષરો, જોડાક્ષરો, વિસર્ગ વગેરેના લેખનમાં સુધારણા થાય છે.

વિદ્યાર્થીઓને ભાષાકીય ભુલો તરફ ધ્યાન દેવાની ટેવ પડે છે.

વિદ્યાર્થીઓ શ્રુતલેખન દ્વારા ભાષા અને વ્યાકરણ પ્રત્યે વધુ કાળજી રાખતા થાય છે.

આમ સંસ્કૃત શિક્ષણના પ્રારંભિક વર્ષોમાં એટલે કે ધોરણ 6 અને 7 માં શ્રુતલેખનનો મહાવરો કરાવવામાં આવે તો વિદ્યાર્થીઓના લેખનકાર્યની સુધારણા થઇ શકે છે.

વર્ગશિક્ષણ દરમ્યાન શ્રુતલેખન આપતી વખતે શિક્ષકે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ.

વિદ્યાર્થીઓને શ્રુતલેખન કરાવતી વખતે યોગ્ય રીતે બેસાડવા જોઇએ. તેમને યોગ્ય રીતે પેન પડવાનું અને લખવાની રીત વિશે યોગ્ય માર્ગદર્શન આપવું જોઇએ.

શિક્ષકે શ્રુતલેખન કરાવતી વખતે વિદ્યાર્થીઓ જોઇ શકે, સાંભળી શકે તેવી જગ્યાએ ઊભા રહેવું જોઇએ.

શિક્ષકના પોતાના ઉચ્ચારો સ્પષ્ટ અને શુદ્ધ હોવા જોઇએ. વ્યંજનાન્ત, સ્વરાન્ત, અનુનાસિક, હલન્ત અને વિસર્ગનું સ્પષ્ટ ઉચ્ચારણ થવું જોઇએ.

શિક્ષકે બોલવાની ઝડપ ધીમી રાખવી જોઇએ.

બોલવાની પદ્ધતિ એવી હોવી જોઇએ કે વિદ્યાર્થીઓ સમજતાં જાય અને લખતાં જાય.

વિરામચિહ્નોની યોગ્ય સૂચના આપવી જોઇએ.

જે ગદ્ય કે પદ્ય ખંડ લખાવવાનું હોય તેનો સંપૂર્ણ અભ્યાસ થઇ ગયા પછી જ શ્રુતલેખન આપવું જોઇએ. અતિ સરલ કે કઠિન ફકરો કે શ્લોક શ્રુતલેખન માટે પસંદ કરવા નહિ.

શ્રુતલેખન કાળજીપૂર્વક તપાસવું જોઇએ અને ભૂલો સુધરાવવી જોઇએ. ભૂલો થવાનાં કારણો સમજાવવાં જોઇએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

શ્રુતલેખનનો મહાવરો સમયાંતરે આપતા રહેવું જોઈએ.

આમ શ્રુતલેખનથી વિદ્યાર્થીઓના શ્રવણ કૌશલ્યનો વિકાસ થાય છે. તેમની એકાગ્રતા કેળવાય છે, લેખનકાર્યમાં યોગ્ય ઝડપ આવે છે અને લેખનકાર્યનું મૂલ્યાંકન થતાં તેમની ત્રુટિઓની સુધારણા થાય છે.

(3) : ગાન

સત્ય શિક્ષણમાં ગાને આવશ્યક છે સંસ્કૃતમાં રચાયેલા બધા જ લોકો લયપૂર્ણ હોય છે. લય એ કાવ્યનું અનિવાર્ય ઘટક છે. પદ્ય ગાઈને શીખવાય. પદ્ય શિક્ષકે સુંદર ઢબે હાવભાવપૂર્વક મધુર કંઠે, વિદ્યાર્થીના હ્રદય પર સચોટ અસર કરે તે રીતે રજૂ કરવું જોઈએ. શિક્ષકે વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખીને તેમને સાંભળવા શ્લોકગાન કરવાનું છે. શિક્ષક મધુર સ્વરે ગાઈ ન શક્તો હોય તો અન્ય સાથી શિક્ષક મિત્રની મદદ લેવી જોઈએ અથવા તો નવી ટેક્નોલોજી ધરાવતા સાધન- કેસેટ, ટેપરેકોર્ડરનો ઉપયોગ કરી શ્લોકગાન રજૂ કરવું જોઈએ. ટૂંકમાં, પદ્યને રજૂઆત વિદ્યાર્થીને આદર્શ ગાનનો નમૂનો મળી રહે તેવી હોવી જોઈએ.

શિક્ષક લયબદ્ધ રીતે ગાય એના અવાજમાં મધુરતા હોય, યોગ્ય હાવભાવ હોય, યોગ્ય આરોહ-અવરોહ હોય, સ્પષ્ટ ઉચ્ચાર હોય એ જરૂરી છે. વિદ્યાર્થી પણ શ્લોકગાન વખતે આ કાળજી રાખે એ જરૂરી છે. શિક્ષકે રજૂ કરેલા આદર્શ કાવ્યગાનમાં સમગ્ર વર્ગ જોડાય. આખાય વર્ગના વિદ્યાર્થીઓ તાલબદ્ધ રીતે ગાય એ દૃશ્ય રોમાંચક છે. આવા સમૂહગાનથી શિક્ષણમાં રસ પેદા થાય છે. વિષય પ્રત્યેનો અણગમો દૂર થાય છે. સંકોચ અનુભવતા વિદ્યાર્થીઓને ખૂલવાની તક મળે છે. અભિવ્યક્તિની મોકળાશ મળે છે. આથી સમૂહગાનની તક શિક્ષકે જતી ન કરવી જોઈએ. સમૂહગાન સાથે વ્યક્તિગત ગાનની તક પણ વિદ્યાર્થીને પૂરી પાડવી જોઈએ. સારું ગાઈ શકે એવા વિદ્યાર્થી પાસે મધુર સ્વરે શિક્ષકે ગાન કરાવવું જોઈએ. શક્ય તેટલા વિદ્યાર્થીઓને વ્યક્તિગત ગાનની તક પૂરી પાડવી જોઈએ.

કાવ્યગાનથી ધ્વનિ તરફ દરેકનું મન ખેંચાય છે. એમાં જયારે તાલબદ્ધ રજૂઆત થતી હોય, પ્રાસ જળવાતો હોય, અલંકારોનો ઉપયોગ થતો હોય, સૂરની જમાવટ થતી હોય, આરોહ-અવરોહ જળવાતો હોય ત્યારે કાવ્યનું નાદસૌદર્ય પદ્યના શિક્ષણને જીવંત બનાવે છે.

આ પ્રકારના શ્લોકગાનથી કાવ્ય શિક્ષણમાં નીચેના જેવા હેતુઓ સિદ્ધ થતા હોય છે.

કાવ્યગાનથી શબ્દાર્થ અને ભાવાર્થ સમજવામાં સરળતા પડે છે.

રસગ્રહણ કરવામાં સહાય થાય છે. વાતાવરણ આનંદથી સભર બને છે.

વિદ્યાર્થીઓ કાવ્યના ગેયતાથી પરિચિત થાય છે.

ગાનથી કાવ્યનો આસ્વાદ માણી શકે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

વિદ્યાર્થીના હૃદય પર સુંદર અસર થાય છે. તેઓ પણ ગાવા અધીરા બને છે. વિદ્યાર્થીઓને કાવ્યગાન પ્રત્યે અનુરાગ જન્મે છે.

સંસ્કૃત ભાષાની મધુરતાનું રસપાન થાય છે. રસાસ્વાદ માટેની વિદ્યાર્થીઓ દૃષ્ટિ ખીલે છે.

કાવ્યના ભાવ અનુભવવામાં ગાન ઘણું અસરકારક છે.

વિદ્યાર્થીઓ કાવ્યગાનને અંતરના ઉમળકાથી માણે છે.

વર્ગમાં કાવ્યમય વાતાવરણ તૈયાર થાય છે, વિદ્યાર્થીઓ રસોન્મુખ થાય છે.

કાવ્યગાન વિદ્યાર્થીઓમાં થનગણાટ, તેમનામાં ગણગણાટ અને તેમની આંખોમાં ચમક પેદા કરે છે, જે કાવ્યગાનની સફળતા છે.

કાવ્યગાનથી આંખ, કાન અને હ્યદયનો સુમેળ સધાય છે.

કાવ્યગાનથી તેમાં સંતાયેલ ભાવ નીતરવા માંડે છે અને રસ ઝરવા માંડે છે જે કાવ્ય શિક્ષણની સફળતા છે.

આમ, ગાનથી વિદ્યાર્થીઓની કાવ્યશિક્ષણ પ્રત્યે અભિરુચિ વધે છે. કાવ્યશિક્ષણ સફળ થાય છે.

## 2.2 વર્ગતર પ્રવૃત્તિઓ

**: મુદ્દા :**

**2.1 ભીંતપત્રો**

**2.2 બાહ્ય પરીક્ષાઓ**

**2.3 વિવિધ રમતો દ્વારા સંસ્કૃત - શિક્ષણ**

**2.4 સંસ્કૃત સંભાષણ**

**2.5 સંસ્કૃત સામયિકોનો પરિચય**

SHREE H.N. SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**પ્રસ્તાવના**

વર્ગ તરફ પ્રવૃત્તિઓ એટલે વર્ગખંડની બહાર સંસ્કૃતના અધ્યયન અધ્યાપનને પોષક અને વિકાસ કરનારી પ્રવૃત્તિઓ. આવી પ્રવૃત્તિઓ સંસ્કૃતના માધ્યમ દ્વારા જ કરવામાં આવે છે , જેથી વિદ્યાર્થીઓના મૌખિક અભિવ્યક્તિ ,શ્રવણ, વાંચન અને લેખન જેવા કૌશલ્યો કેળવાય છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓની સંસ્કૃત ભાષા તરફની અભિરુચિ કેળવવામાં ઉપકારક નિવડે છે આ પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે.

---

**2.1 ભીંતપત્રો**

ભીંત પત્ર એક એવું આકર્ષક સાધન છે કે અજાણીએ આપણા ચિત્ત પર અસર છોડીએ જ જણાય છે. ભીંત ચિત્ર એટલે વ્યક્તિનું ધ્યાન ખેંચી તેના મન ઉપર મહત્વના વિચારનું આવરણ પાથરી દેવાનું એક દૃશ્ય સાધન.પોતાના વિચારને અન્ય વ્યક્તિ સુધી પહોંચાડવા માટે પોસ્ટર એક આકર્ષક અને અદિત્ય માધ્યમ છે.

પોસ્ટર અનાવવા સહેલાં નથી. તે ચિત્ર શિક્ષક કે કલાશિક્ષકની મદદગી મનાવી શકાય. જરૂર છે કૌશલ્ય, ચિંતન અને સુઝની. પોસ્ટર સાદા અને આઇ હોય, તે સરળ અને ધ્યાનાકર્ષક હોય છે, તેમાં રજૂઆતના પ્રત્યેક મુદાઓ સ્ફુટ વના રહે છે. તેમાં બને તેટલાં ઓછા શબ્દોનો પ્રયોગ થયેલ હોય છે. કારણ જે રજૂ રચત છે તે ચિત્રો, ડિઝાઈન કે ફોટા દ્વારા રજૂ થવું જોઇએ. શબ્દો માત્ર ગુલાકારો આપવા પૂરતા હોય છે.

સંસ્કૃતમાં વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરવા માટે પોસ્ટરનો ઉપયોગ કરી શકાય. દા.ત. નર્મદા નદીનો પાઠ શીખવવાનો હોય તો નર્મદા નદી, સરદાર સરોવરનું પોસ્ટર વિદ્યાર્થીઓને બતાવી વિષયાભિમુખ કરી શકાય. સંસ્કૃતનું વાતવરણ ઊભું કરવા પણ ભીંતપત્રોનો ઉપયોગ થઇ શકે.

શ્લોકોના અર્થ સમજાવતી વખતે, ગદ્ય વિશે માહિતી આપતી વખતે અથવા રાજજનો, દુર્જનો વિશે વાત કરતી વખતે પોસ્ટરનો ઉપયોગ થઇ શકે. આ ઉપરાંત સંસ્કૃત સાહિત્યના કવિઓ, લેખકો, નાટયકારોના જો પોસ્ટર બનાવે અથવા તો ભાસનાં નાટકો કે અન્ય નાટકો પર પોસ્ટર બનાવે તો ઉત્કૃષ્ટ કાર્ય થઇ શકે. આ કાર્યથી વિદ્યાર્થીઓને Learning by doing ક્રિયા દ્વારા શિક્ષણનો અનુભવ મળશે. વિદ્યાર્થીઓને કંઇ કર્યાનો સંતોષ પ્રાપ્ત થશે. આમ સંસ્કૃત શિક્ષણમાં ભીંતપત્રો પણ ઉપયોગી સાધન બની શકે છે. વિદ્યાર્થીઓને આ પ્રકારની પ્રવૃત્તિ આપી ભીંતપત્રો તૈયાર કરાવી શકાય.

2.2 બાહ્ય પરીક્ષાઓ

સંસ્કૃત ભાષામાં લેવાતી બાહ્ય પરીક્ષાઓનું મહત્ત્વ ઘણું છે. વિદ્યાર્થીઓની સંસ્કૃત પ્રત્યેની અભિરુચિ જાગ્રત કરવા માટેનું આ સશક્ત આધારભૂત સાધન છે. શાળાના અભ્યાસક્રમને અનુલક્ષીને લેવાતી આ પરીક્ષાઓ સંસ્કૃત

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

ભાષાના વિકાસમાં મહાત્વનો ભાગ ભજવે છે. જુદી જુદી પાઠશાળાઓ, સૌરાષ્ટ્ર વિશદ્ પરિષદ જામનગર, બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ ઉપરાંત અન્ય સંસ્થાઓ દ્વારા વર્ષ દરમ્યાન જદા જુદા સમયે પરીક્ષાઓનું સંચાલન કરવામાં આવે છે. આવી પરીક્ષાઓમાં ઉપસ્થિત થવા વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી શકાય જેના પરિણામે વિદ્યાર્થીઓનું સંસ્કૃત ભાષા અંગેનું જ્ઞાન વિસ્તૃત અને સમૃધ્ધ બને છે. સંસ્કૃત શિક્ષણમાં તેમને રુચિ પેદા થાય છે.

2.3 રમત દ્વારા સંસ્કૃત શિક્ષણ

સંસ્કૃતશિક્ષણ દરમ્યાન સરળ અને વિવિધ પ્રકારની રમતોનું આયોજન કરી સંસ્કૃતશિક્ષણ Play way પદ્ધતિથી આપી શકાય. જેમાં શબ્દ રમત દ્વારા શબ્દભંડોળ વધારી શકાય છે. શ્લોકગાન અને અંતાક્ષરીની રમત દ્વારા વિદ્યાર્થીઓમાં કાવ્ય શિક્ષણ પ્રત્યે રસ જાગૃત કરી શકાય છે. વિદ્યાર્થીઓને કાવ્ય મુખપાઠ કરવાની તક પૂરી પાડી શકાય છે. ગદ્ય-પદ્ય વાચન સ્પર્ધાઓ પણ યોજી શકાય છે, જેમાં વિદ્યાર્થીની વાચન કળા વિકસવાની તક પૂરી પાડી શકાય.

2.4 સંસ્કૃત સંભાષણ

સંસ્કૃત શિક્ષણનું હાલનું ધ્યેય વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષા બોલતા કરવા કે સંસ્કૃત ભાષામાં વાર્તાલાપ કરી શકે તે નથી. પરંતુ સંસ્કૃતશિક્ષણ દરમ્યાન વિદ્યાર્થી સરળ સંસ્કૃત બોલી શકે, સરળ સંસ્કૃતમાં ઉત્તર આપી શકે, સરળ સંસ્કૃતમાં સંવાદ રજૂ કરી શકે. આ ધ્યેયને સિધ્ધ કરી શકાય તે માટે સંસ્કૃત શિક્ષણ દરમ્યાન સંભાષણની તક પૂરી પાડવી જોઇએ. શિક્ષકે ગદ્ય કે પદ્યનું શિક્ષણ કાર્ય કરતી વખતે સરળ અને ટૂંકા પ્રશ્નો સંસ્કૃતમાં વધુમાં વધુ રજૂ કરી વિદ્યાર્થીઓને સંસ્કૃતમાં ઉત્તર આપવા પ્રેરવા જોઈએ. સંસ્કૃત વ્યાકરણ શિક્ષણ વખતે ક્રિયાપદ, સર્વનામ, વિશેષણ અવયવ વગેરેનો વિદ્યાર્થીઓ સંસ્કૃતમાં જાતે ઉપયોગ કરે તેવી તક પૂરી પાડવી જોઈએ. સરળ સંવાદોનું આયોજન વર્ગ શિક્ષણમાં કરી વિદ્યાર્થીઓને સંસ્કૃતમાં બોલવાની, વાતચીત કરવાની તક પૂરી પાડવી જોઈએ. આવી પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓ ક્રિયા દ્વારા અને ગમ્મત સાથે જ્ઞાન પ્રાપ્ત કરતાં થશે જેમાં વિદ્યાર્થીઓને રસ પણ પડશે અને સરળતાથી શીખી શકશે. આ ઉપરાંત જુદી જુદી સંસ્કૃતશિક્ષણના વિકાસનું કાર્ય કરતી સંસ્થાઓ દ્વારા સંસ્કૃત સંભાષણ વર્ગો ચાલતા હોય છે. તેમાં જવાની વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડવી જોઈએ. આવા વર્ગોનું આયોજન શાળામાં પણ કરી વિદ્યાર્થીઓને સંભાષણની તક પૂરી પાડી શકાય છે. તેનાં પરિણામે સંસ્કૃતનું વાતાવરણ ઊભું થશે. વિદ્યાર્થીઓને સંસ્કૃતશિક્ષણમાં રસ લેતા કરી શકાશે.

2.5. સંસ્કૃત સામાયિકોનો પરિચય

પરિપત્રિકા એ સમાજનું દર્પણ છે સમાજનો વાસ્તવિક યથાર્થ દર્શન કરાવવું તે પત્રકારિતાનું પ્રમુખ લક્ષ્ય છે. પ્રિન્ટ મીડીયાનો વિકાસ થતાં આ ક્ષેત્રમાં અદ્દ્ભુત ક્રાંતિ આવી છે. હાલના સમયમાં વિવિધ ભાષાઓની જેમ દિવસે-દિવસે ભાષાનો પ્રચાર-પ્રસાર વધવા લાગ્યો છે. સંસ્કૃત ભાષાના શિક્ષણનો વ્યાપ વધતાં વ્યવહારમાં પણ તેને ઉપયોગી બનાવવાના સંનિષ્ઠ પ્રયાસો થઈ રહ્યા છે. આજે સંસ્કૃત ભાષામાં સમગ્ર ભારત દેશમાં વિવિધ પત્રપત્રિકાઓનું વિપુલ માત્રામાં પ્રકાશન થઈ રહ્યું છે. સંસ્કૃત પત્રપત્રિકાઓ અનેક સ્વરૂપે પ્રસિદ્ધ થાય છે જેમ કે દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક, દ્વિ-માસિક, ત્રિ-માસિક, છ-માસિક, વાર્ષિક વગેરે સ્વરૂપે તેનો વ્યાપ વધી રહ્યો છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

કોઈપણ પ્રદેશ કે રાષ્ટ્રની સંસ્કૃતિનું રક્ષણ અને જતન ત્યારે જ થાય છે જ્યારે તેની મૂળભાષાનો પ્રયોગ સર્વાધિક માત્રામાં થાય. આ દિશામાં દેશમાં સરકાર અને શૈક્ષણિક સંસ્થાઓએ ભગીરથ પુરુષાર્થ આદરી સંસ્કૃત ભાષાને પુનર્નજીવિત કરવાનો પ્રયાસ આદર્યો છે, જેના પરિણામે દેશમાં આજે સંસ્કૃતના પ્રચાર-પ્રસાર માટે વિવિધ પત્રપત્રિકાઓનું પ્રકાશનકાર્ય થઇ રહ્યું છે.

સંસ્કૃત ભાષામાં પ્રસિદ્ધ થતી પત્ર-પત્રિકાઓની યાદી નિમ્નાનુસાર છે :

दैनीकिः

१. सुधर्मा ५६१, रामचन्द्र अग्रहारम्, श्रीकान्त पावार प्रेस, मैसूरम्, कर्णाटक।

२. नवप्रभातम् शारदानगरम्, कानपुरम्, उत्तरप्रदेश ।

३. संस्कृत वर्तमान पत्रम्, महाराजा सयाजीराव विश्वविद्यालय, वडोदरा, गुजरात ।

साप्ताहिकी :

१. गाण्डीवम् गाण्डीव कार्यालयः, सम्पूर्णानन्द संस्कृत विश्वविद्यालय, वाराणसी, उत्तरप्रदेश ।

२. युगगतिः वक्शीपुरम्, गोरखपुरम्, उत्तरप्रदेश ।

३. शारदाः २, झेलमपत्रकारनगरम्, पूणे-५३, महाराष्ट्र ।

पाक्षिकी :

१. कामधेनु, भारतविद्यापीठम्, इरैलियर, त्रिचूरम् - ८६०५०१, केरल ।

२. गुंजारव, कालेश्वरमन्दिरम्, घुमेरगली, अहमदनगरम्, महाराष्ट्र ।

३. संस्कृत साकेतम्, साकेत कार्यालयः, अखिल भारतीय विद्वत्समितिः अयोध्या, उत्तरप्रदेश ।

४. हितसाधिका, प्रेमनगरम्, यमुनानगरम्, हरियाणा-१३५००१, हरियाणा ।

मासिका :

१. गीर्वाणसुधा, इन्दिरानिवासः, ए.जी. स्ट्रिट, मुंबई, ४०००४, महाराष्ट्र ।

SHREE H.N.SHUKLA GROUP OF B.ED.COLLEGE-RAJKOT

२. दिव्यज्योतिः, आनन्दलाजम् जाखू, शिमला, हिमाचल प्रदेश ।

३. भारती, भारतीभवनम्, बी-१५, विजयखन्ना नगरम्, जयपुर, राजस्थानम् ।

४. रावणेश्वर काननम्, पिताभूमि चन्द्रदत्त दारा रोड, पी.टी. बिलसी वैद्यनाथ, देवधर - ८१४११७, झारखण्ड ।

५.० व्रजगन्धा, रामाश्रय, कृष्णपुरी, मथुरा २८१००१, उत्तरप्रदेश ।

६. विश्वसंस्कृतम्, विश्वेश्वरानन्द वैदिक शोध संस्थानम्, साधु आश्रम, होशियारपुरम्-१५१०२१, पंजाब ।

७. शोधप्रभा, श्री लाल बहादुर शास्त्री राष्ट्रिय संस्कृत विद्यापीठम्, कटवारिया सरायम्, नवदेहली ११००१६

८. संस्कृत मञ्जरी, दिल्ली संस्कृताका देमी, प्लट-५, सण्डेवाले, कटोलबाग, नई दिल्ली ।

९. संस्कृत सम्मेलनम्, श्रीरामनिरञ्जन मुरारका, संस्कृत महाविद्यालय चौक, पटना, बिहार ।

द्वैमासिकी :

१. प्रियवाक्, संस्कृत अवनम्, लोकनाथमार्गः पुरी, ओडिशा ।

२. सन्देशः, २/१३२, बलागञ्जम्, कानपुरम्, उत्तरप्रदेश ।

त्रैमासीकी :

१. अर्वाचीन संस्कृतम्, देववाणी परिषद्, ६. ए, वाणीविहार नवदेहली-५९

२. दिग्दर्शिनी, उत्कल संस्कृत गवेषणा समाजः पुरी, ओडिशा ।

३. दूर्वा, संस्कृत भवनम्, बाण गंगा, भोपालम् - ४६१००२, मध्यप्रदेश।

४. नाद्यम्, नाट्यपरिषद् संस्कृतविभाग : डो. हरिसिंह गौर विश्वविद्यालयः सागर, मध्यप्रदेश ४७०००३

५. देवसायुज्यम्, एल-२ न्यू विक्रमबाग, लेकवरर्स कवाटर्स एम.एस.युनि. प्रतापगंज, वडोदरा-२, गुजरात

बाण्मासिकी :

१. कथासरित्, कथाभारती, ५७ वसंतविहार, झुंसी, इलाहाबाद

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

२. पूर्णत्रयी, राजकीय संस्कृत महाविद्यालयः त्रिपुनीपुरा, ६८२३०१, केरल

३. नन्दनवन कल्पतरुः, संकलनम् कीर्तित्रयी, प्रका. श्री जैनग्रन्थ प्रकाश समिति, खंभात, गुजरात ।

वार्षिकी :

१. संस्कृत विमर्श, राष्ट्रिय संस्कृत संस्थानम् मानित विश्वविद्यालय : ५६,५७, इन्स्टीट्युशनल एरिया जनकपुरी, नवदेहली - ५८

२. लोकप्रज्ञा, लोक भाषा प्रचार समिति, सरस्वती विहार, वरपदा, भद्रकः ओडिशा

(१) देवसायुज्यम् :

ગુજરાત રાજ્યના વડોદરા શહેરમાંથી મુખ્યઃ' સંસ્કૃતપત્રિકાનું

પ્રકાશન થાય છે. ડૉ. પ્રફુલ્લ પુરોહિત આ પત્રિકાના સંપાદક છે. આ વર્ષે આ

ત્રૈમાસિક પત્રિકાને I.S.S.N નો ક્રમાંક પણ પ્રાપ્ત થયેલ છે. દેવસાયુજ્યમ્ સંસ્કૃત

પત્રિકાનો પ્રારંભ એપ્રિલ સન્ 2007માં થયો હતો. એક વર્ષ સુધી દાતાઓની સહાયથી તેનું પ્રકાશન કરવામાં આવ્યું છે પરંતુ ધીરે ધીરે આ પત્રિકા નો પ્રચાર પ્રસાર સમગ્ર દેશમાં થવા લાગ્યો હાલમાં 35,000 થી વધુ પ્રાંતોનું પ્રકાશન થઈ રહ્યું છે સંસ્કૃત ભાષાની પત્રિકા માટે આ ફેલાવો વિક્રમ જનક કહેવાય.

'देवसायुज्यम्' પત્રિકામાં સંસ્કૃત જગતમાં ઘટતી ઘટનાઓનું સચિત્ર આલેખન થાય છે. પુરાણ, ઇતિહાસ, ધારાવાહિક, કાવ્યસંગ્રહ, ગરબા, હાસ્યવાર્તા, સંશોધન લેખ તથા સાહિત્યના વિવેચનાત્મક લેખોના પ્રકાશનને કારણે આ પત્રિકાની લોકપ્રિયતા ઉત્તરોત્તર વધી રહી છે. પત્રિકાનું વાર્ષિક લવાજમ 150 રૂપિયા છે.

(२) लोकसंस्कृतम् पत्रिका :

આ પત્રિકાનું સંપાદન ઉષા દેસાઈ દ્વારા થાય છે. આ ત્રૈમાસિક પત્રિકા છે. પુદુચ્ચેરીનગર – અરવિંદ આશ્રમ દ્વારા તે પ્રકાશિત કરવામાં આવે છે. આ પત્રિકા દ્વારા પત્રકારિતાની વિવિધ વિધાઓની જાણકારી પણ પ્રાપ્ત થાય છે. આ પત્રિકા દ્વારા હાસ્ય-વ્યંગ્ય સાહિત્ય પણ રજૂ થાય છે જેમ કે, : )

पति : (पर्यङ्के) भद्रे उपनेत्रम् आनय ।

पत्नी : किमर्थम् ? भवान् स्वपिति नैवम् ?

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

पति : आम् मृशं कलान्तोऽस्मि ।

पत्नी : तर्हि उपनेत्रेण किं प्रयोजनम् ?

पति : मूढे, त्वं न जानासि मम दृष्टिदोषः अस्ति । तथापि एवं प्रश्नं करोषि ? दृष्टुम् अक्षमपऽहं उपनेत्रं विना स्वप्नान् कथं पठेयम् ?

આ પત્રિકામાં આવતા હાસ્યવિનોદના પ્રસંગોના વિવેચનથી એ સ્પષ્ટ થાય છે કે એકવીસમી શતાબ્દિની આ એક નવી વિધા છે. આ સાહિત્ય વિધા દ્વારા વિષય વૈવિધ્યને પણ કેન્દ્રિત કરવામાં આવે છે. જેવા કે, રોજિંદા એકબીજા સાથેના વાર્તાલાપ, રાષ્ટ્રીય, રાજનીતિક, સામાજિક, ઐતિહાસિક વગેરે. ભાષા શૈલીની દૃષ્ટિએ પણ આ વિધા સરળ, સરલ અને સહજ રીતે બોધગમ્ય છે. રચનાશૈલીની દૃષ્ટિએ પણ બાલોપયોગી તથા સંસ્કૃત ન જાણનારા સાહિત્યરસિકો માટે ઉપયોગી થાય તેમ છે.

---

## **એકમ ૩ સંસ્કૃતમાં મૂલ્યાંકન**

---

**3.1 મૂલ્યાંકનનું મહત્વ**

**3.2 પ્રશ્નપત્ર સંરચના અને આદર્શ પ્રશ્નપત્ર ના લક્ષણો**

**3.3 વસ્તુલક્ષી કસોટી અને તેના પ્રકારો**

૧ જોડકા

૨ બહુવિકલ્પ

૩ ખાલી જગ્યા

૪ સંબંધક ઘટાયક કસોટીઓ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

**3.1 પ્રસ્તાવના :**

શિક્ષણ અને મૂલ્યાંકન એ સિક્કાની બે બાજુઓ છે. તે હેતુલક્ષી પ્રક્રિયા છે. શિક્ષણની કસોટી મૂલ્યાંકન દ્વારા જ થાય . તેથી કેળવણીના દરેક ક્ષેત્રમાં મૂલ્યાંકન જરૂરી બને છે. આના દ્વારા વિધાર્થીએ પોતે કેવું જ્ઞાન સંપાદન કર્યું છે, તેની પ્રતિત થાય છે અને શિક્ષકે પોતે જે કંઇ શીખવ્યું , તે વિધાર્થીઓ કેટલા અંશે સમજી શક્યા , તેનો ખ્યાલ આપે છે. શિક્ષણના ક્ષેત્રમાં મૂલ્યાંકન અનિવાર્ય છે. શિક્ષણના સ્તરે ઉન્નત બનાવવા માટે મૂલ્યાંકન મદદરૂપ થઈ શકે છે.

કોઈપણ વિષયનું શિક્ષણકાર્ય કરવાનું હોય ત્યારે તેના હેતુઓ, ધ્યેયો નક્કી કરવાં જોઈએ. વિધાર્થીના શિક્ષણમાં ઇચ્છિત ફેરફાર જોવા ન મળે તો નક્કી કરેલાં ધ્યેયોને ચકાસવાં જોઈએ અને જયાં જ્યાં ખામી જણાય ત્યાં સુધારવા પ્રયત્ન કરવા જોઈએ. શિક્ષકો જયારે અધ્યાપન કરાવે ત્યારે પરીક્ષાને અનુલક્ષીને નહીં પણ વિધાર્થી જ્ઞાનનું યોગ્ય ભાથું મેળવે તેવું હોવું જોઈએ. જો કે અત્યારની પરીક્ષાઓ નિબંધાત્મક છે. પ્રશ્નોનો ઉત્તર લાંબો અને વિવરણાત્મક શૈલીમાં હોય છે. આમાં વિધાર્થીની અભિવ્યક્તિનું મૂલ્યાંકન થાય છે, પરંતુ તેણે મેળવેલા જ્ઞાનની સાચી કસોટી થતી નથી. એટલે કે, હાલની પરીક્ષા પદ્ધતિ વિધાર્થીની યાદશક્તિની કસોટી કરે છે. આમ ખામીભરેલી પરીક્ષા પદ્ધતિમાંથી શિક્ષણશાસ્ત્રીઓને મૂલ્યાંકનનો ખ્યાલ ઉદ્ભવ્યો.

આધુનિક પરીક્ષા પદ્ધતિમાં સંસ્કૃતમાં વિષયની ચાર અગત્યની બાબતો વાંચવું, લખવું, સાંભળવું અને બોલવું તરફ દુર્લક્ષ્ય સેવવામાં આવે છે. આ ચાર બાબતોના જ્ઞાનથી જ આ ભાષામાં વિધાર્થી અભિવ્યક્તિ કરી શકે છે. એક અમેરિકન_ શિક્ષણશાસ્ત્રીએ કહ્યું છે કે "સમાજના ઉદ્દેશો અને મહત્ત્વાકાંક્ષાઓ તે દેશની કેળવણીની પ્રથામાંથી પ્રતિબિંબિત થાય છે."

સમાજ પરિવર્તનની સાથે સાથે શૈક્ષણિક પરિવર્તન જરૂરી છે. સાંપ્રત પરીક્ષા પદ્ધતિમાં સૌને એક યા બીજા પ્રકારે અસંતોષ છે. પરીક્ષા પદ્ધતિ સુધારવા માટે પ્રયાસો ચાલે છે. પરીક્ષા એક દૂષણ સ્વરૂપે આપણે જાણે કે સ્વીકારી લીધું હોય તેવું લાગે છે, વર્ષના અંતે વિધાર્થીઓના જ્ઞાનની ચકાસણી થાય તે આપણે સૌએ સ્વીકારી લીધું છે. અને તેથી જ વાર્ષિક પરીક્ષાનું મહત્ત્વ વધી ગયું છે. ઘણીવાર પરીક્ષા એક 'હાઉ' સ્વરૂપે ભાસે છે. શિક્ષણમાં પરીક્ષા એક અગત્યનું અંગ છે. તેને દૂર કરી શકાય નહિ. પણ તેમાં કઈક સુધારાત્મક ફેરફારને અવકાશ જરૂરી છે.

3.2 સંસ્કૃત શિક્ષણમાં પરીક્ષા પદ્ધતિની ખામીઓ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED COLLEGE-RAJKOT

- શિક્ષકો જૂની પ્રથા ભૂલી શકતા નથી અને નવી પદ્ધતિ સ્વીકારવા તૈયાર નથી.

- શિક્ષકો વિષયને શીખવે છે, વિદ્યાર્થીઓને નહિ. તેનું કારણ વર્ષના અંતે રહેલી પરીક્ષા જ છે.

- નિબંધાત્મક પ્રશ્નો પર વધુ ધ્યાન અપાતું હોવાથી ગુણાંકનમાં શિક્ષકની સ્વલક્ષિતા આવી જવાનો સંભવ રહે છે.

- ભાષાના મુખ્ય ચાર કૌશલ્યમાંથી શ્રવણ, કથન, વાંચન અને લેખન એમાંથી માત્ર લેખન કૌશલ્યની જ પરીક્ષા લેવાય છે.

- પ્રશ્નપત્રમાં સમગ્ર વિષયવસ્તુને આવરી લેવામાં આવે એવા પ્રશ્નો ન પૂછતાં, છૂટાછવાયા પ્રશ્નો પુછાય છે.

- પરીક્ષામાં માત્ર સ્મૃતિનું જ મૂલ્યાંકન થાય છે, તેની શક્તિનું મૂલ્યાંકન થતું નથી.

- અનાત્મલક્ષી અને ટૂંકા પ્રશ્નો કરતાં નિબંધાત્મક પ્રશ્નો પર વધુ ભાર મૂકવામાં આવે છે.

- અમુક પ્રશ્નો વિકલ્પમાં નીકળી જશે એવા ખ્યાલથી વિદ્યાર્થીઓ અભ્યાસક્રમમાંથી અમુક ભાગ તૈયાર કરતા નથી.

- પરીક્ષા ન હોય તો અધ્યયન કરે નહીં એટલે 'પાસ/નાપાસ' જાહેર કરવા પરીક્ષા લેવાતી હોય તેમ મનાય છે.

- પરીક્ષા પદ્ધતિના દોષ દૂર કરવાથી શિક્ષણનું સ્તર સુધરે છે. સંસ્કૃત શિક્ષણમાં મૂલ્યાંકનના નવા દૃષ્ટિકોણ અપનાવવાની જરૂર છે. આ પ્રકારનું મૂલ્યાંકન ત્રણ રીતે થઇ શકે છે.

---

3.3 મૂલ્યાંકનની સંકલ્પના

મૂલ્યાંકનનો ખ્યાલ અતિ પ્રાચીન છે. શિક્ષણનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ મૂલ્યાંકન પ્રવિધિમાં પણ પરિવર્તનો આવ્યાં, શિક્ષણમાં મૂલ્યાંકન એટલે માપન) બન્ને શબ્દો એકબીજાના પર્યાય તરીકે વપરાય છે, જે બરાબર નથી. મૂલ્યાંકનનો વિચાર માપન કરતાં થોડો advance છે. મૂલ્યાંકન દ્વારા વિદ્યાર્થીના કોઈપણ પાસાની મૂલ્યતા આંકી શકાય છે. મૂલ્યાંકનનો સંબંધ શૈક્ષણિક હેતુઓની સિદ્ધિ અને અપેક્ષિત વર્તન ફેરફાર સાથે છે. આ અર્થમાં મૂલ્યાંકન નિરંતર ચાલતી વ્યાપક પ્રક્રિયા છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

ટૂંકમાં કહીએ તો,

મૂલ્યાંકન ગુણાત્મક હોય છે.

મૂલ્યાંકન સર્વાંગીણ અને વ્યાપક હોય છે.

મૂલ્યાંકન નિરંતર ચાલતી પ્રક્રિયા છે.

મૂલ્યાંકન દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનો ખ્યાલ આવે છે.

મૂલ્યાંકન માટે મૌખિક, લેખિત અને હેતુલક્ષી કસોટીઓનો મહત્તમ ઉપયોગ થાય છે.

મૂલ્યાંકન એ માપનની પૂર્વાવસ્થા છે.

શૈક્ષણિક મૂલ્યાંકન એ શૈક્ષણિક માપનનું વધારે વિકસેલું સ્વરૂપ છે.

---

3.4 મૂલ્યાંકન નું મહત્વ :

શૈક્ષણિક મૂલ્યાંકન એ સારા શિક્ષણની એક આંતરિક પ્રવિધિ છે. શિક્ષણનો પાયાનો હેતુ વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન ફેરફારો લાવવાનો છે. આ વર્તન ફેરફારો હકારાત્મક અને વિકાસલક્ષી હોય તે અપેક્ષિત છે. વિદ્યાર્થીઓમાં જો ઇચ્છિત હકારાત્મક વર્તન ફેરફારો થાય તો જ શિક્ષણ સફળ થયું છે એમ કહેવાય. વિદ્યાર્થીઓમાં ઇચ્છિત હકારાત્મક ફેરફારો થયા છે કે નહિ તે જાણવા માટે મૂલ્યાંકન મહત્ત્વનું છે.

સંસ્કૃત શિક્ષણમાં મૂલ્યાંકન માટે શ્રવણ, કથન, વાચન અને લેખનનું ઘણું મહત્ત્વ છે. હાલ આ ચારેય બાબતો પર ખાસ ધ્યાન આપવામાં આવતું નથી. આજનું શિક્ષણ માત્ર પરીક્ષાલક્ષી બની ગયું છે. પરીક્ષા પદ્ધતિની અનેક ખામીઓ છે જે નિવારવા નૂતન મૂલ્યાંકન અભિગમ અપનાવવો પડે. આ નૂતન અભિગમ આવો હોઈ શકે.

---

3.5 મૂલ્યાંકનના પ્રકારો

મૂલ્યાંકન બે પ્રકારનું હોય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

1. આંતરિક મૂલ્યાંકન : આ પ્રકારનું મૂલ્યાંકન આખા વર્ષ દરમ્યાન સતત થતું રહે છે. વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવૃત્તિઓ તેમજ શિક્ષણપૂરક- સહ અભ્યાસ પ્રવૃત્તિઓનું વિવિધ કસોટીઓ દ્વારા મૂલ્યાંકન થતું રહે છે, જેનાથી વિદ્યાર્થી સમગ્ર વર્ષ દરમ્યાન ક્રિયાશીલ અને જાગૃત રહે છે.

2.બાહ્ય મૂલ્યાંકન : વર્ષના અંતે વિદ્યાર્થી જે પરીક્ષા આપે છે તે મૂલ્યાંકનનો તેમાં સમાવેશ થાય છે. સમગ્ર અભ્યાસક્રમને આવરી લેતી કસોટીનો તેમાં સમાવેશ કરવામાં આવે છે.

---

3.6 નૂતન પરીક્ષા પદ્ધતિ

1. નિબંધાત્મક પ્રકારના પ્રશ્નો : આ પ્રકારના પ્રશ્નોના ઉત્તર લંબાણપૂર્વકના હોય છે. સારા અક્ષરોમાં ફકરો લખવો, કાવ્યનું રસદર્શન કરવું, કોઈ પાત્રનું પાત્રાલેખન કરવું, વિચાર-વિસ્તાર કરવો, નિબંધ કે સારલેખન જેવા પ્રશ્નોનો સમાવેશ થાય છે. આવા પ્રકારના પ્રશ્નો વિદ્યાર્થીઓની લેખિત અભિવ્યક્તિ વિકસાવે છે અને ચકાસે છે. વિચારોની ક્રમિક્તા જળવાય છે. વિદ્યાર્થીઓની સર્જનશક્તિ અને કલ્પનાશક્તિની ચકાસણી થાય છે. ભાષાની લયબદ્ધતા જાણી શકાય છે. વ્યાકરણશુદ્ધિ અંગે જાણકારી પ્રાપ્ત થાય છે. આ પ્રકારના પ્રશ્નોની રચના કરવી સુગમ છે.

2. ટૂંકા ઉત્તર પ્રશ્નો : આ પ્રકારના પ્રશ્નોના જવાબ ખૂબ ટૂંકા હોય છે. ભાષા સ્પષ્ટ અને સચોટ હોય, પ્રશ્નનો જવાબ તદ્દન ચોક્કસ હોવો જોઇએ. તેનો ગુણભાર નિશ્ચિત હોય છે. વધુ સંખ્યામાં પૂછી શકાય પરિણામે વધુ અભ્યાસક્રમને આવરી લેવાય છે.

3. અનાત્મલક્ષી – હેતુલક્ષી પ્રશ્નો : સાંપ્રતકાળમાં શિક્ષણની પ્રક્રિયા હેતુલક્ષી હોય છે. તેથી વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ શક્તિઓની ચકાસણી કરવા હેતુલક્ષી પ્રશ્નો વપરાય છે. આવા પ્રશ્નો ટૂંકા અને નિશ્ચિત ઉત્તરવાળા હોય છે. મોટાભાગના અભ્યાસક્રમને આવરી લેવાય છે. ગુણાંકન અનાત્મલક્ષી બને છે.

4. મૌખિક પરીક્ષા : વર્તમાન સમયમાં મૌખિક પરીક્ષાનું સ્થાન નહિવત્ છે, પરંતુ મૂલ્યાંકનમાં તેનું સ્થાન મહત્ત્વનું છે. તેનાથી વિદ્યાર્થીઓની ઉચ્ચાર શુદ્ધિ જાણી શકાય છે. ભાષાશુદ્ધિની ચકાસણી થાય છે. જે શીખ્યા છે તેનું પુનરાવર્તન - દઢીકરણ થાય છે અને વિદ્યાર્થીની કથનશક્તિ કે મૌખિક અભિવ્યક્તિનો ખ્યાલ આવે છે.

7. આદર્શ પ્રશ્નપત્રનાં લક્ષણો : શિક્ષણ એ હેતુલક્ષી પ્રક્રિયા છે. શિક્ષણની કસોટી મૂલ્યાંકન દ્વારા જ થાય છે. તેથી શિક્ષણના દરેક ક્ષેત્રમાં મૂલ્યાંકન જરૂરી બને છે. આનાથી વિદ્યાર્થીએ પોતે કેવું અને કેટલું જ્ઞાન સંપાદન કર્યું છે.

તેની પ્રતીતિ થાય છે અને શિક્ષકે પોતે જે કંઇ શીખવ્યું છે તે વિદ્યાર્થીઓ કેટલે અંશે સમજી શક્યા છે તેનો ખ્યાલ આવે છે. શિક્ષણના ક્ષેત્રમાં આ અનિવાર્ય છે. શિક્ષણના ક્ષેત્રે મુલ્યાંકન અને પરીક્ષણ શિક્ષણના સ્તરને ઉન્નત બનાવવામાં મદદરૂપ થઈ શકે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

કોઈપણ વિષયનું શિક્ષણકાર્ય શરૂ કરવાનું હોય ત્યારે તેના હેતુઓ– ધ્યેયો નક્કી કરવાં પડે છે. વિદ્યાર્થીમાં થયેલ નિશ્ચિત અને અપેક્ષિત વર્તન_ પરિવર્તનોનું મૂલ્યાંકન કરવા માટે પરીક્ષણ અનિવાર્ય છે. હાલમાં જે પરીક્ષ પદ્ધતિથી મૂલ્યાંકન થાય છે, તેનાથી વ્યાપક અસંતોષ ઊભો થયેલો જોવા મળે છે. આથી પરીક્ષા પદ્ધતિમાં સુધારા કરવાના પ્રયાસો થઈ રહ્યા છે

વિદ્યાર્થીઓને પરીક્ષા માટે પ્રશ્નપત્ર આપવામાં આવે છે. અ પ્રશ્નપત્ર આદર્શ હોવું જોઈએ. આદર્શ પ્રશ્નપત્રની રચના કરતી વખા નીચેનાં સોપાનોને અનુસરીને પ્રશ્નપત્ર રચવામાં આવે તો પરીક્ષા- વિશ્વસનીયતા જળવાઈ રહે છે, અને શિક્ષણના નિશ્ચિત હેતુઓ સિદ્ધ થાય છે.

---

3.7 આદર્શ પ્રશ્નપત્ર ના લક્ષણો :

આદર્શ પ્રશ્નપત્રનાં લક્ષણો નીચે મુજબ છે.

1. હેતુઓનું નિર્ધારણ : જે-તે વિષયના પ્રશ્નપત્રની રચના વખતે તે વિષયના શિક્ષણના હેતુઓ નિશ્ચિત કરવા જોઈએ. હેતુઓમાં જ્ઞાનપ્રાપ્તિ, સમજ, ઉપયોજન, કૌશલ્ય વગેરે ક્ષેત્રોના હેતુઓનું નિર્ધારણ કરી તેમાં યોગ્ય ગુણભાર નિશ્ચિત કરી પ્રશ્નપત્રની રચના કરવી જોઈએ.

2. પ્રમાણભૂતતા : સંસ્કૃત શિક્ષણમાં બધા જ શિક્ષણનાં ધ્યેયો તેમજ વર્તન- પરિવર્તનને આધારે પ્રશ્નપત્રની રચના કરવામાં આવે ત્યારે તેની પ્રમાણભૂતતા જળવાઈ રહે છે. પ્રમાણભૂતતા જાળવવા વિષયના ધ્યેયોને ધ્યાનમાં રાખી કસોટી બનાવવામાં આવે જેને Construct Validity કહે છે. તે જળવાઈ રહે છે જ્યારે પ્રશ્નપત્રમાં વિષયવસ્તુને સમગ્ર રીતે આવરી લેવામાં આવે તેને Content validity કહેવાય છે. આદર્શ પ્રશ્નપત્રમાં આ બન્ને બાબતોને યોગ્ય પ્રતિનિધિત્વ મળવું જોઈએ, જેથી પ્રશ્નપત્રની પ્રમાણભૂતતા જળવાઈ રહે.

3. વિશ્વસનીયતા : વિશ્વસનીયતા એટલે જે-તે મુદ્દા સાથેનું પરિણામોનું સાતત્ય. પ્રશ્નપત્ર તૈયાર કરનાર ગમે તે વ્યક્તિ હોય તો પણ ચકાસણી કરતાં પરિણામ સરખું જ આવે છે, તો કસોટી વિશ્વસનીયતા કહેવાય.

4. સારા પ્રશ્નપત્રમાં ઉત્તરો નિર્ધારિત સમયમાં વિદ્યાર્થીઓ સારી રીતે લખી શકવા સક્ષમ હોવા જોઈએ.

5. ગુણભાર નક્કી કરવો જોઈએ. વિષયવસ્તુના મુદ્દાઓના પ્રમાણ અનુસાર દરેકને ગુણભાર પ્રશ્નપત્રમાં મળવો જોઈએ. તે જ રીતે શિક્ષણના હેતુઓના પ્રમાણ અનુસાર તેનો ગુણભાર નક્કી થયેલ હોવો જોઈએ.

6. પ્રશ્નપત્રમાં વિવિધ પ્રકારના પ્રશ્નો હોવા જોઈએ.

7. પ્રશ્નપત્રની ચકાસણી માટે ગુણચકાસણી ચાવી તૈયાર કરવી જોઈએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

8. પ્રશ્નપત્રોની ભાષા સરળ અને સચોટ હોવી જોઈએ.

9. પ્રશ્નપત્રની રચનામાં કઠિનતાનું સ્તર લક્ષમાં લેવાવું જોઈએ.

10. પ્રશ્નપત્રના વિભાગોની સૂચનાઓ તેના પ્રશ્નો અને પેટાપ્રશ્નોની સૂચનાઓ સરળ અને સ્પષ્ટ હોવી જોઈએ.

11. પ્રશ્નપત્રમાં વિકલ્પો આંતરિક હોવા જોઈએ.

12. પ્રશ્નપત્ર સમગ્ર અભ્યાસક્રમને આવરી લેતું હોવું જોઈએ.

---

3.8 આદર્શ પ્રશ્નપત્ર રચનાનાં સોપાનો

પ્રશ્નપત્રની રચનાનાં સોપાનો :

પ્રશ્નપત્રની રચના કરતાં તેનું યોગ્ય આયોજન જવું જોઈએ. પ્રશ્નપત્રની રચના કરતી વખતે નીચેનાં સોપાનોને અનુસરવું જોઈએ.

1. હેતુઓનું નિર્ધારણ : પ્રથમ વિષયવસ્તુના હેતુઓ નિશ્ચિત કરવા જોઈએ. જ્ઞાનાત્મક, ભાવાત્મક, મનોશારીરિક વગેરે.

2. વિષયવસ્તુના મુદ્દા નિશ્ચિત કરવા : આદર્શ પ્રશ્નપત્ર સમગ્ર વિષયવસ્તુને આવરી લેવું જોઈએ, આથી પ્રશ્નપત્રમાં સમાવવાના મુદ્દાઓ નિશ્ચિત કરવા જોઈએ.

3. પ્રશ્નના પ્રકાર નક્કી કરવા : વિષયશિક્ષણના હેતુઓ અને વિષયવસ્તુના મુદ્દાઓને લક્ષમાં રાખી વિવિધ પ્રકારના પ્રશ્નો જેવા કે નિબંધલક્ષી પ્રશ્નો, ટૂંક જવાબી પ્રશ્નો અને અનાત્મલક્ષી પ્રશ્નોનું પ્રમાણ નક્કી કરવું જોઈએ.

4. ગુણભાર નક્કી કરવો : હેતુઓને અનુલક્ષીને, વિષયવસ્તુના મુદ્દાઓને અનુલક્ષીને અને પ્રશ્નપ્રકારોને અનુલક્ષીને ગુણભાર નક્કી કરવો જોઈએ.

5. બ્લ્યૂપ્રિન્ટ બનાવવી : પ્રશ્નપત્રની રચના માટે હેતુઓ, વિષયવસ્તુના મુદ્દાઓ અને પ્રશ્નોના પ્રકારને આધારે ત્રિપરિમાણદર્શક કોઠો (બ્લ્યૂપ્રિન્ટ) તૈયાર કરવો જોઈએ.

6. સમયનું નિર્ધારણ કરવું : પ્રશ્નપત્રના કુલ સમયને લક્ષમાં લેતા પ્રત્યેક પ્રશ્ન કે પ્રશ્નો લખવામાં અંદાજિત સમય નિશ્ચિત કરીને પ્રશ્નપત્રની રચના કરવી જોઈએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

7. પ્રશ્નની રચના કરવી : બ્લ્યૂપ્રિન્ટ તૈયાર કર્યા પછી તેને અનુસરીને પ્રશ્નોની રચના કરવી જોઇએ. પ્રશ્નો અસંદિગ્ધ ભાષામાં, સચોટ હોવાં જોઇએ. પ્રશ્નો સ્પષ્ટ હોવા જોઇએ. પ્રત્યેક પ્રશ્નનો ચોક્કસ ઉત્તર હોય તેવા પ્રશ્નો નિર્ધારિત કરવા જોઇએ. પ્રશ્નનું સ્વરૂપ, હેતુ, ગુણભાર તથા વિષયવસ્તુને ધ્યાનમાં રાખી તૈયાર કરવું જોઇએ. આ રીતે બ્લ્યૂપ્રિન્ટમાં સમાવિષ્ટ બાબતોને ધ્યાનમાં રાખી પ્રશ્નોની રચના કરવી.

8. અંતિમ પ્રશ્નપત્ર તૈયાર કરવું: પ્રશ્નોની રચના કર્યા બાદ પ્રશ્નપત્રના માળખા અનુસાર પ્રશ્નોની ગોઠવણી કરી અંતિમ પ્રશ્નપત્રની રચના કરવી જોઇએ.

9. પ્રશ્ન (items) પૃથક્કરણ: અંતિમ પ્રશ્નપત્રનું હેતુઓ, મુદ્દાઓ, પ્રશ્નપ્રકાર, સમય, કઠિનતા, મૂલ્ય વગેરેના સંદર્ભમાં પૃથક્કરણ કરવું જોઇએ. જ્યાં પ્રશ્નપત્રની રચનામાં ખામી જણાય ત્યાં જરૂરી ફેરફાર કરી આયોજન પ્રમાણે સમય કઠિનતા તથા ગુણભાર જળવાઈ રહે તે અનુસાર પ્રશ્નપત્રને અંતિમ સ્વરૂપ આપવું.

10. પ્રશ્નપત્ર ચકાસણીની યોજના તૈયાર કરવી : ત્યારબાદ પ્રશ્નપત્રની ચકાસણી અનાત્મલક્ષી અને વિશ્વસનીય બને તે માટે ગુણભાર યોજના તૈયાર કરવામાં આવે છે, જેમાં દરેક પ્રશ્નના અપેક્ષિત ઉત્તરો તેના મુદ્દાઓ અને તે માટેનો ગુણભાર સ્પષ્ટ દર્શાવવામાં આવે છે. આ રીતે આદર્શ પ્રશ્નપત્રની રચના માટે ઉપરોક્ત મુદ્દાઓને અનુસરીને પ્રશ્નપત્રની રચના કરવી જરૂરી બને છે.

---

3.9 સંસ્કૃત પ્રશ્નપત્ર રચના માટે ની બ્લુ પ્રિન્ટ અને પ્રશ્નપત્ર નું માળખું

વિદ્યાર્થીઓના જ્ઞાન-પ્રાપ્તિને ચકાસવાનું સાધન પરીક્ષાનું પ્રશ્નપત્ર છે. શિક્ષણના હેતુઓ, મુદ્દાઓ અને જરૂરી મહત્ત્વનાં કૌશલ્યોને ધ્યાનમાં રાખીને તેની ચકાસણી કરવા માટે યોગ્ય કસોટી બનાવવામાં આવે છે. આ કસોટીના ઉત્તરો નક્કી હોય, ગુણમાં સપ્રમાણતા હોય તે ઉત્તમ પ્રશ્નપત્ર કહેવાય. દરેક પ્રશ્નિકે એક ઈજનેર જેમ મકાન બાંધતા પહેલાં આયોજન-નકશો તૈયાર કરે છે અને પછી તેને અનુસરીને મકાન બનાવે છે તેમ પ્રાશ્નિકે પ્રશ્નપત્ર રચના માટે નકશો-બ્લ્યૂપ્રિન્ટ તૈયાર કરી તે અનુસાર પ્રશ્નપત્રની રચના કરવી જોઇએ.

પ્રશ્નપત્ર રચના માટે બ્લ્યૂપ્રિન્ટ (ત્રિપરિમાણદર્શક કોઠો) તૈયાર કરવા માટે નીચે મુજબ અનુસરવું જરૂરી છે.

1. વિષયવસ્તુ પ્રમાણે ભારાંક :

સૌથી પ્રથમ કસોટીમાં સમાવેશ કરવાનો પાઠ્યક્રમ નક્કી કરવો જોઇએ.

પાઠ્યક્રમ એકમના વિષયવસ્તુને પેટા મુદ્દાઓમાં વહેંચવું.

વિષયવસ્તુના મુદ્દાઓને યોગ્ય ભારાંક આપવો. ભારાંક એટલે જે તે વિષયવસ્તુના મુદ્દા માટે કેટલા ગુણની કસોટી રચવાનું છે તે જણાવવું.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED COLLEGE RAJKOT

2. હેતુ અનુસાર ભારાંક : વિષયવસ્તુ શિક્ષણના હેતુઓ જેવાં કે જ્ઞાન, સમજ (અર્થઘટન), ઉપયોજન અને કૌશલ્યને ધ્યાનમાં રાખી દરેક હેતુ માટે યોગ્ય ભારાંક નક્કી કરવો.

3. પ્રશ્નોના પ્રકાર પ્રમાણે ભારાંક નક્કી કરવો : પ્રશ્નોના પ્રકાર નિબંધ પ્રકાર (E), ટૂંકજવાબી (S) અને વસ્તુલક્ષી પ્રશ્નો (O) તેમાં પ્રશ્નસંખ્યા અને તેનો ગુણભાર નક્કી કરવામાં આવે છે.

ઉપરની ત્રણેય બાબતોનું આયોજન અને ગુણાંકન નીચે મુજબ કરવામાં આવે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

1. વિષયવસ્તુ પ્રમાણે ભારાંક :

| અ.નં. | વિષયવસ્તુ/મુદ્દા | ગુણ | ટકાવારી |
|---|---|---|---|
| 1. | તળાવનું વર્ણન | 3 | 15 |
| 2. | કાચબાની વ્યથા અને નિવારણ | 5 | 25 |
| 3. | કાચબાની મૂર્ખતા | 2 | 10 |
| 4. | વ્યાકરણ | 10 | 50 |
| | કુલ | 20 | 100 |

2. હેતુઓ પ્રમાણે ભારાંક :

| અ.નં. | હેતુઓ | ગુણ | ટકાવારી |
|---|---|---|---|
| 1. | જ્ઞાન | 3 | 15 |
| 2. | સમજ | 3 | 15 |
| 3. | ઉપયોજન | 10 | 50 |
| 4. | કૌશલ્ય | 4 | 20 |
| | કુલ | 20 | 100 |

3. પ્રશ્નપ્રકાર પ્રમાણે ભારાંક :

| અ.નં. | પ્રશ્નપ્રકાર | ગુણ | પ્રશ્નસંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| 1. | નિબંધાત્મક પ્રશ્ન | 4 | 1 | 20 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો | 6 | 6 | 30 |
| 3. | વસ્તુલક્ષી પ્રશ્નો | 10 | 10 | 50 |
| | કુલ | 20 | 17 | 100 |

RAJKOT

## ત્રિપરિમાણદર્શક કોઠો

| હેતુઓ → <br> વિષયવસ્તુના મુદ્દા ↓ | જ્ઞાનપ્રાપ્તિ | | | સમજ | | | ઉપયોજન | | | કૌશલ્ય | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | E | S | O | E | S | O | E | S | O | E | S | O | |
| તળાવનું વર્ણન | 3 | (3) | | | | | | | | | | | 3 |
| કાચબાની વ્યથા અને નિવારણ | | | | | 1 (1) | | | | | 4 (1) | | | 5 |
| કાચબાની મૂર્ખતા | | | | | 2 (2) | | | | | | | | 2 |
| વ્યાકરણ | | | | | | | | | 10 (16) | | | | 10 |
| | 3 | | | 3 | | | 10 | | | 4 | | | 20 |

---

**એકમ 4 પાઠ્યપુસ્તકના લક્ષણો અને તેની સમીક્ષા**

**4.1 ધોરણ 7, 8 અને 9 ના પ્રવર્તમાન પાઠ્યપુસ્તક અનુસાર પુસ્તકની સમીક્ષા**

**4.2 પુસ્તકના આંતરિક, બાહ્ય લક્ષણો**

---

SHREE H.N.

## એકમ 4 સંસ્કૃત પાઠ્યપુસ્તક ની સમીક્ષા અને લક્ષણો

**1.પ્રસ્તાવના :**

પાઠ્યપુસ્તક એ અધ્યાપન અને અધ્યયન માટેનું અનિવાર્ય એવું અત્યંત મહત્ત્વપૂર્ણ, ઉપયોગી અને અસરકારક સાધન છે. નિર્દિષ્ટ અભ્યાસક્રમને અનુલક્ષીને યોગ્ય સામગ્રી પસંદ કરી તે આયોજનબધ્ધ અને અનુક્રમિત રીતે રજૂ કરી પાઠ્યપુસ્તકની રચના કરવામાં આવે છે. પાઠ્યપુસ્તકનો મૂળભૂત હેતુ જ્ઞાનપ્રદાન છે. આથી પાઠ્યપુસ્તકને એક સુસજ્જ શિક્ષક અથવા 'the teacher in print તરીકે મૂલવવામાં આવે છે. પાઠ્યપુસ્તક એ અમૂલ્ય જ્ઞાનવાહી છે. શૈક્ષણિક કાર્યક્રમ અને હેતુઓ સફળતાપૂર્વક પાર પાડવા માટે નિઃશંકપણે પાઠ્યપુસ્તક અત્યંત ઉપયોગી થઇ પડે છે. આમ શિક્ષણની વિવિધ સામગ્રીઓમાં પાઠયપુસ્તક આગવું સ્થાન ધરાવે છે.

**2.પાઠ્યપુસ્તકનું મહત્વ :**

માધ્યમિક શિક્ષણ પંચે પોતાના અહેવાલમાં પાઠયપુસ્તકના સંદર્ભે જણાવ્યું છે કે, "A modern education system without textbook is as difficult to imagine as Hamlet without the prince of Denmark,"

ડૉ. થ્રીગના મતે, "A text book is a teacher of teachers" અને ડગલાસના, "The teacher and the text book make the school." આમ પાઠયપુસ્તક શિક્ષણની અગત્યની પ્રયુક્તિ અને અધ્યાપન-અધ્યયનનું એક મહત્ત્વનું સાધન છે. તે અનેક રીતે ઉપયોગી છે.

પાઠ્યપુસ્તક ભાષા શ્રવણ, કથન, વાચન અને લેખનના અધ્યયન- અધ્યાપન માટે ખૂબ જ ઉપયોગી છે.

વિદ્યાર્થીઓના સ્વ-અધ્યયન માટે અગત્યનું સાધન છે.

તેના દ્વારા વિદ્યાર્થીઓ પુનરાવર્તન અને દઢીકરણ કરી શકે છે.

ભાષામાં વિવિધ કૃતિઓ અને કર્તાઓનો પરિચય પાઠ્યપુસ્તક દ્વારા મળે છે.

વિદ્યાર્થીઓ સાહિત્ય પ્રત્યે અભિરુચિ કેળવતા થાય.

વિદ્યાર્થીઓને ગૃહકાર્ય કરવામાં મદદરૂપ બને.

ભાષામાં ભાષાકીય તત્ત્વોનું અધ્યયન કરાવી શકાય. જેવા કે સમાસ, છંદ, અલંકાર, રુઢિપ્રયોગ, કહેવતો, શબ્દભંડોળ વગેરે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

સહઅભ્યાસ પ્રવૃત્તિઓના આયોજનમાં ઉપયોગી બને.

વિષયવસ્તુની સમજ મેળવવામાં ઉપયોગી બને છે.

અભ્યાસક્રમનો સર્વાંગી અભ્યાસ શક્ય બને છે.

વિદ્યાર્થીઓને શિક્ષણ દરમ્યાન પૂરા પાડવાના અનુભવોની શિક્ષક તૈયારી કરી શકે છે.

શિક્ષકની પૂર્વતૈયારીઓ મદદરૂપ બને છે.

હેતુઓના મૂલ્યાંકનમાં સહાયક નીવડે છે.

પ્રવૃત્તિલક્ષી શિક્ષણકાર્ય કરવા ઉપયોગી બને છે.

વિદ્યાર્થીઓની રસવૃત્તિને પોષે છે, અને સંસ્કારે છે.

જ્ઞાનની ક્ષતિઓનું વિસ્તરણ કરે છે.

વિદ્યાર્થીના જીવનઘડતર અને ચારિત્ર્યઘડતરમાં મહત્ત્વનો ફાળો આપે છે.

વિદ્યાર્થીના વ્યક્તિત્વનો સર્વદેશીય વિકાસ કરવામાં સહાયક નીવડે છે.

વિદ્યાર્થીઓમાં સામાજિક, સાંસ્કૃતિક, નૈતિક અને રાષ્ટ્રીય મૂલ્યો કેળવી શકાય છે.

રાષ્ટ્રીય એકતા અને અસ્મિતાના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

લિપિ, લેખન અને વાચનનું શિક્ષણ દૃઢ બને છે.

આમ, પાઠ્યપુસ્તક શિક્ષકનો તથા વિદ્યાર્થીનો ક્ષમતાપૂર્ણ માર્ગદર્શક, સંનિષ્ઠ મિત્ર અને રહેમદિલ રાહબર છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## 3. ધોરણ-૭ના સંસ્કૃત પાઠ્યપુસ્તકની સમીક્ષા

### પ્રથમ સત્ર

### અનુક્રમણિકા



| ક્રમ | એકમનું નામ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| | वन्दना | १ |
| १. | चित्रपदानि | २ |
| २. | मेघोवर्षति | ५ |
| ३. | कोऽरुक् | ७ |
| ४. | हास्ययोगः | १० |
| ५. | चटक ! चटक ! | १३ |
| | पुनरावर्तनम् – १ | १६ |
| ६. | संख्या | १८ |
| ७. | विश्वासो नैव कर्तव्यः | २२ |
| ८. | समयः | २६ |
| ९. | आम्लं द्राक्षाफलम् | २९ |
| | पुनरावर्तनम् – २ | ३२ |



किंमत रु. १२.००

**નિર્માણ**
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

**મુદ્રણ**
ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

## દ્વિતીય સત્ર

### અનુક્રમણિકા


| ક્રમ | એકમનું નામ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| १. | प्रहेलिकाः | १ |
| २. | वार्तालापः | ३ |
| ३. | सुभाषितानि | ६ |
| ४. | धरा गूर्जरी | ११ |
| ५. | योजकः तत्र दुर्लभः | १३ |
| | **पुनरावर्तनम् – १** | १८ |
| ६. | विज्ञानस्य चमत्काराः | १ |
| ७. | सूक्तयः | २ |
| | **पुनरावर्तनम् – २** | २६ |


**किंमत रु. ११.००**

**નિર્માણ**
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

**મુદ્રણ**
ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

❋ **ધોરણ–7 ના પાઠ્યપુસ્તકની સમીક્ષા :** આપણે વિદ્યાર્થીઓને શૈક્ષણિક અનુભવો પૂરા પાડીએ છીએ, જેમાં પાઠ્યપુસ્તક એ શૈક્ષણિક અનુભવો પૂરા પાડવા માટેનું અગત્યનું સાધન બની રહે છે. શિક્ષક માટે પાઠ્યપુસ્તક એક સાધન છે, જ્યારે વિદ્યાર્થી માટે માર્ગદર્શક છે.

સી.પી.હિલ ના મંતવ્ય અનુસાર,

"પાઠ્યપુસ્તક એ કોઈ સાધન નથી, તેથી વિદ્યાર્થીઓ એને આદિથી અંત સુધી ગોખી નાખે તે તેનો ઉદ્દેશ પણ નથી. હકીકતમાં તો પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયામાં સતત ઉપયોગ કરી શકે તેવી સર્જનાત્મક સૂચનાઓનો ભંડાર છે."

હવે આપણે ધોરણ-7ના પાઠ્યપુસ્તકનું મૂલ્યાંકન કરીશું.

△ બાહ્ય લક્ષણો :

(1) કદ : ધોરણ-7નું પાઠ્યપુસ્તક પ્રથમ સત્ર અને દ્વિતીય સત્ર એમ બે સત્રમાં વિભાજિત અલગ-અલગ પુસ્તક સ્વરૂપે છે. પાઠ્યપુસ્તકનું કદ ડેમી સાઇઝમાં છે.

(2) મુખપૃષ્ઠ : ધોરણ-7ના પાઠ્યપુસ્તકનું મુખપૃષ્ઠ આકર્ષક અને વિષયને અનુરૂપ છે.

પ્રથમ સત્રના મુખપૃષ્ઠ પર એક ચિત્રમાં વિદ્યાર્થીઓ સંસ્કૃત અંકોને નિહાળી રહ્યા છે. બ્લેક બૉર્ડ પર નામ સાથે અંકલેખન થયેલ છે.

દ્વિતીય સત્રના પાઠ્યપુસ્તકના મુખપૃષ્ઠ પર ઊંટ અને શિયાળનું ચિત્ર છે. પ્રાકૃતિક દૃશ્ય સાથે ખંડિત થયેલું આ ચિત્ર કક્ષાનું રૂપ છે.

(3) છેલ્લું આવરણ : પ્રથમ સત્રના પાઠ્યપુસ્તકના છેલ્લા આવરણ પર ગુજરાતના નકશામાં ત્રણ વિદ્યાર્થીઓ દર્શાવવામાં આવ્યા છે, જે ગુજરાત રાજ્યની શૈક્ષણિક પ્રગતિની ઝાંખી કરાવે છે.

દ્વિતીય સત્રના પાઠ્યપુસ્તકના છેલ્લા આવરણ પર ગુજરાતના નકશામાં પ્રાકૃતિક હૃદયમાં ઊંટ અને બગલાનું ચિત્ર આલેખાયું છે, જે બોધકક્ષાના સ્વરૂપે છે.

(4) કાગળ : બન્ને સત્રના પાઠ્યપુસ્તકોના કાગળો લાંબા સમય સુધી ચાલે તેવા પસંદગી યુક્ત છે.

(5) છાપકામ યા મુદ્રણ : વિદ્યાર્થીની વયકક્ષાને ધ્યાનમાં રાખીને મુદ્રણ સુવ્યવસ્થિત યોગ્ય કદના આકારમાં થયેલું. સુંદર રંગીન ચિત્રોથી સુસજ્જિત મુદ્રણ ક્ષતિહીન અને આકર્ષક છે.

(6) બાંધણી : પાઠ્યપુસ્તકની બાંધણી મજબૂત અને ટકાઉ હોવી જોઇએ. ધોરણ- 7ના બન્ને સત્રના પાઠ્યપુસ્તકોની બાંધણી મજબૂત અને ટકાઉ છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

(7) પૃષ્ઠ સંખ્યા અને કિંમત : ધોરણ-7ના પ્રથમ સત્રના સંસ્કૃત પાઠ્યપુસ્તકની પૃષ્ઠસંખ્યા 36 છે, તેમજ બીજા સત્રના પાઠ્યપુસ્તકની પૃષ્ઠ સંખ્યા 28 છે. આગળના વધારાના પૃષ્ઠોમાં પ્રતિજ્ઞાપત્રઃ, લેખકો, પરામર્શકોની નામાવલિ, મૂળભૂત ફરજો અને અનુક્રમણિકાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ધોરણ-7ના પ્રથમ સત્રના પાઠ્યપુસ્તકની કિંમત રૂ. 12 છે, તેમજ દ્વિતીય સત્રના પુસ્તકની કિંમત રૂ. 11 છે, જે યોગ્ય છે.

આંતરિક લક્ષણો :

(1) વિષયવસ્તુ :

ગુજરાત રાજ્યમાં ધોરણ-6 થી સંસ્કૃત વિષય દાખલ કરવામાં આવ્યો છે, પરંતુ ધોરણ-7માં વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃત સમજે, સરળ સંસ્કૃતમાં અભિવ્યક્તિ કરી શકે, સરળ સંસ્કૃતમાં લેખન અને વાંચન કરે તે આશયથી વિષયવસ્તુને શિક્ષણના સિધ્ધાંતો અને સૂત્રો અનુસાર સરળ સંસ્કૃત ભાષામાં ક્રમિક રીતે સરળથી સંકુલ તરફના સૂત્રાનુસાર ગોઠવવામાં આવ્યું છે. પ્રારંભમાં વન્દના પધમાં ચાર શ્લોકો દ્વારા પ્રથમ શ્લોકમાં સરસ્વતી વંદના, બીજા શ્લોકમાં સંસ્કૃત ભાષાના વ્યાવહારિક ઉપયોગ અંગે, ત્રીજા શ્લોકમાં દીપવંદના અને ચોથા શ્લોકમાં શ્રીકૃષ્ણની વંદના છે. ત્યાર પછી चित्रपदनि- १, चित्रपदानि-२ અને चित्रपदानि ३ માં રોજિંદા વ્યવહાર ઉપયોગી શબ્દોને સંસ્કૃત ભાષામાં સચિત્ર દર્શાવવામાં આવ્યા છે.

બન્ને પાઠ્યપુસ્તકો ત્રણ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યાં છે.

પધવિભાગ :

પ્રથમ સત્ર તથા દ્વિતીય સત્રના પાઠ્યપુસ્તકોમાં પધ વિભાગ વૈવિધ્યપૂર્ણ છે. તેમાં પાઠ્યપુસ્તકનો પ્રારંભ સરસ્વતી વંદનાથી થાય છે તેમાં સુભાષિતો, પધો તથા અર્થસભર સૂક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. બંન્ને પુસ્તકોમાં કુલ પાંચ પધ પાઠો અને એક સૂક્તિપાઠનો સમાવેશ થયેલ છે.

ગધ પાઠોમાં બોધકથાઓ, નીતિ વિષયક ગધ, સંખ્યાવાચક શબ્દો અને તેનો વ્યાપક ઉપયોગ, સમયદર્શક અંગ, હાસ્યવિનોદ જેવા ગધ સરળ ભાષામાં પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

પુનરાવર્તમાં પઠિત ગધ-પધ પાઠોના આધારે પ્રવૃત્તિસભર સ્વાધ્યાય પ્રશ્નો આપી વિદ્યાર્થીઓના જ્ઞાન ચકાસણીનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે. બીજા સત્રના પાઠ્યપુસ્તકમાં પ્રઃિ: અંતર્ગત આપેલા પાંચ શ્લોકો ખૂબ જ જિજ્ઞાસાવર્ધક અને બાળકો માટે કુતૂહલપ્રેરક બની રહ્યા છે. આ ઉપરાંત હળવી શૈલીમાં રજૂ થયેલ સંવાદો પણ જ્ઞાનપ્રેરક છે. 'ધર્નરી'માં ગુજરાત રાજ્ય ગૌરવગાથાનું નિરુપણ તેમજ ગુજરાતના ધાર્મિક તીર્થ સ્થાનોની મહિમાનું વર્ણન આકર્ષક રીતે રજૂ થયેલ છે. પશુ-પક્ષીઓના માધ્યમથી અપાયેલ ઉપદેશ પણ સરાહનીય છે. દા.ત.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

श्रृगालः वदति, शुकस्य चम्चुः वक्रा किन्तु
सः मनुष्यवाणी वक्तुं शक्नोति ।
कुक्कुरस्य पुच्छं वक्रं किन्तु
सः स्वामिभक्तः अस्ति ।
बकस्य ग्रीवा वका किन्तु
तस्य एकाग्रता प्रचलिता ।

(पृ.15)

આમ, વિષયવસ્તુની દૃષ્ટિએ જોઈએ તો વિષયવસ્તુના વિષયાંગો સરળ અને ક્રમિક રીતે રજૂ કરવામાં આવ્યા છે. સંક્ષેપમાં અહીં સંસ્કૃત ભાષાને બાલોપયોગી અને વ્યાવહારિક રીતે સહજતાથી ઉપયોગમાં લઈ શકાય તેવા સંનિષ્ઠ પ્રયાસો થયા છે.

(2) ભાષા : ઉચ્ચ પ્રાથમિક શાળામાં સંસ્કૃત ભાષાના પરિચય માટે શિક્ષણકાર્ય થતું હોવાથી પાઠ્યપુસ્તક સરળ સંસ્કૃત ભાષામાં લખાયેલું હોવું જોઈએ. ધોરણ-7ના પાઠ્યપુસ્તકોની ભાષા વિદ્યાર્થીઓની વય-કક્ષાને ધ્યાનમાં રાખી અતિ સરળ ભાષા આલેખાયેલી છે. વિદ્યાર્થીઓની સમજ અને અર્થગ્રહણ માટે સુયોગ્ય કહી શકાય.

(3) ચિત્રો : પાઠ્યપુસ્તકમાં ચિત્રગ્દર્શનમ્ ના વિવિધ ચિત્રો દ્વારા વિવિધ સંસ્કૃત શબ્દોથી વિદ્યાર્થીઓને પરિચિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત પાઠ્યપુસ્તકોમાં જુદા-જુદા ગદ્ય-પદ્યના પાઠોમાં વિષયને અનુરૂપ આકર્ષક રંગમાં ચિત્રો મૂકવામાં આવ્યાં છે જે વિદ્યાર્થીની સમજ માટે મનોરંજનાત્મક તેમજ જિજ્ઞાસાવૃત્તિનાં પોષક છે.

(4) કોઠાઓ : ખાસ કરીને સંખ્યાવાચક શબ્દોની સમજ તેમજ સમયદર્શક શબ્દોની સમજ માટે કોઠાઓ ખૂબ ઉપયોગી સિદ્ધ થયા છે.

(5) અનુબંધ : પાઠ્યપુસ્તકમાં પ્રારંભમાં સંસ્કૃત શબ્દોનો પરિચય, ત્યાર બાદ સરળ વાક્યોમાં તેનો ઉપયોગ, પછી ક્રિયાપદની સમજ આપી વ્યાકરણના વિવિધ અંગો વચ્ચે યોગ્ય અનુબંધ જળવાયો છે.

(6) ટિપ્પણી : ધોરણ-7ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકોમાં ટિપ્પણી વિભાગમાં સંસ્કૃત શબ્દોના ગુજરાતી અર્થ, સંધિયુક્ત શબ્દોની સમજ વગેરે આપવામાં આવ્યા છે. આ વિભાગ ઔચિત્યપૂર્ણ છે, કારણ કે વિદ્યાર્થીને એકમના અધ્યયનમાં વિશેષ ઉપયોગી સિદ્ધ થાય છે.

(7) પ્રવૃત્તિ : પ્રત્યેક ગદ્ય-પદ્ય પાઠોના આધારે બાળકોમાં સર્જનાત્મક વૃત્તિને ઉત્તેજન મળે તે માટે પ્રવૃત્તિઓ આપવામાં આવી છે. આ સંદર્ભે પાઠ્ય- પુસ્તકનો દરેક એકમ બાળકો માટે પ્રવૃત્તિલક્ષી બની રહે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

(8) 'ज्ञातव्यम्' : ज्ञातव्यम् શીર્ષક હેઠળ પાઠ્યપુસ્તકના એકમને અંતે વ્યવહારમાં ઉપયોગી જાણવા જેવા શબ્દોનું નિરુપણ થયેલ છે જેવા કે स्थितिकालः લહિયો, उट्टङ्कः ટાઇપિસ્ટ अधिवक्ता વકીલ તથા જાણવા જેવી વિશેષ માહિતી પણ આપવાનો પ્રયાસ થયેલ છે જેમ કે –

(1) श्रावणमासस्य पूर्णिमा रक्षाबन्धनेन सह संस्कृतदिवसरूपेण अपि मन्यते ।

(2) रामायणम् तथा महाभारतम् अस्माकम् आर्धमहाकाव्यरुपेण प्रसिद्धे । વગેરે... આ ઉપરાંત આ વિભાગમાં રસોડામાં વપરાતા મસાલાનાં નામ તેમજ સગા-સંબંધીઓ માટે વપરાતા શબ્દો જેવા કે पितृव्यः કાકા, भ्रातृजाया ભાભી, भ्रातृव्यः ભત્રીજો, भाजिनेयः ભાણો જેવા શબ્દોનો પણ પ્રશંસનીય પરિચય કરાવવામાં આવ્યો છે.

(9) સ્વાધ્યાય : ધોરણ–7 ના બન્ને સત્રના સંસ્કૃત પાઠ્યપુસ્તકોમાં સ્વાધ્યાયોની રચના વૈવિધ્યપૂર્ણ છે. તે દરેક એકમને અંતે આપેલા સ્વાધ્યાયો વિષયાંગને અનુરૂપ કહી શકાય. તેમાં શબ્દોનું મોટેથી ઉચ્ચારણ કરો. સંસ્કૃત શબ્દો આપો, નીચેનાં વાક્યો કોણ બોલે છે તે કહો, રેખાંકિત પદોના સ્થાને કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી અન્ય વાક્ય બનાવો, ખાલી જગ્યા પૂરો, જોડકાં જોડો, વાક્યોનું અનુલેખન કરો, વાક્યોને ઘટનાક્રમમાં ગોઠવો, સંસ્કૃતમાં ઉત્તર આપો, કાવ્ય પંક્તિઓ પૂર્ણ કરો...વગેરે પ્રકારના સ્વાધ્યાયો વિદ્યાર્થીઓના વિવિધ કૌશલ્યોના વિકાસ માટે પ્રેરક અને પ્રોત્સાહક બને તેવા છે.

(10) વયકક્ષા પ્રમાણે નિરૂપણ : ધોરણ-7 ના પાઠ્યપુસ્તક અંતર્ગત આપવામાં આવેલ વિષયવસ્તુ, સ્વાધ્યાય, ટિપ્પણી વ્યાકરણ વગેરેની પસંદગી તેમજ એકમના અંતે આપેલ વિશેષ પ્રોજેક્ટ વર્ક - પ્રવૃત્તિઓ સાતમા ધોરણના વિદ્યાર્થીઓની વયકક્ષાને ધ્યાનમાં રાખીને પ્રયાસ કરવામાં આવ્યો છે.

(11) નિષ્કર્ષ : સંસ્કૃતની વર્તમાન પરિસ્થિતિ જોતાં જણાય છે કે, દિવસે-દિવસે વિદ્યાર્થીઓ અને સમાજ સંસ્કૃત વિષયથી વિમુખ થતો જાય છે, માતૃભાષા તરીકે ઓળખાવા લાગી છે, ત્યારે ધોરણ-7ના સંસ્કૃત પાઠ્યપુસ્તક દ્વારા વિદ્યાર્થીઓ અને સમજને સંસ્કૃત પ્રત્યે અભિમુખ કરવાનો જે સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો છે, તે અત્યંત સરાહનીય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

સંસ્કૃત પાઠ્યપુ...

**4. ધોરણ-૮ના સંસ્કૃત પાઠ્યપુસ્તકની સમીક્ષા**

પાઠ્યપુસ્તકની સમીક્ષા માટે કોઈપણ ચાર બાબત

પ્રથમ સત્ર (4 અંકો - (2M) - 2019

ધોરણ ૮ ના સેમ-૨ની સમીક્ષા 2019-4M

અનુક્રમણિકા


| ક્રમ | એકમનું નામ | પૃષ્ઠ સંખ્યા |
| --- | --- | --- |
| | वन्दना | १ |
| १. | चित्रपदानि | ३ |
| २. | चित्रपदानि | ७ |
| ३. | आत्मश्रद्धायाः प्रभावः | ११ |
| ४. | एहि सुधीर | १५ |
| ५. | शीलायाः प्रवासः | १८ |
| | पुनरावर्तनम् – १ | २४ |
| ६. | विनोदपद्यानि | २८ |
| ७. | सङ्ख्या | ३१ |
| ८. | मम दिनचर्या | ३७ |
| ९. | भाषा – सज्जता | ४३ |
| | पुनरावर्तनम् – २ | ४७ |


**નિર્માણ**
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

**મુદ્રણ**
ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

ધોરણ ૮ किंमत रु. १९.०० પાઠ્યપુસ્તકની કિંમત

(2017 - 2M)

...LEGE-RAJKOT

## દ્વિતીય સત્ર

### અનુક્રમણિકા


| ક્રમ | એકમનું નામ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| १. | पुत्री मम खलु निद्राति | १ |
| २. | खेलमहोत्सवः | ५ |
| ३. | प्रहेलिका | ८ |
| ४. | प्रेरणादीपः चाणक्यः | ११ |
| ५. | प्रभात – वर्णनम् | १४ |
| | **पुनरावर्तनम् – १** | १८ |
| ६. | रमणीया नगरी | २० |
| ७. | सुभाषितानि | २४ |
| ८. | मनुष्यसिंहयोः मैत्री | २७ |
| | **पुनरावर्तनम् – २** | ३० |
| ⇒ | भाषा – सज्जता | ३२ |


**निर्माण**
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

**मुद्रण**
ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

किंमत रु. २३.००

ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા મુદ્રિત ધોરણ-8ના પ્રથમ સત્રના સંસ્કૃત પાઠ્યપુસ્તકમાં પૃષ્ઠ સંખ્યા 60 + 4 = 64 છે અને મૂલ્ય રૂા. 19.00 છે. તેમ જ દ્વિતીય સત્રના પાઠ્યપુસ્તક પાઠ્યપુસ્તકની પૃષ્ઠ સંખ્યા 36 + 4 = 40 અને મૂલ્ય રૂા. 13.00 છે.

અહીં ધોરણ–8ના બન્ને સત્રના સંસ્કૃત પાઠ્યપુસ્તકોની સમીક્ષા પ્રસ્તુત છે.

બાહ્ય લક્ષણો :

(1) કદ : સામાન્ય રીતે પાઠ્યપુસ્તકનું કદ A4 સાઇઝમાં જોવા મળે છે. ધો.8ના પાઠ્યપુસ્તકોની સાઈઝ A4 છે, જે બિલકુલ યોગ્ય છે.

(2) મુખપૃષ્ઠ : ધોરણ–8ના પ્રથમ સત્રના પાઠ્યપુસ્તકનું મુખપૃષ્ઠ આકર્ષક અને વિષયવસ્તુને અનુરૂપ છે. એક ચિત્રમાં ગુરુજીના સાનિધ્યમાં લક્ષ્ય વિંધતો શિષ્ય બતાવવામાં આવ્યો છે. બીજા ચિત્રમાં બે વિદ્યાર્થીઓ સ્ક્રીન પર કૂતુહલતાપૂર્વક એક દૃશ્ય નિહાળી રહ્યા છે અને ત્રીજું ચિત્ર વર્ગખંડનું છે. અંતિમ પૃષ્ઠ પર ભારતના નકશામાં સમયદર્શક ઘડિયાળનું ચિત્ર દર્શાવવામાં આવ્યું છે.

બીજા સત્રના મુખપૃષ્ઠ પર ખેલ મહોત્સવનું ચિત્ર આલેખાયું છે. બીજા ચિત્રમાં મનુષ્ય અને પશુની ચિત્રતાની વાર્તા અભિવ્યક્ત કરતું ચિત્ર પ્રસ્તુત છે. આમ, મુખપૃષ્ઠ ચિત્ર દ્વારા સંઘ, સહકાર અને ઐક્ય તથા પ્રાણી અને મનુષ્યની મૈત્રી દ્વારા પ્રેમ અને કરુણાનો સંદેશ પાઠવવામાં આવ્યો છે. અંતિમ આવરણ પૃષ્ઠ પર પુત્રઃ ** ઃિ પધનું ચિત્ર અંકિત કરવામાં આવ્યું છે. આ ચિત્ર દ્વારા પુત્રી-બાળકીની મહત્તાની ભાવના વ્યક્ત થાય છે.

(3) કાગળો : પાઠ્યપુસ્તકના કાગળો લાંબા સમય સુધી ચાલે તેવા હોવા જોઇએ.

આ સંદર્ભમાં ધોરણ–8ના પાઠ્યપુસ્તકોની પસંદગી યોગ્ય છે.

(4) છાપકામ યા મુદ્રણ : વિદ્યાર્થીની વયજ્ઞાન કક્ષાને ધ્યાનમાં રાખીને મુદ્રણ સુવ્યવસ્થિત યોગ્ય કદના આકારમાં થયેલું છે. તે ક્ષતિહીન છે.

(5) બાંધણી : પાઠ્યપુસ્તકની બાંધણી મજબૂત અને ટકાઉ હોવી જોઇએ. ધોરણ– 8ના બન્ને સત્રના પાઠ્યપુસ્તકોની બાંધણી મજબૂત અને ટકાઉ છે.

(6) પૃષ્ઠ સંખ્યા અને કિંમત : પ્રથમ સત્રના પુસ્તકની પૃષ્ઠ સંખ્યા 60+4=64 છે. તેની કિંમત રૂા. 19,00 છે, જયારે દ્વિતીય સત્રના પુસ્તકની પૃષ્ઠ સંખ્યા 36+4=40 છે તેની કિંમત રૂા 13.00 છે. પ્રથમ સત્રના વધારાના પૃષ્ઠોમાં મમ પરિવાર અંગે માહિતી આપવામાં આવી છે. નિત્ય સત્ર ના વધારાના પૃષ્ઠ કવિ કુલ ગુરુ કાલિદાસના જીવન કવન

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

અને સાહિત્ય રચના નો પરિચય પ્રતિજ્ઞા પત્ર લેખકોને નામાવલી મૂળભૂત કરજો અને અનુક્રમણિકા નો સમાવેશ કરવામાં આવ્યો છે.

∆ આંતરિક લક્ષણો :

આમ તો ગુજરાત રાજ્યમાં ધોરણ છ થી સંસ્કૃત વિષય દાખલ કરવામાં આવ્યો છે. પરંતુ ધોરણ 8 માં વિદ્યાર્થીઓ સરળ સંસ્કૃતિમાં અભિવ્યક્તિ કરી શકે સરળ સંસ્કૃતમાં લેખન અને વાંચન કરે તે અસયથી વિષયવસ્તુને શિક્ષણના સિદ્ધાંતો અને સૂત્રો અનુસાર સરળ સંસ્કૃત ભાષામાં ક્રમિક રીતે સરળતાથી સંકુલ તરફના સૂત્ર અનુસાર ગોઠવવામાં આવ્યું છે પાઠ્યપુસ્તકમાં ત્રણ વિભાગો છે.

∆ પદ્ય વિભાગ :

પાઠ્યપુસ્તકમાં પદ્ય વિભાગ વૈવિધ્યપૂર્ણ છે. પ્રથમ સત્રના પુસ્તકમાં वन्दना અને विनोदपद्यानि નો સમાવેશ કરવામાં આવ્યો છે, જ્યારે દ્વિતીય સત્રના પુસ્તકમાં मम पुत्री खलु निद्राति, प्रहेलिका तथा सुभाषितानि ના લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે મનુષ્યજીવનને સદાચાર, નીતિ, પ્રેમ, ભ્રાતૃભાવ જેવા ઉમદા ગુણો તેમજ વિદ્યામહિમા, વૃક્ષારોપણ, સજ્જનમહિમા, લોકમાતાના રૂપમાં નદીઓનો મહિમા જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા છે.

ગદ્ય વિભાગ :

ધોરણ-8ના પ્રથમ સત્રના પાઠ્યપુસ્તકમાં चित्रपदानि દ્વારા વિવિધ શબ્દોનો પરિચય કરાવવામાં આવ્યો છે. જેમાં પ્રાણીઓ, પક્ષીઓ, વાહનો ઘર વપરાશની વસ્તુઓના સંસ્કૃત શબ્દોથી બાળકોને માહિતગાર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત સંખ્યાવાચક શબ્દો તેમજ ઘડિયાળના માધ્યમથી સંસ્કૃતમાં સમયદર્શનનું જ્ઞાન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

દ્વિતીય સત્રના પુસ્તકમાં ચાર જેટલા ગદ્ય છે તે ગદ્યપાઠો વિદ્યાર્થીઓની કક્ષા અનુસાર સંવાદના રૂપમાં રજૂ કરવામાં આવ્યાં છે. તદ્દન સરળ સંસ્કૃત ભાષામાં લખાયેલા પાઠો વિદ્યાર્થીઓના અર્થગ્રહણને સરળ બનાવે તેવા છે જેના દ્વારા ખેલ મહોત્સવ ચાણક્ય નીતિ, સાંસ્કૃતિક વારસો, મનુષ્ય પ્રાણી પ્રેમનો સમાવેશ થાય છે. ગદ્યના વિષયાંગો પણ વિદ્યાર્થીઓના આસપાસના વિશ્વમાંથી પસંદ કરવામાં આવ્યા છે. તેમના વાસ્તવિક જીવન સાથે તે અનુબંધિત છે.

વ્યાકરણ વિભાગ :

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

વિદ્યાર્થીઓ સંસ્કૃત વ્યાકરણથી પરિચિત થાય તે માટે પ્રથમ સત્રના પાઠ્યપુસ્તકમાં મુઃ-૨ તથા પુત્ર-૨ નો સમાવેશ કરેલ છે. પુનરાવર્તન-1માં સંવાદ- યોજના, ઉચ્ચારણ, વાચન અને પ્રશ્નોત્તરની પ્રવૃત્તિ દ્વારા પ્રારંભિક વ્યાકરણનો પરિચય આપવામાં આવ્યો છે. પુનરાવર્તન-2માં કોષ્ટક પૂર્ણ કરો, પ્રશ્ન વાક્ય બનાવો, સંવાદને અભિનય સાથે રજૂ કરો તથા પ્રશ્ન વાક્યો બનાવો જેવી પ્રવૃત્તિઓ દ્વારા વ્યાકરણનું જ્ઞાન આપવામાં આવ્યું છે.

દ્વિતીય સત્ર ના પાઠ્યપુસ્તકમાં પણ પુનરાવર્તન-૧ અને પુનરાવર્તન-૨ દ્વારા વાક્ય રચના, દૈનિક જીવનના સમભાષણ, ચિત્ર પરથી સંસ્કૃત વાર્તાનિર્માણ, ગુજરાતી વાક્યોનો સંસ્કૃતમાં અનુવાદ કરો તેમજ પુનરાવર્તન-૨ માં શ્લોકગાન, સંધિ વિગ્રહ, સંસ્કૃત, અનુવાદ, રૂપોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આમ, વિષયવસ્તુની દૃષ્ટિએ જોઇએ તો વિષયવસ્તુના વિષયાંગો સરળ અને ક્રમિક રીતે રજૂ કરવામાં આવ્યા છે. વિશેષ સ્વરૂપે નવા પાઠ્યપુસ્તકમાં ભાષાનું વ્યાવહારિક જ્ઞાન વિદ્યાર્થીઓમાં વિકસે એ હેતુથી પુસ્તકના અંતે ભાષા - સજ્જતા નો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં ત્વા પ્રત્યય, નામપદ, કૃદન્તોનો સમાવેશ કરવામાં આવેલ છે. અંતિમ પાના પર ભાષાક્રીડા-૧ , ૨કરવામાં આવેલ છે, જેના દ્વારા કર્તાપદ + ક્રિયાપદની વાક્યરચના રજૂ કરેલ છે.

(2) ભાષા : સંસ્કૃત ભાષાના પરિચય માટે તથા વ્યાવહારિક ઉપયોગ અર્થે શિક્ષણકાર્ય થતું હોવાથી ધોરણ-8નું પાઠ્યપુસ્તક સરળ સંસ્કૃતમાં લખાયેલું હોવું જોઇએ. પ્રસ્તુત પાઠ્યપુસ્તકની ભાષા અતિ સરળ છે અને વિદ્યાર્થીઓના અર્થગ્રહણ માટે સુયોગ્ય કહી શકાય.

(3) ચિત્રો : પાઠ્યપુસ્તકોમાં શરૂઆતથી જ રંગીન ચિત્રો દ્વારા સંસ્કૃત માહિતી આપવાનનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જુદા જુદા ગદ્ય-પદ્ય પાઠોમાં વિષયને સુસંગત રંગીન ચિત્રો મૂકવામાં આવ્યાં છે, જેથી વિદ્યાર્થીઓનું અર્થગ્રહણ સરળ બને અને તેમની જિજ્ઞાસાવૃત્તિને ઉત્તેજન મળે.

(4) કોઠાઓ : ખાસ કરીને વ્યાકરણની લાઘવયુક્ત સમજૂતી માટે કોઠાઓ ખૂબ જ ઉપયોગી બને છે. ધોરણ-8ના બન્ને સત્રના સંસ્કૃત પાઠ્યપુસ્તકોમાં સર્વનામ તેમજ ક્રિયાપદના વિવિધ રૂપોની સમજ માટે ઉપયોગમાં લેવાયેલ કોઠાઓ વિદ્યાર્થીઓને અભ્યાસમાં ક્રિયાત્મક રાખવામાં સહાયરૂપ થાય છે.

(5) અનુબંધ : પાઠ્યપુસ્તકના એકમો અને વ્યાકરણના વિવિધ અંગો વચ્ચે પાઠ્યપુસ્તકમાં યોગ્ય અનુબંધ જળવાયો છે. પહેલા સંસ્કૃત વાક્યરચના કોઠા આધારે, યોગ્ય રૂપો, ત્યાર બાદ સંસ્કૃત શુદ્ધ ઉચ્ચારણ, સંસ્કૃતમાં અનુવાદ, સંધિ, વિગ્રહ, વાક્યરૂપાંતર તથા કૃદન્તોનો સમાવેશ કરેલ છે.

(6) એકમ વિભાજન : બે એકમો વચ્ચેના અનુબંધની સાથે સાથે એકમોની લંબાઇ પણ અગત્યની બાબત બની જાય છે. એકમોની રજૂઆત સપ્રમાણ હોવી જોઇએ. વયજ્ઞાન કક્ષા અનુસાર એકમની લંબાઇ હોવી જોઇએ. ધોરણ- 8ના સંસ્કૃતના પ્રસ્તુત પાઠ્યપુસ્તકોમાં એકમોની લંબાઇ સપ્રમાણ રાખવામાં આવી છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

(7) ટિપ્પણી : ધોરણ-8ના સંસ્કૃતના પાઠ્યપુસ્તકોમાં ટિપ્પણી વિભાગમાં સંસ્કૃત શબ્દોના ગુજરાતી પર્યાયો, વ્યાકરણના વિવિધ અંગોનો પરિચય, વ્યાકરણની સમજૂતી, શબ્દોના સંદર્ભો પ્રવૃત્તિ, પ્રોજેક્ટ વર્ક વગેરે આપવામાં આવ્યા છે. આ વિભાગ ઔચિત્યપૂર્ણ છે, કારણ કે વિદ્યાર્થીને એકમના અધ્યયનમાં તે અસરકારક બની શકે તેમ છે. વિદ્યાર્થીઓના સ્વઅધ્યયનને પ્રેરક અને પોષક બને તેવો આ વિભાગ કહી શકાય.

(8) સ્વાધ્યાય : સ્વાધ્યાયોની રચના વૈવિધ્યપૂર્ણ છે. તે દરેક એકમના અંતે આવેલા સ્વાધ્યાયો એકમને યા વિષયાંગને અનુરૂપ કહી શકાય. તેમાં અનુવાદ કરો, પ્રશ્નોના ઉત્તર ગુજરાતીમાં, સંસ્કૃતમાં આપો, પાંચ વાક્યો લખો. પાદપૂર્તિ કરો, જાણવાજેવું, ભાષા રમત વગેરે પ્રકારનાં સ્વાધ્યાયો વિદ્યાર્થીઓનાં વિવિધ કૌશલ્યોની વિકટતાને પ્રેરક અને પ્રોત્સાહક બને તેવાં છે, એમ કહી શકાય.

આ ઉપરાંત કેટલાક એકમોમાં પ્રવૃત્તિલક્ષી સ્વાધ્યાયો પણ આપેલા છે. જેમ કે, સ્થાનિક કક્ષાના હાલરડાં, પ્રહેલિકા, સુવાક્યો, ચાણક્યનું જીવનચરિત્ર, મહાપુરુષોના પ્રેરક પ્રસંગો વગેરે આપવામાં આવ્યા છે.

(9) શિક્ષકો માટે સૂચના : ધોરણ-8ના સંસ્કૃત પાઠ્યપુસ્તકમાં શિક્ષકોનું અધ્યાપનકાર્ય અસરકારક બને તે માટે અગત્યની સૂચનાઓ આપવામાં આવી છે. જેમ કે, ગુજરાતની રાજધાની વિશે માહિતી આપો, પુસ્તકાલયનું મહત્ત્વ સમજાવો. આ વિભાગ શિક્ષક નિદર્શિનીની ગરજ સારે તેમ છે, તેથી પાઠ્યપુસ્તક નિર્માતાઓનો આ પ્રયાસ અભિનંદનને પાત્ર છે.

(10) વયકક્ષા પ્રમાણે નિરૂપણ : પાઠ્યપુસ્તકોમાં નિરુપાયેલ વિષયવસ્તુ, સ્વાધ્યાયકાર્ય, ટિપ્પણી, વ્યાકરણ વગેરેની પસંદગીમાં તેમજ નિરૂપણમાં આઠમા ધોરણના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને પ્રયાસ કરવામાં આવ્યો છે.

(11) નિષ્કર્ષ : સંસ્કૃતની વર્તમાન પરિસ્થિતિ જોતાં જણાય છે કે, દિવસે-દિવસે વિદ્યાર્થીઓ અને સમાજ સંસ્કૃત વિષયથી વિમુખ થતો જાય છે ત્યારે સંસ્કૃત ભાષાને વ્યવહારુ અને લોકોપભોગી બનાવવા માટે પ્રસ્તુત પાઠ્યપુસ્તક દ્વારા વિદ્યાર્થીઓ અને સમાજને સંસ્કૃત પ્રત્યે અભિમુખ કરવાનો જે પ્રયાસ કરવામાં આવ્યો છે તે પ્રશંસનીય છે.

---

5. ધોરણ-૯ના પાઠ્યપુસ્તકની સમીક્ષા :

ધોરણ 8 ના 2004 ના પાઠ્યપુસ્તક પછી અને 2005માં ધોરણ 9નું પાઠ્યપુસ્તક પ્રકાશિત થયેલું છે. આપણે અહીં ધોરણ 9ના પાઠ્યપુસ્તકની સમીક્ષા કરીશું. ધોરણ 9ના સંસ્કૃતના પાઠ્યપુસ્તકના બાહ્ય અને આંતરિક લક્ષણોને ધ્યાનમાં રાખીને તેની સમીક્ષા કરીશું.

(1) નામ : संस्कृत: कक्षा 9

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

પ્રકાશક : ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.
પૃષ્ઠ સંખ્યા 88 + 4 = 92 भित रु. = 11.00

D બાહ્ય લક્ષણો :

(1) કદ : ધોરણ નવના સંસ્કૃતના પાઠયપુસ્તકનું કદ વિદ્યાર્થીઓની કક્ષાને યોગ્ય છે.

(2) મુખપૃષ્ઠ : મુખપૃષ્ઠ આકર્ષક અને નયનરમ્ય છે. પ્રકૃતિની ગોદમાં ગુરુકુળ પદ્ધતિથી ગુરુ-શિષ્યનું અધ્યાપન-અધ્યયન થઈ રહ્યું છે, જે ભારતની પ્રાચીન સંસ્કૃતિનું દર્શન કરાવે છે. પ્રકૃતિના નયનરમ્ય વાતાવરણમાં ગુરુ-શિષ્યની પવિત્ર પરંપરા મુખપૃષ્ઠ દ્વારા જીવંત બની જાય છે.

(3) છેલ્લું આવરણ : છેલ્લા આવરણ પર ભારત માતાની વંદના અને મહત્તા દર્શાવતો શ્લોક મૂકવામાં આવ્યો છે જે વિદ્યાર્થીઓને રાષ્ટ્રભક્તિ માટે પ્રેરિત કરે છે.

(4) કાગળ : કાગળો ટકાઉ અને સફેદ છે. કાગળની ગુણવત્તા યથાયોગ્ય કહી શકાય.

(5) છાપકામ : પાઠયપુસ્તકનું છાપકામ સ્પષ્ટ અને યોગ્ય ટાઈપના અક્ષરોવાળું છે. વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ છે. મુદ્રણ ક્ષતિવિહીન છે.

(6) બાંધણી : પાઠયપુસ્તકની બાંધણી પ્રમાણમાં મજબૂત અને ટકાઉ છે.

(7) પૃષ્ઠસંખ્યા : અભ્યાસક્રમનાં પ્રમાણમાં પૃષ્ઠસંખ્યા હોવી જોઈએ. પ્રસ્તુત પાઠયપુસ્તકની પૃષ્ઠ સંખ્યા 88 છે. અગાઉનાં ચાર પાનામાં પ્રતિજ્ઞાપત્રમ્, લેખકો, પરામર્શકોનાં નામ, મૂળભૂત ફરજો અને અનુક્રમણિકા આવેલાં છે.

(8) કિંમત : પાઠયપુસ્તકની કિંમત રૂ. 11/- છે. જે પ્રવર્તમાન પરિસ્થિતિમાં પુસ્તકનું કદ જોતાં યોગ્ય ગણી શકાય.

a આંતરિક લક્ષણો :

(1) વિષયવસ્તુ: પાઠ્યપુસ્તકમાં કુલ 21 પાઠ અને 5 અભ્યાસ છે. પાઠયપુસ્તક અંતર્ગત 16 ગધપાઠ અને 5 પધપાઠો આપવામાં આવ્યા છે.

પધ વિભાગમાં सुभाषितानि, नीतिपञ्चकम्, वक्रपद्यानि, सततं
नमामि, भाति मे भारतम् આપવામાં આવ્યાં છે. ગુજરાત અને ભારતનો મહિમા દર્શાવતા શ્લોકો રાષ્ટ્રભક્તિને પ્રેરક છે. જયારે સુભાષિતો, નીતિપગ્ચકમ્ વગેરે નૈતિક મૂલ્યોને પ્રબોધે છે. વક્રપધાનિમાં જ્ઞાન સાથે આનંદ પ્રાપ્ત થાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

ગદ્ય વિભાગમાં પસંદ કરવામાં આવેલા વિષયોમાં કેટલાક આધુનિક વિષયો છે જે વિદ્યાર્થીઓ માટે માહિતીપ્રેરક અને જ્ઞાનપ્રેરક છે. ગદ્ય વિભાગમાં પૌરાણિક, વાસ્તવિક જીવનલક્ષી વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે યથાયોગ્ય છે.

આમ વિષયાંગોની પસંદગી વિદ્યાર્થીઓની વયજ્ઞાન કક્ષા તેમજ તેમની અભિરુચિને અનુલક્ષીને કરવામાં આવી છે. વિષયવસ્તુમાં સમાજશિક્ષણ, ચારિત્ર્યઘડતર, સ્વાસ્થ્યશિક્ષણ, જીવનચરિત્ર જેવા વિષયોનો સમાવેશ કરાયો છે.

વ્યાકરણ વિભાગના 5 અભ્યાસમાં ધોરણ 8ના વ્યાકરણ વિભાગનાં અનુસંધાનમાં યોગ્ય અનુબંધ જાળવી સરળ ભાષામાં વ્યાકરણને પ્રસ્તુત કરવામાં આવ્યું છે. વ્યાકરણમાં સંજ્ઞા, ઋકારાન્ત(પું.) રૂપો, ઈકારાન્ત (સ્ત્રી), કારાન્ત સ્ત્રીલિંગ વગેરે રૂપો ઉપરાંત હ્યસ્તન ભૂતકાળ, ભવિષ્યકાળ, આજ્ઞાર્થનાં રૂપો, વાક્ય પરિવર્તન—કર્તરિ, કર્મણિ પ્રયોગ મૂકવામાં આવ્યાં છે.

(2) ભાષા : પાઠ્યપુસ્તકમાં એકમોની રજૂઆત સરળ ભાષામાં કરવામાં આવી છે. સરળ સંસ્કૃત ભાષામાં અને સંવાદરૂપે લખાયેલા લેખો વિદ્યાર્થીઓના અર્થગ્રહણને સરળ અને સુગ્રાર્થ બનાવે છે.

(3) ચિત્રો : પાઠ્યપુસ્તકમાં લગભગ 7 જેટલાં ચિત્રો છે. તે જે-તે વિષયાંગની શરૂઆતમાં આપવામાં આવેલાં છે. આ ચિત્રો વિદ્યાર્થીઓની જિજ્ઞાસા પ્રેરીને જે તે વિષયના અર્થગ્રહણને સરળ બનાવે તેવાં છે. જેમ કે રવિશંકર મહારાજનું ચિત્ર વિદ્યાર્થીઓને મહારાજના વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. આ રીતે વિષયાંગના અધ્યાપન-અધ્યયનમાં ચિત્રો ઉપકારક બન્યાં છે. તે વિષયોને અનુરૂપ છે, તેમ કહી શકાય.

(4) કોઠાઓ : આ પાઠ્યપુસ્તકમાં રૂપો માટે આપેલા કોઠાઓ રૂપોને સમજવામાં અનુકૂળ થાય તેમ છે. અન્ય કોઈ કોઠાઓ અહીં આપવામાં આવ્યા નથી.

(5) અનુબંધ : ધોરણ 9ના પાઠ્યપુસ્તકમાં આપેલા વ્યાકરણના વિવિધ અભ્યાસો વચ્ચે યોગ્ય અનુબંધ જળવાયો છે. આ ઉપરાંત પાઠ્યપુસ્તકના કેટલાક પાઠો દ્વારા ભૌગોલિક સ્થળો, ઈતિહાસ, પર્યાવરણ અને વિજ્ઞાન સાથે યોગ્ય અનુબંધ સાધી શકાય તેમ છે. सततं नमामि માં તીર્થસ્થાનોની માહિતી દ્વારા ભૂગોળ, भौतिकी अनुसंधान प्रयोगशाळा દ્વારા વિજ્ઞાન, पृथिव्याः शक्तिः દ્વારા વિજ્ઞાનનો અનુબંધ સાધવામાં આવ્યો છે.

(6) એકમ વિભાજન : એકમોની લંબાઈ યોગ્ય છે. વધુ લાંબા એકમો કંટાળાજનક બને છે, અને ટૂંકા એકમો તેમની સાર્થક્તા ગુમાવી દે છે. આથી એકમ વિભાજન યોગ્ય રીતે થયેલું છે.

(7) ટિપ્પણી : વિષયાંગની નીચે ટિપ્પણીનો વિભાગ આપવામાં આવેલો છે. તેમાં વિદ્યાર્થીઓના સરળ અર્થગ્રહણ માટે વ્યાકરણના વિવિધ વિભાગો અનુસાર શબ્દો, તેમના પર્યાયો, શબ્દોના યોગ્ય સંદર્ભો વગેરે આપવામાં આવ્યાં છે. આનાથી વિદ્યાર્થીઓની શબ્દસમૃદ્ધિમાં વૃદ્ધિ થવા ઉપરાંત વ્યાકરણવિષયક વિવિધ અંગોથી વિદ્યાર્થીઓ પરિચિત બની શકશે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

(8) સ્વાધ્યાય : ધોરણ 9ના પાઠ્યપુસ્તકમાં પ્રશ્નોની દષ્ટિએ સારું એવું વૈવિધ્ય જોવા મળ્યું છે. ટૂંકા ઉત્તરવાળા પ્રશ્નો, ભાષાંતરના પ્રશ્નો, અનાત્મલક્ષી પ્રશ્નો વગેરે પ્રશ્નો જોવા મળે છે. ખાસ કરીને વિદ્યાર્થીઓની અર્થગ્રહણ શક્તિ, અભિવ્યક્તિ, યાદશક્તિ વગેરે બાબતોને લક્ષ્યમાં લઇને પ્રશ્નોની વૈવિધ્યપૂર્ણ રચના કરવામાં આવી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે કેટલાક પાઠોમાં પ્રવૃત્તિલક્ષી સ્વાધ્યાયો આપવામાં આવ્યા છે. જેમ કે, ઝવેરચંદ મેઘાણીકૃત 'માણસાઈના દીવા' પુસ્તકાલયમાંથી મેળવીને વાંચો. આથી વિદ્યાર્થીઓની પુસ્તકાલય પ્રવૃત્તિને ઉત્તેજન મળે તેમ છે, અને તેઓ યોગ્ય સંદર્ભો જોતા થાય તેવું અભિપ્રેત છે.

(9) શિક્ષકો માટે : કેટલાક એકમોમાં શિક્ષકોનું અધ્યાપન અસરકારક અને ફળદાયી બને તે માટે આ વિભાગમાં ખાસ સૂચનો કરવામાં આવ્યાં છે. જેમ કે, સમૂહગાન કરાવવું, દેશપ્રેમને લગતા અન્ય શ્લોકોથી વિદ્યાર્થીઓને પરિચિત કરવા – આવી પ્રવૃત્તિઓથી શિક્ષકોનું અધ્યયન ઓજસ્વી અને તેજસ્વી બનવા સંભવ છે.

નિષ્કર્ષ :

સમગ્રતયા જોતાં ધોરણ 9ના વિદ્યાર્થીઓ માટે આ પુસ્તક સ્વ-અધ્યયન પ્રેરક છે. તેમાં આપેલાં રાષ્ટ્રધ્યેય વાવયાનિ વિદ્યાર્થીઓની રાષ્ટ્રભક્તિને પ્રેરશે તેમજ રત્નકણિકાઓ તેમનામાં શાશ્વત મૂલ્યોનું સંક્રમણ કરશે. આથી આ પુસ્તક ધોરણ 9ના વિદ્યાર્થીઓની કક્ષાનુસાર યથાયોગ્ય અને સંસ્કૃતના અધ્યયન માટે પ્રેરક અને પ્રોત્સાહક બની શકે તેમ છે.

4.2 પુસ્તકનાં આંતરિક બાહા લક્ષણો

આદર્શ પાઠયપુસ્તકનાં લક્ષણો

N.C.E.R.T. ના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે – "A good text book is based upon educationally sound principles and is well produced in terms of the physical format. These two factors determine its utility and suitability to a given age group."

માધ્યમિક શિક્ષણ પંચે (1964–'6) પાઠ્યપુસ્તક અંગે નોંધ કરતાં જણાવ્યું

, "A good text book, written by a qualified and competent specialist in the subject and produced with due regard to quality of printing, illustration and general get up, stimulates the pupil's interest and helps the teacher considerably in his work."

સંસ્કૃતના આદર્શ પાઠયપુસ્તકનાં લક્ષણોની ચર્ચા બાહ્ય અને આંતરિક લક્ષણોને ધ્યાનમાં રાખી કરીશું.

(1) બાહ્ય લક્ષણો :

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

(1) કદ : સામાન્ય રીતે પાઠ્યપુસ્તકનું કદ ડેમી સાઇઝનું હોય તે ઈષ્ટ છે. એટલે 1/8 સાઇઝના પુસ્તકને કદની દષ્ટિએ યોગ્ય કહી શકાય.

(2) મુખપૃષ્ઠ : પાઠ્યપુસ્તકનું મુખપૃષ્ઠ આકર્ષક અને વિષયને અનુરૂપ હોવું જોઈએ. મુખપૃષ્ઠ પર સંસ્કૃત વિષયની ઝાંખી કરાવે તેવાં ચિત્રો અને સુભાષિતો હોવાં જોઈએ. આકર્ષક મૃખપૃષ્ઠ વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા જાગૃત કરે છે અને આકર્ષણ વધારે છે.

(3) કાગળો : પાઠ્યપુસ્તકનો ઉપયોગ વિદ્યાર્થીઓએ હંમેશાં કરવાનો હોય છે, તેમજ લાંબા સમય સુધી કરવાનો હોય છે. તેથી કાગળો સફેદ, ટકાઉ અને ઊંચી ગુણવત્તાવાળા હોય એ આવશ્યક છે. વધુ ચળકાટવાળા કે લીસી સપાટીવાળા કાગળ અયોગ્ય ગણી શકાય, તેવા કાગળ ન હોવા જોઈએ.

(4) છાપકામ : પાઠયપુસ્તકની છપાઇ સુવ્યવસ્થિત અને યોગ્ય કદના અક્ષરોવાળી હોવી જોઈએ. છપાઈ સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવી હોવી જોઈએ. પાઠ્યપુસ્તક માટે નિયમ મુજબ બે લીટી વચ્ચે 1/4 ઈંચનું અંતર હોવું જરૂરી છે.

(5) બાંધણી : પાઠ્યપુસ્તકની બાંધણી મજબુત હોવી જોઈએ. સંસ્કૃતના પાઠ્યપુસ્તકમાં પાઠ સંખ્યા ઓછી હોય છે આથી નાની નાની થોકડી કરીને બાંધવું વધુ યોગ્ય ગણાય. પૂઠું પાકું હોવું જરૂરી નથી, પણ કાચું છતાં મજબૂત પૂઠું લગાડવું જોઈએ.

(6) પૃષ્ઠસંખ્યા : અભ્યાસક્રમના પ્રમાણમાં પાન સંખ્યા હોય છે. સંસ્કૃતના પાઠ્યપુસ્તક માટેની પાના સંખ્યા અભ્યાસક્રમના મુદ્દાને પૂરતો ન્યાય મળે તે અનુસાર હોવી જોઈએ. આ બાબતમાં સમિતિની સૂચનાને પણ અનુસરવામાં આવે છે.

(7) કિંમત : આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને પણ પુસ્તક ખરીદવું પરવડે તેટલી કિંમત પાઠયપુસ્તકની હોવી જોઈએ, જેથી બધા જ વિદ્યાર્થીઓ પુસ્તક ખરીદી શકે.

∆ આંતરિક લક્ષણો :

(1) વિષયવસ્તુ : હાલમાં સંસ્કૃત વિષય ધોરણ 6 થી ભણવાનો શરૂ થાય છે. છતાં આ આધારને પૂરતો ન ગણતા ધોરણ 8 થી જ સંસ્કૃત વિષય ભણવાની ખરી શરૂઆત થાય છે. આથી એક નવી જ ભાષા ભણવાનો અનુભવ માધ્યમિક શાળાના પ્રવેશ સાથે થાય છે. જ્યારે એક નવી ભાષા શીખવાની આવે ત્યારે તેના વિષયવસ્તુની રજૂઆત સરળથી કઠિન તરફ થાય તે ઈષ્ટ છે. આ ઉપરાંત ભાષા વ્યાકરણ પ્રધાન હોઈને જરૂરી વ્યાકરણને ધ્યાનમાં રાખી વિષયવસ્તુની ગોઠવણી કરવી જોઈએ. શરૂઆતમાં વ્યાકરણનો ભાર ન રાખતાં આડકતરી રીતે ભાષા દ્વારા વ્યાકરણની જાણકારી મળે તેવું કરવું જોઈએ. વિદ્યાર્થી સંસ્કૃત શીખતાં એક નવી ભાષા શીખવાનો ભાર ન અનુભવે તે જોવું જોઈએ. વ્યાવહારિક વિષયવસ્તુવાળા એકમો, સરળ સુભાષિતો વગેરેનો સમાવેશ કરવો જોઈએ. ગદ્ય-પદ્ય વ્યાકરણ બધાનો સપ્રમાણ સમાવેશ થાય તે જોવું રહ્યું. વિષયવસ્તુની પસંદગી વખતે તેજસ્વી, મધ્યમ અને મંદ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

વિદ્યાર્થીઓની કાળજી રાખીને વિદ્યાર્થીઓની વયકક્ષાને ધ્યાનમાં રાખીને વિષયવસ્તુની પસંદગી તથા રજૂઆત થાય તે ખૂબ જ જરૂરી છે.

(2) ભાષા : પાઠયપુસ્તકની ભાષા વિદ્યાર્થીઓની વયકક્ષાનુસાર હોય તે આવશ્યક છે. માધ્યમિક કક્ષાએ સંસ્કૃત ભાષાના પરિચય માટે શિક્ષણ થાય છે. આથી સરળ સંસ્કૃત ભાષામાં લખાયેલું હોવું જોઈએ. ભાષા સ્પષ્ટ હોવી જોઈએ. વૈદિક સંસ્કૃતનો માત્ર પરિચય પૂરતો ઉપયોગ ઉચિત છે. વ્યાકરણની બાબતમાં દરેક નિયમ, ખ્યાલ કે સિદ્ધાંત સ્પષ્ટ અને સરળ ભાષામાં આપવામાં આવેલ હોવો જોઈએ.

(3) ચિત્રો : અર્થબોધ માટે ચિત્રો અગત્યનું કાર્ય કરે છે. શિક્ષક પક્ષે મહેનત ઘણી ઓછી થઈ જાય છે. આથી વિદ્યાર્થીની વયકક્ષા અને વિષયની નવીનતાને ધ્યાનમાં લઈ ચિત્રો મૂકવામાં આવે તો વિદ્યાર્થીઓને વિષયવસ્તુ ગ્રહણ કરવામાં સરળતા રહે. આથી જે ચિત્રો મૂકવામાં આવે તે વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને મૂકવાં જોઈએ. ચિત્રોની બહુલતા કે ઉપયોગિતા વિનાનાં ચિત્રો મૂકવા જોઈએ નહિ. ચિત્રોની પસંદગીમાં ગુણવત્તાનું ધ્યાન રખાવું આવશ્યક છે.

(4) કોઠાઓ : વ્યાકરણના મુદ્દાઓની રજૂઆત માટે કેટલાક કોઠાઓ ખૂબ જ મહત્ત્વના બની રહે છે. કોઠાની મદદથી વ્યાકરણની લાઘવયુક્ત સમજૂતી રજૂ કરી શકાય છે. સમજ વધુ સ્પષ્ટ રીતે આપી શકાય છે. ધો.8 માં વર્ણપટ, વિભક્તિ ચક્ર વગેરેના કોઠા ઇચ્છનીય છે.

(5) અનુબંધ : પાઠયપુસ્તકમાં રજૂ થયેલ એકમો વચ્ચે અનુબંધ હોવો જરૂરી છે. ખાસ કરીને વ્યાકરણના પાઠોની રજૂઆતમાં આગળ-પાછળના પ્રકરણમાં અનુબંધ હોવો ખૂબ જ જરૂરી છે. ગદ્ય-પદ્યના પાઠો વચ્ચે પણ અનુબંધની ખૂબ જરૂર છે. પાઠયપુસ્તક ગમે તેમ ગોઠવાયેલ એકમોનો સંગ્રહ નથી. તેનાથી હેતુઓ અપેક્ષા પ્રમાણે સિદ્ધ કરી શકાતા નથી. આથી રજૂઆત અનુબંધની સભાનતા કેળવી થવી જોઈએ.

(6) એકમ વિભાજન : એકમ વિભાજનમાં ઔચિત્યનો ખ્યાલ રાખવો અનિવાર્ય છે. ખૂબ જ લાંબા એકમ અથવા એકદમ ટૂંકા એકમો અનિવાર્ય નથી. એકમોની રજૂઆત સપ્રમાણ હોવી જોઈએ. વિષયવસ્તુની મહત્તા પ્રમાણે એકમ વિભાજન કરવામાં આવે તે જરૂરી છે. અતિ લાંબા એકમ કંટાળો ઉપજાવે છે. અતિટૂંકા એકમથી રસભંગ થાય છે. આથી એકમનું વિભાજન વિષયવસ્તુ વિદ્યાર્થીની કક્ષા વગેરેને ધ્યાનમાં રાખી યોગ્ય લંબાઈથી થવું જરૂરી છે.

(7) સ્વાધ્યાય : દરેક એકમને અંતે જે-તે એકમના હાર્દને ધ્યાનમાં રાખી સ્વાધ્યાયની રચના કરવી જોઈએ. સ્વાધ્યાય શિક્ષણના દૃઢીકરણ માટે જરૂરી છે. આથી એકમના અંતે વિદ્યાર્થીઓને સ્વાધ્યાય મળે તે જરૂરી છે. સ્વાધ્યાય વૈવિધ્યપૂર્ણ હોય તે જરૂરી છે. તેનાથી વિદ્યાર્થીઓને સ્વ-અધ્યયનની પ્રેરણા મળે તેમજ સ્વતંત્ર રીતે કાર્ય કરી શકે તેવું હોવું જોઈએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

(8) રજૂઆત : પ્રત્યેક એકમની રજૂઆતમાં સરળતા કેન્દ્રસ્થાને હોવી જોઇએ. વિષયવસ્તુ, સ્વાધ્યાય, વ્યાકરણ વગેરેની રજૂઆતમાં, વિદ્યાર્થીઓની વય, કક્ષા, રસ-રુચિ ધ્યાનમાં રાખવી જોઇએ. રજૂઆત અનુબંધ સાથે સરળ હોવી જોઇએ. રજૂઆત અસરકારક હશે તો પાઠ્યપુસ્તક છાત્ર ભોગ્ય બની શકશે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT